Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૩૧
તા.૦૯-૦૧-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૪ સૂર્યાસ્ત : ૦૬:૧૦

તાપમાન
ડીસા ૯.૪
અમદાવાદ ૧૦.૪
ગાંધીનગર ૯.૫
વડોદરા ૧૧
સુરત ૧૩.૮
નલિયા ૮.૫

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૦,૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

રાજયની ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર

ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચારસંહિતા અમલી : ચોથી ફેબ્રુઆરીના દિવસે મતદાન : છઠ્ઠી ફેબ્રુઆરીએ મતગણતરી થશે : રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ જાહેર

અમદાવાદ

મુદ્દત પુરી થતી હોય તેમજ વિભાજનવાળી અંદાજિત ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ રાજકીય પક્ષોમાં ફરી એકવાર ઉત્સુકતા વધી ગઈ છે. ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ૮મી જાન્યુઆરીથી જ આદર્શ ચૂંટણી આચારસંહિતા અમલી કરી દેવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં સરપંચ તથા સભ્યોની ચૂંટણી યોજાશે. સાથે સાથે જે ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થવામાં એક વર્ષ કરતા વધુ સમય બાકી હોય તેમાં પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. મધ્યસત્ર ચૂંટણીવાળી ગ્રામ પંચાયતોની ચૂંટણી પણ યોજાશે. ગ્રામ પંચાયતની ચૂંટણીના જાહેરનામામાં બહાર પાડવામાં આવનાર છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચોથી ફેબ્રુઆરીએ મતદાન યોજાશે જ્યારે મતગણતરીની તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી રાખવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આજે જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આચાર સંહિતા વિધિવતરીતે અમલી કરી દેવામાં આવી છે. ચૂંટણીમાં મેદાનમાં ઉતરવા ઈચ્છુક ઉમેદવારને ઉમેદવારી પત્ર સાથે પોતાના ગુનાહિત ઈતિહાસ શૈક્ષણિક લાયકાત, મિલકત અને દેવા જેવી બાબતો અંગેની માહિતી એકરારનામા સાથે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે. ચૂંટણીમાં મતદાન સમયે મતદારે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા ઓળખપત્ર રજૂ કરવાના રહેશે. ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ ૨૨મી જાન્યુઆરી રાખવામાં આવી છે. ચૂંટણી માટેનું જાહેરનામુ ૧૫મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવનાર છે.

અનુસંધાન પાના નં.૬

વિસ્તૃત ચૂંટણી કાર્યક્રમ...

- ચૂંટણીની જાહેરાતની તારીખ ૮ મી જાન્યુઆરી રહી
- ૧૫મી જાન્યુઆરીના દિવસે જાહેરનામુ જારી કરાશે
- ૨૦મી જાન્યુઆરી ઉમેદવારીપત્રો સ્વીકારવાની અંતિમ તારીખ રહેશે
- ૨૨મી જાન્યુઆરી ઉમેદવારીપત્ર ચકાસવાની તારીખ રહેશે
- ૨૩મી જાન્યુઆરી ઉમેદવારીપત્ર પરત ખેંચવાની તારીખ રહેશે
- ચોથી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે
- મતદાનનો સમય સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધી રહેશે
- ઈવીએમ મારફતે મતદાન થશે
- જરૂર પડશે તો પાંચમી ફેબ્રુઆરીએ ફેર મતદાન થશે
- છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે મતગણતરી શરૂ કરાશે

ક્યાં ક્યાં ચૂંટણી યોજાશે

અમદાવાદ

મુદ્દત પુરી થતી હોય તેમજ વિભાજનવાળી અંદાજિત ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો હતો. ચોથી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય, વિભાજનવાળી ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે. આની સાથે જ રાજકીય પક્ષોમાં ફરી એકવાર ઉત્સુકતા વધી ગઈ છે. ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વિગતનું પત્રક નીચે મુજબ છે.

અમદાવાદ	૨૨	પંચમહાલ	૩૧
અમરેલી	૩૮	પાટણ	૧૬
આણંદ	૧૨૫	પોરબંદર	૦૯
બનાસકાંઠા	૦૯	રાજકોટ	૨૨
ભરૂચ	૧૯	સુરેન્દ્રનગર	૧૦
ભાવનગર	૧૨૮	સાબરકાંઠા	૭૧
ડાંગ	૦૦	સુરત	૦૪
દાહોદ	૪૦	તાપી	૧૪
ગાંધીનગર	૧૦	વડોદરા	૧૯૦
જામનગર	૨૨૬	વલસાડ	૧૩
ખેડા	૦૯	અરવલ્લી	૬૮
જૂનાગઢ	૨૬	મહિસાગર	૧૮
કચ્છ	૬૮	છોટાઉદેપુર	૪૯
મહેસાણા	૬૮	મોરબી	૧૬
નર્મદા	૦૮	દેવભૂમિ દ્વારકા	૬૮
નવસારી	૩૭	બોટાદ	૩૫

વિચાર વૈભવ..

કોફીમાં પીગળતો સુગરક્યુબ

આલ્ડસ હક્સ્લીએ ક્યાંક પશ્ચિમની સ્ત્રીઓની વાત કરી છે. એક જમાનામાં પશ્ચિમની સ્ત્રીઓ વારંવાર સ્નાન નહોતી કરતી, કારણ કે પોતાની જ નગ્ન કાયા જોવા સાથે પણ નીતિ જોડાઈ હતી. આવાં નીતિમત્તાનાં ધોરણોને જ સફેદ બાથટબની શોધ પાછળ ઠેલાઈ ગયેલી.

ચીનમાં ફર્નિચરની રચનામાં સગવડનો વિચાર જ કરવામાં નહોતો આવતો કારણ કે કન્ફ્યુશિયસના વિચારોનો જબરો પ્રભાવ હતો. ટટ્ટાર બેસવાનું મૂલ્ય એટલું તો ઊંડા મૂળ ઘાલી ગયેલું કે, ચીનનું રેડવુડ ફર્નિચર એ ઢબે જ બનતું. ચીનના સમ્રાટોની ગાદીની રચના એવી હતી કે આપણે બેસીએ તો દસ મિનિટમાં થાકી જઈએ. ગાંધીજી પણ નેવું અંશને ખૂણે લાકડાનો પાટલો ગોઠવીને ટટ્ટાર બેસવાનું રાખતા. એ સહેજ નમેલો રહે તે પણ એમને મંજૂર ન હતું.

કિલઓપેટ્રા મજાના સુંવાળા પલંગ પર આળોટતી. ક્યાંક જવું હોય તો એ પલંગને કિલઓપેટ્રા સહિત નોકરો ઉપાડતા. લિન યુટાંગ કહે છે કે કિલઓપેટ્રા અને કન્ફ્યુશિયસ એકબીજાંને મળ્યાં હોત તો! ચીનમાં એ જમાનામાં કોઈ મોટા અમલદારની હાજરીમાં માનની નિશાની તરીકે ખુરશીની ધાર પર ટટ્ટાર `બેસવાનો રિવાજ હતો. કન્ફ્યુશિયસના જમાનામાં ઊંચે પગે કે ઊભડા બેસવાનું બીભત્સ ગણાતું.

આપણે સહજ ક્યારે બનીશું! કોફીના કપમાં પીગળતાં સુગરક્યુબની માફક આપણો 'સ્વ' રોજ ખતમ થતો રહે છે. જો કોઈ મારી નિંદા કરીને મારા મારા ચિત્ત તંત્રને દિવસો સુધી વ્યાકુળ કરી શકે તો હું સ્વતંત્ર કેવી રીતે! જાતિ, કુટુંબ, સમાજ, ધર્મ અને નીતિને નામે આપણો 'સ્વ' અને આપણું 'સ્વ-રાજ્ય' ખતમ થતાં રહે છે. દરેક માણસના અંતરના ઊંડાણમાં એક તરસ હોય છે. એ છે, 'સ્વ- રાજ્ય' ની તરસ. આપણે લગભગ એક ગુલામની માફક વર્તીએ છીએ. આપણા કહેવાતા સુખની લગામ તો બીજાઓના હાથમાં હોય છે. સ્કિનરે મીર્અહક્ક ફ્રૈક્ષહૈઅ ટ્રહક્ક હ્લીર્ટ્ટ્વ્દ્ધ પુસ્તક લખીને અમેરિકામાં ખળભળાટ મચાવી દીધો હતો. 'સ્વ' ને પામ્યા વગર 'સ્વ- રાજ્ય' ક્યાંથી મળે ?

ગુણવંત શાહ

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં : મૃતાંક વધી ૧૨૫ થયો

નવી દિલ્હી

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી યથાવત રીતે જારી રહ છે. પારો મોટા ભાગના રાજ્યોમાં નીચી સપાટી પર પહોંચી ગયો છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન સહિત જુદા જુદા રાજ્યોમાં ઠંડીના કારણે મોતનો આંકડો વધીને હવે ૧૨૫ ઉપર પહોંચી ગયો છે.જનજીવન સંપૂર્ણ પણે ઠપ થયેલુ છે. મોટી સંખ્યામાં ટ્રેનો રદ કરવામાં આવતા યાત્રીઓને સ્ટેશન પર રાત્રી ગાળવાની ફરજ પડી રહી છે. દિલ્હી અને એનસીઆરમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. લડાખના લેહમાં તાપમાન માઈનસ ૧૬.૮ નોંધાયું છે. બીજી બાજુ અમરનાથ ગુફા તરફ દોરી જતા યાત્રા માર્ગના બેઝકેમ્પ પર પહેલ ગામમાં પારો માઈનસ ૮.૯ ડિગ્રી થયો છે. ગુલમાર્ગમાં માઈનસ ૧૦.૬ થોય છે. આવી જ રીતે કુંપવારા માઈનસ ૫.૫ તાપમાન થયું છે. કાશ્મીર હાલમાં ૪૦ દિવસના સૌથી ઠંડીના ગાળા ચિલાઈ કાલનમાંથી પસાર થઈ રહ્યું છે. આ ગાળો ૩૧મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થશે. બીજી બાજુ મેદાનની ભાગોમાં પણ હાલત કફોડી છે. હરિયાણાના નારનોલમાં ૦.૫ ડિગ્રી તાપમાન થયું છે. સ્કૂલ કોલેજોને બંધ રાખવાની ફરજ પડી છે.

અનેક વિસ્તારોમાં પારો ૧૦ થી પણ નીચે : ડીસા ૯.૪ ડીગ્રી

ગુજરાતભરમાં ઠંડીનો તીવ્ર ચમકારો હજુ અકબંધ

અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૦.૪, નલિયામાં પારો ગગડીને ૮.૫ થયો

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતભરમાં પણ હાલમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ઠંડીથી કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. અલબત્ત તંત્ર તરફથી કોલ્ડવેવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી પરંતુ રાજ્યના અનેક વિસ્તારોમાં પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો છે. નલિયામાં આજે પારો ૮.૫ થયો હતો. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૦.૪ ડિગ્રી થયું હતુ. જ્યારે ગાંધીનગરમાં ૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. નલિયામાં ૮.૫, ડિસામાં ૯.૪, વડોદરામાં ૧૧, વલસાડમાં ૯.૧ સુધી પારો પહોંચી ગયો હતો. અમરેલીમાં

અનુસંધાન પાના નં.૬

બેંગલોરના એક રેસ્ટોરન્ટમાં ભીષણ આગ : પાંચના મોત

બેંગલોર

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં આગની બે ઘટનાઓ બન્યા બાદ આજે સવારે આઈટી શહેર બેંગલોરમાં વિનાશક આગ ફાટી નિકળી હતી. વહેલી સવારે શહેરના શાક માર્કેટમાં આ આગ લાગ હત. જેમાં પાંચ લોકોના મોત થઈ ગયા હતા. પોલીસે કહ્યુ છે કે આગની ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. શબ્જી મંડી વિસ્તારન કુમ્બારા સંઘ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફલોરમાં સ્થિત કૈલાશ બાર અને રેસ્ટોરન્ટમાં સવારે આગ ફાટી નિકળી હતી. આ આગના કારણે અંદર ઉંઘી રહેલા રેસ્ટોરન્ટના પાંચ લોકોના મોત થયા હતા. તમામ મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૬

ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર મહાત્મા મંદિર ખાતે મળશે

ગાંધીનગર

રાજ્યમાં નવરચીત ૧૪ મી વિધાનસભાનું પ્રથમ સત્ર મહાત્મા મંદિર ખાતે મળશે. અને આ અંગે વિધાનસભા સચિવાલય દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

ત્રણ દિવસ ચાલનાર આ વિધાનસભાના વિશેષ સત્ર દરમિયાન નવા ચૂંટાઈને આવેલા સભ્યોની શપથ વિધિ યોજાશે જેમાં પ્રોટ્રોમ સ્પીકર પહેલા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષો અને ઉપાધ્યક્ષો તેમજ ઉપક્ષી નેતાને શપથ લેવડાવશે. ત્યારબાદ રાજ્યમંત્રી મંડળના સભ્યો અને પછી વિધાનસભા બેઠક ક્રમાંકના આધારે સભ્યોની શપથ વિધી યોજાશે

બીજા દિવસે વિધાન સભાના અધ્યક્ષની ચૂંટણી યોજવામાં આવશે. જેમાં જરૂર જણાયે મતદાન પણ કરાવાશે અને આ પ્રક્રિયા બાદ નવા વરાયેલા અધ્યક્ષને મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી અને ઉપક્ષી નેતા તેમના સ્થાન સુધી દોરીને અધ્યક્ષનો પદભાર સંભાળવા લઈ જશે. અને ત્યારબાદ નવા અધ્યક્ષ વિધાન સભાનો કાર્યભાર સંભાળશે. ત્રીજા દિવસે બાકી રહેલ સભ્યોની શપથવિધી બાદ ગૃહનું કામકાજ અનિશ્ચિત સમય સુધી મુલત્વી રાખવાની જાહેરાત કરશે.

વિધાનસભાના આ સત્ર પૂર્વે રાજ્યના રાજ્યપાલશ્રી દ્વારા પોટ્રોમ સ્પીકરની નિયુક્તી કરી અને તેમના શપથ લેવડાવશે. આ પછી પ્રોટ્રોમ

અનુસંધાન પાના નં.૬

અંતિમ પૂર્ણ બજેટમાં મધ્યમ વર્ગને મોટી રાહતો આપવા સરકાર સજ્જ

ટેક્સમાં છુટછાટ, આરોગ્ય વિમા પર વધારાના લાભ અને એફડી પર વધારે વ્યાજની જાહેરાત થઇ શકે : સ્ટોક માર્કેટને લઇને પણ ખાસ જાહેરાત કરાશે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા પોતાના અંતિમ પૂર્ણ બજેટમાં મધ્યમવર્ગને શ્રેણીબદ્ધ રાહતો આપવા માટે કમરકસી લીધી છે. ચૂંટણી મેદાનમાં ઉતરતા પહેલા સરકાર મધ્યમવર્ગને ખુશ કરવાના પ્રયાસમાં છે. ટેક્સમાં મોટી રાહત સરકાર આપી શકે છે. મધ્યમવર્ગને ભાજપના સૌથી મોટા આધાર તરીકે ગણવામાં આવે છે. બજેટને લઈને સરકાર વચ્ચે ચર્ચાઓનો દોર શરૂ થઈ ચુક્યો છે. સરકાર અને પાર્ટીના એક મોટા વર્ગનું કહેવું છે કે, બજેટમાં મિડલ ક્લાસના લોકોને ધ્યાનમાં લેવામાં આવે તે ખુબ જ જરૂરી છે. સરકારમાં ટેક્સ છુટછાટ, હેલ્થ ઈન્સ્યોરન્સ પર વધારે લાભ, એફડી પર વધારે વ્યાજની જાહેરાત કરવામાં આવી શકે છે. છેલ્લા કેટલાક મહિનામાં સેંસેક્સમાં ઉછાળો અને મ્યુચ્યુઅલ ફંડના રિટર્નમાં વધારો થવાના પરિણામ સ્વરુપે આ સરકારી મૂડીરોકાણ યોજનાઓનું આકર્ષણ ઘટી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસમાં નાણામંત્રી અરુણ જેટલીએ પણ કહ્યું છે કે, સરકાર લોકોની પાસે વધારે ફંડ છોડવા પર વિશ્વાસ કરે ચે જેથી લોકો વધુને વધુ ખર્ચ અને રોકાણ કરી શકે. અલબત્ત કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો અને જીએસટીના પરિણામ સ્વરુપે રેવેન્યુ ઘટવાના લીધે સરકારને લોકોને રાહત આપવા માટે સંશાધનો શોધવા પડશે. સુત્રોનું કહેવું છેકે, સરકારના એક વર્ગના લોકો સ્ટોક માર્કેટ ટ્રાન્ઝિક્શન પર લોંગ ટર્મ કેપિટલ ગેઈનને વધારવાની તરફેણ કરી છે. પાંચ લાખ રૂપિયા સુધીના ટ્રાન્ઝેક્શન પર આ

અનુસંધાન પાના નં.૬

ધાનેરાના ખીમત નજીક ડમ્પર અને જીપ વચ્ચે અકસ્માત : ત્રણના મોત

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ખીંમત પાસે ડમ્પર અને જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે ત્રણના મોત નિપજ્યા હતા. બનાવને પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

બનાસકાંઠા માં અકસ્માતોના બનાવોમાં દિન પ્રતિદિન વધી રહ્યા છે. બેફામ અને પુર ઝડપે હંકારી રહેલા મોટા વાહન ચાલકો દ્વારા ગફલતભરી રીતે વાહન હંકારતાં નિર્દોશ લોકોની જીંદગી હોમાઈ જાય છે. ત્યારે ગતરોજ મોડી રાત્રે ધાનેરા તાલુકાના ખીંમત ગામ પાસે ડમ્પર અને જીપ ચાલક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બનાવના પગલે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે અકસ્માતમાં ત્રણ લોકો મોતને ભેટ્યા હતા. જોકે મળતી માહિતી અનુસાર ત્રણે મૃતકો બાપલા ગામના હોવાનું જાણવા મળ્યું હતું.

બંધારણીય પીઠ દ્વારા મામલાની સુનાવણી કરાશે

કલમ ૩૭૭ ની સમીક્ષા કરવા માટે સુપ્રીમ કોર્ટ તૈયાર

સમગ્ર મામલામાં અરજીદારોની અરજી ઉપર સુનાવણી થઇ : જવાબ આપવા કેન્દ્ર સરકારને પણ આદેશ કરાયો

નવીદિલ્હી

સજાતિય અધિકારોના પક્ષમાં ઉભેલા લોકો માટે સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટે રાહત આપી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કલમ ૩૭૭ પર પોતાના ચુકાદા પર ફરીથી વિચારણા કરવા માટેની તૈયારી દર્શાવી છે. અત્રે નોંધનીય છે કે, દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને ફેરવીને સુપ્રીમ કોર્ટે ૨૦૧૩માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેમાં સુપ્રીમ કોર્ટે સજાતિય લોકોના શારીરિક સંબંધોને ગેરકાયદે ઠેરવ્યા હતા. સુપ્રીમ કોર્ટની ત્રણ જજની બેંકે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યું હતું કે, બંધારણીય પીઠ આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ સજાતિય સંબંધોને અપરાધ તરીકે ગણવા અંગેના ચુકાદા પર ફેરવિચારણા કરશે. સુપ્રીમ કોર્ટે પાંચ એલજીબીટી સમુદાયના લોકો તરફથી દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરતી વેળા કેન્દ્ર સરકારને પણ આ મુદ્દે જવાબ આપવા માટે કહ્યું છે. અરજી કરનાર લોકોનું કહેવું છે કે, પોતાની સજાતિય ઓળખના કારણે તેમને ભયના માહોલમાં રહેવાની ફરજ પડે છે. સુપ્રીમ કોર્ટના ૨૦૧૩ના ચુકાદા ઉપર ક્યુરેટિવ અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં બંધારણીય અધિકારોને હવાલો આપવામાં આવ્યો હતો. પૂર્વ કેન્દ્રિયમંત્રી કપિલ સિબ્બલ અરજી કરનારના આ મામલામાં વકીલ તરીકે હતા. આ મામલામાં ૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટે સજાતિય બાબતોને અપરાધના વર્ગમાંથી દૂર કરવાનો ચુકાદો આપ્યો હતો. કેન્દ્ર સરકારે આના ઉપર અરજી દાખલ કર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી.

ત્યારપછી ડિસેમ્બર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેમાં હાઈકોર્ટના ચુકાદાને ઉથલાવી દેવામાં આવ્યો હતો અને સજાતિય સંબંધોને આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ અપરાધ ઠેરવવાની વાત કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, દેશભરમાં હાલ અનેક સંગઠન છે જે સજાતિય લોકોને સમાન અધિકાર અને ગૌરવ સાથે જીવન જીવવા માટેના અધિકાર માટે કામ કરે છે.

૬૦ થી વધુ નાની મોટી ફિલ્મોમાં ભૂમિકા ભજવી

લગાન ફિલ્મના અભિનેતા વલ્લભ વ્યાસનું નિધન

સરફરોઝ, ૧૯૨૦, શુલ જેવી ફિલ્મોમાં ભૂમિકા ભજવી

મુંબઈ

બોલીવુડની બ્લોકબસ્ટર ફિલ્મ લગાન અને સરફરોઝમાં પોતાની અભિનય કુશળતા દર્શાવનાર અભિનેતા શ્રી વલ્લભ વ્યાસનું અવસાન થયું છે. મોડેથી તેમનું અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું હતું., ૨૦૦૮માં પેરાલિસીસ નો એટેક થયા બાદ તે જુદી જુદી બિમારીથી ગ્રસ્ત હતા. વ્યાસ પોતાની પાછળ પત્નિ શોભા અને બે પુત્રીને છોડીને ગયા છે. લાંબી બિમારી બાદ ૬૦ વર્ષીય અભિનેતાએ જયપુરમાં અંતિમ શ્વાસ લીધા હતા. વ્યાસે લાંબા સમય સુધી થિયેટરમાં કામ કર્યું હતું. સરફરોઝ અને લગાનમાં તેમની ભૂમિકા નાની હતી પરંતુ દર્શકો પર તેની અસર થઈ હતી. ૧૯૯૯માં રજૂ થયેલી સરફરોઝ ફિલ્મમાં વ્યાસે આઈએસઆઈના મેજર આલમબેગની ભૂમિકા અદા કરી હતી.

આમિર ખાનના લીડ રોલવાળી લગાન ફિલ્મમાં તે ગ્રામ્ય ટીમમાં હિસ્સા તરીકે રહ્યો હતો. આ ફિલ્મમાં તે ઈશ્વરકાકાના રોલમાં નજરે પડ્યો હતો. ૧૯૯૩માં રજૂ થયેલી સરદાર ફિલ્મમાં પણ ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં તે પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણાના રોલમાં નજરે પડ્યા

અનુસંધાન પાના નં.૬

ગતકડું....

- દેવન વ્યાસ



તમે ભલે બહાર ભાષણ આપતા હો, ઘરમાં તો તમારે મારૂં જ ભાષણ સાંભળવું જ પડશે...!!

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સૂર્યોદય - ૭.૨૪ સૂર્યાસ્ત - ૬.૧૦

તિથિદર્શન

પોષ વદ-૮ મંગળવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ : આઠમ મંગળવાર નક્ષત્ર:ચિત્રા રાત્રે ૨૭.૦૫ પછી સ્વાતી યોગ : સુકર્મા કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) બપોરે ૨.૨૨ પછી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

નોચ્છિષ્ટં કસ્યચિત્ત દધાત ન અદ્યાએવં તથાન્તરા ન
ચેવાત્યશનં કૃયાન્ન ચોચ્છિષ્ટં ક્વચિત વ્રજેત

આ શ્લોકમાં 'ભોજન' માટેની 'મેનર્સ' રીતભાત સમજાવવામાં આવી છેઃ 'ભોજન કર્યા પછી કોઈએ 'છાંટણ' મૂકવું નહીં (પોતાની ખાવાની શક્તિથી વધારે લીધેલા પ્રમાણને થાળીમાં બાકી રાખી અનાજનો બગાડ કરવો એટલે છાંટણ.). બે ભોજન, સવાર - સાંજ, વચ્ચે ત્રીજીવાર ખાવું નહીં. વળી, ભૂખ અને પાચનશક્તિથી વિશેષ પેટમાં ઠાંસ ઠાંસ કરી પેટ ભરવું નહીં, અને ભોજન છોડીને વચ્ચેથી ઊઠી જવું નહી. અનાજ કીમતી છે. આપણે ઘેર તો ખૂબ સાચવીને રસોઈ બનાવીએ છીએ અને જરૂર પૂરતું જ થાળીમાં લઈએ છીએ પણ નાતવરો કે ભોજનપાર્ટીમાં બૂફેમાં ખાવા- પીવાની મર્યાદા છોડી અજાણી- નવી- ન ભાવતી વસ્તુ- વાનગી લઈ અનાજનો બગાડ કરીએ છીએ. ઘણાં લોકોને ભૂખ ન હોય તો પણ નાસ્તા ખાવાનું જોઈ પેટમાં 'નાખ- નાખ'ની વૃત્તિ હોય છે. આ બીમાર પડવાનો ઉપાય છે. પેટને અને પાચનશક્તિ પૂછીને જ ખાવું જોઈએ. આપણાં શાસ્ત્રોએ પણ ખાવા- પીવાનાં વિધિવિધાન કહ્યાં જ છે, આયુર્વેદમાં પણ કઈ વાનગી ક્યારે ખાવી- ન ખાવી, કઈ વસ્તુ કોની સાથે ન ખાવી એ બધા નિયમો છે પણ હવે 'પ્રિઝર્વ' ની સવલતને કારણે બારેમાસ ભક્ષ્યાભક્ષ્ય ખાવાનું ચાલુ જ હોય છે.

ભોજન પણ એક પ્રકારનો ક્રિયાકાંડ છે, તેના વિધિવિધાન જાણી લેવાં ખૂબ જ જરૂરી- મહત્વનાં છે.

સુરેશ પ્રા.ભટ્ટ

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.

વૃષભ : (બ.વ.ઉ.) નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.

મિથુન : (ક.છ.ઘ.)જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.

કર્ક : (ડ.હ.) મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.

સિંહ : (મ.ટ.) જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.

કન્યા : (પ.ઠ.ણ.) ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.

તુલા : (ર.ત.) મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.

વૃશ્ચિક : (ન.ય.) સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.

ધન : (ભ.ફ.ધ.) આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.

મકર : (ખ.જ.)નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.

કુંભ : (ગ.શ.સ.) ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.

મીન : (દ.ચ.જ.થ.)નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

આનુવંશિકતાના સંકેતોની સરળ,સાર્થક,અણુ સંરચનાની મૂલક વ્યાખ્યા પ્રસ્તુત કરવા માટે જે ત્રણ અમેરિકનોને ૧૯૬૮ ની સાલનું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું તેમાના એક ડો. હરિગોવિંદ ખોરાના અમેરિકન નાગરીક હોવા છતાં અસલમાં તો ભારતીય છે, એમની જન્મજયંતિ છે.

એમનો જન્મ રામપુરના એક પટવારી કુંટુંબમાં તા.૯-૧-૧૯૨૨ના રોજ થયો હતો.

જીવરસાયણ ક્ષેત્રે સર્જનાત્મક વિચારશક્તિ માટે નોબેલ પારિતોષિક મેળવનાર તે પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક છે.

જગતના અનેક દેશોએ એમનું બહુમાન કર્યું છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૦૯.૦૧.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૭૦૭ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

તા. ૦૮.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૨૬ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૯૩ પોઈન્ટ થી ૧૦૫૬૦ પોઈન્ટ, ૧૦૫૪૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૦૮.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૭૨૦ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૮૮૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૦૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૬૪૦ પોઈન્ટ થી ૨૫૫૮૦ પોઈન્ટ, ૨૫૫૦૫ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ઇન્ફોસિસ (૧૦૩૬) :- ટેક્નોલોજી ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૦૦૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૦૫૩ થી રૂ.૧૦૬૦ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૦૬૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

HCL ટેક્નોલોજી (૯૦૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૮૬૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૧૯ થી રૂ. ૯૨૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

બાયોકોન લિમિટેડ (૫૫૭) :- રૂ.૫૩૭ નો પ્રથમ તેમજ રૂ.૫૩૦ ના બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૭૩ થી રૂ.૫૮૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન (૩૮૮) :- PSU ઓઇલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૯૬ થી રૂ.૪૦૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

યસ બેન્ક (૩૩૪) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૧૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૪૬ થી રૂ.૩૫૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૪૪૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૪૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૪૨૪ થી રૂ.૧૪૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૬૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

લ્યુપિન લિમિટેડ (૯૨૩) :- રૂ.૯૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૫૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ. ૯૦૯ થી રૂ.૯૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૫૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

સન ફાર્મા (૫૯૩) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૧૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૮૦ થી રૂ. ૫૭૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

રિલાયન્સ ઇન્ફ્રા (૫૮૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૯૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૬૭ થી રૂ.૫૬૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૯૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

ભારત પેટ્રો (૪૯૬) :- રૂ.૫૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૯ ના સ્ટોપલોસે વેચવાલાયક PSU ઓઇલ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૮૦ થી રૂ.૪૭૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

ડીસા કોલેજના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓએ પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી

ભરત સુંદેશા

ડીસા

તા.૮/૧/૨૦૧૮, ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ગુજરાતી વિભાગના પ્રો.તૃપ્તીબેન અને પ્રો.ક્રિષ્નાબેનના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ મણિબા ગ્રંથાલય ખાતે યોજાયેલ પુસ્તક મેળાની મુલાકાત લીધી હતી. પુસ્તક મેળામાં પ્રકૃતિ પ્રેમી તથા વાંચન પ્રેમી એવા ડો.નવિન કાકા તેમજ કોલેજના કેમ્પસ નિયામક છગનભાઈ પટેલ તેમજ પ્રિન્સિપાલ ડો.અમૃતભાઈ પી.પટેલે વિદ્યાર્થીઓને જીવનમાં તેમજ કારકિર્દીમાં ઉપયોગ એવા પુસ્તકો વિશે માહિતીગાર કર્યા હતા.

વડગામ તાલુકામાં ગૌસ્વામી સમાજના શિવરથનું પરિભ્રમણ

પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

ગૌસ્વામી સમાજમાં શિક્ષણ અને સમાજ વિકાસ અર્થે તાજેતરમાં સૌરાષ્ટ્રના સોમનાથથી શીવરથનું પ્રસ્થાન થયુ હતું. દરમિયાન તા. ૬ ઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ ધાન્ધારના વડગામ નજીક આવેલ વરસડા ગામે શિવરથનું આગમન થતાં ગ્રામજનો અને ગૌસ્વામી સમાજ દ્વારા ભવ્ય સામૈયું કર્યુ હતુ, વરસડા ગામના ચૌધરી સમાજ તથા અન્ય સમાજો દ્વારા રથમાં આવેલ મહેમાનોને ભોજન પ્રસાદી પીરસવામાં આવી હતી. તથા ગામમાંથી રોકડભેટનો ફાળો આપવામાં આવ્યો હતો. શનિવારે દિવસ દરમિયાન વરસડા નગર શિવભક્તિમાં તલ્લીન થયું હતું. રાત્રે ભજન સત્સંગ દ્વારા શિવમહીમાનું વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. અને તા.૭/૧/૨૦૧૮ રવિવારે મગરવાડા - વડગામ - મેરવાડા રતનપુર વગેરે સ્થળોએ શિવરથનું સ્વાગત સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સમાપન દશનામ સમાજ ભવન પાલનપુર ખાતે ચાર જિલ્લાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરાયું હતું.

પાલનપુર - વડગામ તાલુકામાં શિવરથ સ્વાગત સમારંભ સફળ બનાવવા પાલનપુર ચાર જિલ્લા દશનામ ગૌસ્વામી સમાજ અને કારોબારી સભ્યો, યુવક પ્રગતિ મંડળ, સમાજ વિકાસ વગેરે સંગઠનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ભગવતી વિદ્યામંદિર રસાણા ખાતે રમતગમત દિન યોજાયો

ડીસા

ભારત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિદ્યામંદિર રસાણા શાળામાં હોકીના જાદુગર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૯/૧૨/૨૦૧૭ ના રોજ રમત-ગમત દિનની ઉજવણી કરવામાં આવી. આ રમત- ગમત દિનમાં શાળાના ઉત્સાહી વ્યાયામ શિક્ષક હરજીભાઈ એ.પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓની વિવિધ રમતો સંગીતખુરશી, લીંબુ ચમચી, સોયદોરો, કોથળા દોડ, ત્રિપગી દોડ, મટકી ફોડ, બ્રોડ જંમ્પ, બોલ થ્રો, પૈસા શોધ, રસ્સા ખેંચ અને આંતરવર્ગીય ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાંથી શાળા સમગ્ર કર્મચારીગણ દ્વારા નિર્ણાયક કામગીરી કરીને વિવિધ સ્પર્ધામાં ૯૯ જેટલા વિદ્યાર્થીઓને તારવીને શાળાના સમગ્ર સ્ટાફ પરિવાર તરફથી ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ સમગ્ર રમતોત્સવને સફળ બનાવવા સમગ્ર કર્મચારીગણે ખુબ જ જહેમત ઉઠાવી. આમ સમગ્ર રમત-ગમત દિન ખેલદીલીપૂર્વક સમાપન થયો.

શાળાના આચાર્ય એસ.આર.પટેલ દ્વારા મેજર ધ્યાનચંદના જીવનચરિત્ર અને રમત-ગમત ક્ષેત્રે દેશને ગૌરવ અપાવવા બદલ ચર્ચા કરી અને ખેલાડીઓ જીવનમાં પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

થરા પ્રાથમિક શાળા નં - ૨ ની બાળાઓને ગરમ કપડાંનું વિતરણ

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

થરા નગરપાલિકા વિસ્તારની થરા પ્રા.શાળા નં - ૨ તાલુકામાં પ્રથમ હરોળમાં ગણાતી શાળા છે. તાજેતરમાં શાળાના મુખ્ય શિક્ષક પ્રહલાદભાઈ એલ.આચાર્યએ તેમના જન્મદિવસ નિમિત્તે ધોરણ - ૧ (અંગ્રેજી માધ્યમ) ની તમામ બાળાઓને ગરમ સ્વેટરનું વિતરણ કર્યું હતું. આવી સેવાકીય પ્રવૃત્તિ માટે શાળાના સ્ટાફ તેમજ એસ.એમ.સી. તમામ સભ્યોએ આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેમની આ પ્રવૃત્તિ બિરદાવી હતી.

તપોવન સંસ્કાર ધામ નવસારી ખાતે શાસન સ્પન્દન શિબિર યોજાશે

નવસારી

તપોવન- સંસ્કારધામ, નવસારી ખાતે આગામી ૨૦/૨૧ જાન્યુઆરી-૨૦૧૮ ના શુભ દિને પૂ.પં. રાજરક્ષિતવિજય એવં મુનિ નયરક્ષિત વિજય દ્વારા ધર્મલાભ કાર્યક્રમ તથા યુવા મિલન (શાસન સ્પન્દન શિબિર) નું આયોજન કરવામાં આવેલ છે. ગુમરાહ થયેલી યુવા શક્તિને બચાવવા નવી વિચારધારા તેમનામાં જાગૃત કરવાનો આશય છે. આવી અનેક બાબતો પર વિચાર વિમર્શ થનાર છે. પૂ.ગુરુ યુગપ્રધાનાચાર્ય પંન્યાસ પ્રવર ચંદ્રશેખર વિજયજી મ.સા.ના ૫૦ થી વધુ શિષ્યગણની નિશ્રામાં આયોજીત આ મિલન સમારોહમાં ઉપસ્થિત રહેવા અંતરથી આહવાન છે.

ધાનેરા તાલુકાના દેઢા ગામના યુવા શાસ્ત્રીનું જ્યોતીષ પુંજથી સન્માન

પ્રતિનિધિ રવિયા

અખિલ ભારતીય સરસ્વતી જ્યોતિષ મંચ દ્વારા જલંધર (પંજાબ) ખાતે ૫૦ મું જ્યોતિષ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતભરના ૩૨૨ જ્યોતિષોએ ભાગ લીધો હતો. જેમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જ્યોતિષ વિભાગના પ્રધ્યાપક શૈલેષભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ ૩૨ જેટલા વિદ્વાનોએ ભાગ લીધો હતો. ત્યારે ધાનેરા તાલુકાના દેઢા ગામના વતની અને અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલયમાં શાસ્ત્રી દિપકકુમાર ગંગારામ મહેતાનું જ્યોતિષ પુંજથી સન્માન કરવામાં આવ્યું હતું. અગાઉ પણ તેઓને અનેક ડીગ્રીઓથી સન્માનિત કરવામાં આવેલ છે. તેઓ જ્યોતિષ કર્મકાંડ સાહિત્ય વગેરેમાં અનેકઘણુ જ્ઞાન ધરાવે છે.

થરાદની ગુરૂકુળ વિદ્યામંદિરનું ગૌરવ

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરની તમામ પ્રા.શાળાઓ દ્વારા આયોજીત સાંસ્કૃતિક/ સંગમ પ્રતિભા શોધ કાર્યક્રમમાં શ્રી ગુરૂકુળ વિદ્યામંદિર થરાદ ક્વિઝ સ્પર્ધા, વિશિષ્ટ કૌશલ્ય, મૌખિક ગણતરીની સ્પર્ધામાં પ્રથમ નંબર તેમજ દેશી લગ્નગીતમાં દ્વિતીય નંબર અને ચિત્ર તથા રંગોળી સ્પર્ધામાં તૃતીય નંબર મેળવીને શાળાનું નામ રોશન કરેલ છે. તે બદલ શાળા પરિવાર તરફથી તમામ બાળકોને અને તૈયારી કરાવનાર શિક્ષકોને ખુબ- ખુબ અભિનંદન સતત ત્રણ વર્ષથી આ ખિતાબ મેળવીને શાળાએ હેટ્રિક નોંધાવી છે અને થરાદ શહેરમાં નામ રોશન કરેલ છે. શાળાનું સમગ્ર સંચાલન પ્રમુખ દશરથભાઈ દવે કરી રહ્યા છે.

ડીસામાં રાષ્ટ્રીય બેઝબોલ સ્પર્ધા યોજાઈ

ડીસા

ડીસાની સ્પોર્ટસ ક્લબ ખાતે તા. ૭/૧/૨૦૧૮ ને રવિવારના રોજ સાંજે ૪ ક. ગુજરાત સ્ટેટ એમચ્યુર બેઝબોલ એસોસિયેશન અને બનાસકાંઠા જિલ્લા બેઝબોલ એસોસિયેશન દ્વારા ૨૭ મી જુનિયર નેશનલ બેઝબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અતિથિ વિશેષ પદે સંસદ સભ્ય હરીભાઈ ચૌધરી અને ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા સાથે મુખ્ય મહેમાન પદે ભાજપ પ્રવક્તા મહેશ કાશવાળા, ગુજરાત સ્ટેટ વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળી, સ્પોર્ટસ ક્લબના પ્રમુખ ડૉ.કે.કે. આસનાની, બનાસકાંઠા જિલ્લાના બેઝબોલ એસો.ના પ્રમુખ ચંદ્રકાંતભાઈ પઢીયાર, વિસત ટ્યુબવેલના ચેરમેન ગફુલભાઈ દેસાઈ અને સ્પોર્ટસ ક્લબના સેક્રેટરી મનોજભાઈ યુ.પટેલ હાજર રહ્યા હતા.

ભાવપૂરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ કરાયું

નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકાના ચિત્રોડા ગામે આવેલી ભાવપુરા (ચી) પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૭ ના બાળકોને શિયાળાની ઠંડી સામે રક્ષણ મળી રહે અને સમયસર શાળાએ પહોંચી શકે તે હેતુથી શાળાના શિક્ષક પરમાર શંકરભાઈ ના સબંધી જશવંત ભાઈ તથા નરેશભાઈ રહે. કુશ્કલ દ્વારા શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓ મળી કુલ ૭૨ બાળકોને તેમની સાઈઝ પ્રમાણેના નવા સ્વેટર આપવામાં આવ્યા હતા. જેનું એસ.એમ.સી. કમીટી તથા શાળા સ્ટાફ ના હસ્તે વિતરણ કરવામા આવ્યું હતુ. આ પ્રસંગે નાયી ભાવિનભાઈ, પટેલ વીણાબેન, ચૌધરી જીજ્ઞાબેન, ઠાકોર જોરાભાઈ, ઠાકોર ચેનાજી, ઠાકોર પોપટજી, ઠાકોર પ્રેમાજી હાજર રહ્યા હતા.

થરાદ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં મોટીવેશન સેમિનાર યોજાયો

પ્રતિનિધિ થરાદ

સરસ્વતી કેરિયર એકેડેમી-થરાદ અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીને પોતાની કારકિર્દી માટે વિચારતા કરતા એક અનોખો મોટીવેશન સેમિનાર યોજાયો. જેના મુખ્ય વક્તા સંજય રાવળ હતા. વિષય હતો ''મારૂ ઘડતર, મારા હાથમાં''

કાર્યક્રમની શરૂઆત તેમણે પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા પર કરેલ. જેમાં તેમણે જણાવેલ કે પ્રથમ દિવસે સ્કુલમાં ગયેલ બાળકમાંથી ૯૫ % બાળકો બીજા દિવસે સ્કુલમાં જવાની ના પાડે છે. જેનું કારણ પ્રાથમિક એજ્યુકેશન સિસ્ટમ નો વાંક છે. સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોને ૫૦૦૦ અને પ્રાઈવેટ સ્કુલના શિક્ષકોને ૨૦૦૦ જેટલો જ પગાર મળે છે. તે શું બાળકોને સારૂ ભણાવશે? પ્રાથમિક શિક્ષકોને લાલબત્તીવાળી ગાડીઓ મળશે. ત્યારે આ દેશ ખરી પ્રગતિ કરશે. અત્યારની શિક્ષણ પ્રથા ડિસીપ્લીનના નામે ડફોળ બનાવવામાં આવે છે. શાળામાં પ્રાર્થનામાં આંખો ફરજીયાત બંધ કરાવવામાં આવે છે. તેના સ્થાને પ્રાર્થનાના શબ્દો જ એવા હોવા જોઈએ કે આંખ આપોઆપ જ બંધ થઈ જાય. સંજય રાવળે વધુમાં જણાવેલ કે આપણે સાંભળીએ છીએ કે પહેલા સતયુગ હતો તો ભગાવન રામની પત્નીને રાવણ કેમ ઉપાડી ગયો હતો? અને આજના સમયમાં શું કોઈ નરેન્દ્ર મોદીની પત્નીને ઉપાડી જવાની હિંમત છે? તો સતયુગ કયો? સરકારના ધોરણ ૮ સુધી ફરજીયાત પાસ કરવાના નિયમને કારણે ધોરણ ૯ માં ટ્રાફિક જામ થઈ જાય છે. વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં ખોટુ જ ભણાવવામાં આવે છે કે સૂર્ય કઈ બાજુ ઉગે છે અને કઈ બાજુ આથમે છે પરંતુ ખરુ કોણ ભણાવશે કે સૂર્ય કદી ઉગતો કે આથમતો નથી. પરંતુ પૃથ્વી તેની આજુબાજુ ફરે છે.

પ્રેમ અને લગ્ન વિશે સંજય રાવલે જણાવેલ કે અત્યારના યુવાનો ફિલ્મો જોઈને પ્રેમ કરે છે. પરંતુ ૮૦ થી વધુ ફિલ્મો બકવાસ બને છે. ધર્મગ્રંથમાં લખેલુ છે કે હે મનુષ્ય તારા જન્મ સમયે મે તારો જીવનસાથી નક્કી કરી રાખેલ છે. છતાંય યુવાનો ફાંફા મારે છે.

ધાનેરામાં ઉતરાયણ નિમિતે બહેનોએ ગાયો માટે લાડુ બનાવ્યા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં શિવાજી એસ્ટેટ સોસાયટી અને અંબિકા નગર સોસાયટીની ૫૦ જેટલી બહેનોએ સાથે મળીને મકર સંક્રાંતિ નિમિતે લાડુ બનાવવાનું કાર્ય હાલથી જ શરૂ કરી દીધું છે. ઉતરાયણ આવી રહી છે. ત્યારે હિન્દુ ધર્મમાં ઉતરાયણના દિવસે ગાયો અને કુતરાઓને લાડુ ખવડાવી પુણ્ય મેળવવાનું ખુબજ ધાર્મિક માનવામાં આવે છે. ત્યારે ધાનેરામાં આવેલી શિવાજી એસ્ટેટ સોસાયટી અને અંબિકાનગર સોસાયટીની બહેનો દ્વારા ઉતરાયણ નિમિતે ગાયોને ખવડાવવા માટેના લાડુ બનાવવામાં આવ્યા હતા.

કાંકરેજના વરસડાના ચિત્રકારનું સન્માન

મહાદેવ પરમાર

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાના વરસડા ગામના ચિત્રકાર ધરમસીભાઈ પરમારે ગુજરાત વિઝ્યુઅલ આર્ટીસ્ટ એસોશિયેશન દ્વારા પતંગ ઉપર પેઈન્ટીંગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના ૧૮ આર્ટીસ્ટોએ દરેકે પાંચ પ્રમાણે કુલ ૯૦ પેઈન્ટીંગનું પ્રદર્શન અને રોયલ કાઈટ ફલાયર્સ ક્લબ દ્વારા વિજેતા સ્પર્ધકોનો ઈનામ વિતરણ કાર્યક્રમ કર્ણાવતી આર્ટ ગેલેરી અમદાવાદમાં યોજાયેલ. જેમાં ધરમસિંહ પરમારને દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયું. તેમને સન્માનપત્ર અને રોકડ ઈનામ પૂર્વ મેયર આસિત વોરા, પ્રખ્યાત ચિત્રકાર બાબુભાઈ સોની અને ક્લબના પ્રમુખના હસ્તે આપવામાં આવ્યું હતું.

વડોદરામાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

વડોદરા

સાહિત્યકાર વજુ કોટકના શૈશવના સ્મરણો પર આધારિત પુસ્તક 'બાળપણ'ના વાનરવેડામાં વજિયો તેના મામાની ટપાલ પોસ્ટના ડબ્બા 'ટપાલ પેટી' માં પોસ્ટ કરવા જાય છે અને ટપાલપેટીમાંથી ટપાલ મામાને ત્યાં કઈ રીતે પહોંચે તેનું કુતુહલ થતા વિચારે ચઢે છે.. પરિવર્તન જિંદગીનો નિયમ છે. હવે ટપાલ પેટી ઓછી થતી જાય છે અને કુરિયર સર્વિસ વધતી જાય છે. ત્યારે વડોદરા ખાતે કુરિયર એસોસિએશન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું. એમાં ૩૨ ટીમોએ ભાગ લઈ પોતાના કાંડાનું કૌવત બતાવ્યુ હતું. તેમાંથી શક્તિ કાર્ગોની ટીમ વિજેતા બની હતી. તેને કપ આપવામાં આવ્યો હતો. વખતોવખત વિવિધ સ્પર્ધાનું આયોજન થશે એમ કુરિયર સર્વિસના અગ્રણી કાનજીભાઈ મોકરીયાએ જણાવ્યું હતું.

ડીસા કોલેજને સોફટબોલ સ્પર્ધામાં સિલ્વર મેડલ

ડીસા

હેમ ઉ.ગુ. યુનિવર્સિટી લેવલ પર ડીસા કોલેજ અનેક રમતોમાં પોતાનો દબદબો જાળવી રાખ્યો છે જેવી કે ક્રિકેટ કોસકન્ટ્રી,ચેસ, યોગાસન, ફુટબોલ. તેમ આ વર્ષે સોફટબોલ ભાઈઓ અને બહેનોએ ઉત્કૃટ પ્રદર્શન કરી ચેમ્પિયન અને રનર્સ અપ બનેલ છે.

તાજેતરમાં યોજાયેલ સોફટબોલ સ્પર્ધામાં બહેનો એ હેમ.ઉ.ગુ.યુનિમાં સિલ્વર મેડલ મેળવી ડીસા કોલેજનું ગૌરવ વધારેલ છે.

કેપ્ટન પ્રજાપતિ મમત અને તેમના કોચ ડૉ.આર.ડી. ચૌધરીને તથા તમામ ભાગ લેનાર બહેનોને સરદાર પટેલ એજ્યુ.ફાઉન્ડેશન ટ્રસ્ટ પરિવારે બિરદાવેલ.

ધાનેરામાં દેના બેંકના કર્મચારીઓનું વરિષ્ઠ નાગરિકો પ્રત્યે ઓરમાયુ વર્તન

તા.પ્રતિ ધાનેરા

ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં આવેલ દેના બેંકમાં વયોવૃધ્ધ નાગરીકને કડવો અનુભવ થયો હતો શહેરની અંબિકાનગર સોસાયટીમાં રહેતા વરીષ્ઠ નાગરિક નટવરલાલ કલ્યાણભાઈ પ્રજાપતિની ઉ.વ.૭૫ વાળા જેમનું હુલામણા નામ તરીકે નટુકાકા તરીકે ઓળખાય છે તેમનું પોતાનું દેના બેંકમાં વર્ષોથી ખાતુ હોઈ તેમની પાસબુકમાં અવારનવાર એન્ટ્રી કરાવવા જાય છે ત્યારે તેમને દર વખતે કડવો અનુભવ થાય છે. જેમાં દેના બેંકના કર્મચારીઓ દ્વારા બેંકમાંથી પાસબુક ગુમ થાય છે. અને વારંવાર ધક્કા ખવરાવી પાસબુકમાં એન્ટ્રી સમયસર કરતા નથી આ બાબતે મેનેજરને રૂબરૂ મળતાં સંતોષજનક જવાબ મળતો નથી. ઉલ્ટાનું તેમને બેંકની બહાર નીકળવાનો દરવાજો બતાવવામાં આવે છે.

અત્રે એ નોંધવું જરૂરી છે કે બેંકમાં સીનીયર સટીજન માટે અલાયદી કોઈ વ્યવસ્થા નથી તથા સ્ટાફ ઓછો છે કર્મચારી રજા ઉપર છે. તેમનું પાસબુકની એન્ટ્રી કરાવવાવાળા વારંવાર ખુરશીઓ બદલતા રહે છે.

વિધામંદિર ટ્રસ્ટને ૭૦ વર્ષ પૂર્ણ થતાં

ફિલ્મ અભિનેતા આમિરખાન અને જૈન શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં પ્લેયટીનમ જ્યુબિલી યોજાઇ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે આવેલ વિધામંદિર ટ્રસ્ટ પાલનપુરને ૭૦ વર્ષ પૂર્ણ થતાં શાળાના ટ્રસ્ટીઓ દ્વારા પાંચ વર્ષ અગાઉ પ્લેટીનમ વર્ષની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્લેવટીનમ જ્યુબીલી કાર્યક્રમની હિન્દી ફિલ્મોના પ્રસિધ્ધ અભિનેતા આમિરખાન અને વિશ્વભર અને ભારતમાં વેપાર ક્ષેત્રે ખ્યાતી પામનારા ૫૦૦ જેટલાં જૈન શ્રેષ્ઠીઓ અને કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા વિભાગના રાજય મંત્રી હરીભાઇ ચૌધરીની ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી હરીભાઇ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યુંન હતું કે આજે મારા માટે આનંદનો દિવસ છે કે આજથી ૫૦ વર્ષ પહેલાં હું વિધામંદિર સ્કુલમાં ભણવા માટે દાખલ થયો હતો. તેમણે કહ્યું કે વિધામંદિર સ્કુલે મને શિક્ષણ, સંસ્કાર અને જ્ઞાન આપ્યું છે. મંત્રીએ કહ્યું કે શિસ્ત અને સંસ્કારયુક્ત શિક્ષણ આપવાનું કામ વિધામંદિર ટ્રસ્ટ પાલનપુરે કર્યું છે.

અનુસંધાન પાના નં.૬

ડીસાના નવનિયુક્ત ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાનો ઋણસ્વીકાર તેમજ સન્માન સમારોહ યોજાયો

ડીસા

ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો, વિવિધ સેવાકીય, સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક, સહકારી સંસ્થાઓના આગેવાનો, સરપંચો, વિવિધ મંડળીઓના ચેરમેનો, જિલ્લા- તાલુકા પંચાયતના સદસ્યો સહિત વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં તારીખ ૭/૧/૨૦૧૮ ને રવિવારે રવિરાજ કોલ્ડ સ્ટોરેજ આખોલ (ડીસા) ખાતે ડીસાના નવનિયુક્ત ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાનો ઋણ સ્વીકાર અને સન્માન સમારોહ યોજાયો હતો.

રામપુરા મઠના મહંત પૂજ્ય રૂપપુરી મહારાજના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રી પરબતભાઈ પટેલ, પૂર્વમંત્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી.પટેલ, પાટણના સાંસદ લીલાધરભાઈ વાઘેલા, પદ્મશ્રી વિજેતા ગેનાભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, ગુજરાત પ્રદેશ બક્ષી મોરચાના પ્રમુખ દિનેશભાઈ અનાવાડિયા, ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળી, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ, પૂર્વમંત્રી હરજીવનભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્યો વસંતભાઈ ભટોળ, ગોવિંદભાઈ પ્રજાપતિ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખો રાણાભાઈ દેસાઈ, હરેશભાઈ જાની, મહેશભાઈ દવે, જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, પૂર્વ મહામંત્રી અચરતભાઈ ઠક્કર, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેંબજીભાઈ ઠાકોર, મહામંત્રી બાબરસિંહ વાઘેલા, રમેશભાઈ દેસાઈ, કથાકાર યશવંતશાસ્ત્રીજી મહારાજ, ભાજપ અગ્રણી મહંત નિર્મલપુરીજી, ડૉ.તેજલબેન પટેલ, પૂર્વ ભાજપ શહેર પ્રમુખ રમેશભાઈ સ્વાતીવાળા, દિલીપભાઈ ઠરિયાણી, ભરતભાઈ ધૂંખ, રસિકજી ઠાકોર, કિસાન મોરચાના આગેવાનો, મહિલા મોરચો, બક્ષી મોરચો, અનુસુચિત જનજાતિ મોરચો એમ ભાજપના વિવિધ મોરચાઓના આગેવાનો સહિત

અનુસંધાન પાના નં.૬

રાષ્ટ્રીય પક્ષી મોર ઘાયલ થતાં જીવદયા પ્રેમીઓએ જીવતદાન બન્યું

નરસિંહ દેસાઈ

ઈજાગ્રસ્ત હાલત મોરને વધુ સારવાર અપાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી તથા એનિમલ વેલ્ફર બોર્ડ ઓફ ઈન્ડિયા અને સમસ્ત મહાજન મુંબઈ દ્વારા જિલ્લામાં પક્ષીઓ અને પ્રાણીઓ માટે એક એમ્બ્યુલેન્સની સુવિધા પુરી પાડવામાં આવી છે. આ એમ્બ્યુલન્સની મદદથી સેવાભાવી કાર્યકરો અને જીવદયાપ્રેમીઓ દ્વારા અનેક પશુ- પક્ષીઓના જીવ પણ બચ્યા છે. ત્યારે ગતરોજ પાલનપુર તાલુકાના માલણ ગામની સીમમાં રાષ્ટ્રીય પક્ષી મોરને સીમમાં રખડતા શ્વાનો દ્વારા ઈજા પહોંચાડી ઘાયલ કર્યાના સમાચાર મળી આવતા ડીસા સ્થિત જીવદયા પ્રેમી મગશીભાઈ દેસાઈ એમ્બ્યુલેન્સ લઈ માલણ ગામે દોડી જઈ મોરને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જુનાડીસા ખાતે આવેલ પાંજરાપોળમાં મોકલી આપ્યો હતો. રાષ્ટ્રીય પક્ષીને મરતુ બચાવી જીવદયા દાખવી હતી.

મલીન ઈરાદા સાથે થતુ સુરસાગર તળાવનુ બ્યુટીફીકેશન : વડોદરા કોંગ્રેસ



મનિષ જોષી

વડોદરા

ભાજપા સરકાર ના સ્ટાર પ્રચારક રહેલા ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચન ની ફિલ્મ સત્તે પે સત્તા યાદ આવે છે જેમાં અમિતાભ કહે છે. "દિલ ખુબસુરત હો ના હો શરીર અચ્છા હોના ચાહિએ, ખ્યાલ અચ્છે હો ના હો કપડે અચ્છે હોને ચાહિએ"નો અમલ વડોદરા મહાનગરપાલિકા ના શાસક - વહીવટીતંત્ર કરતુ હોય તેમ ચાર દરવાજા વિસ્તાર માં પુરતા પ્રેશર થી જીવન જરૂરીયાત સ્વચ્છ પીવાનું પાણી નથી મળી રહ્યુ તેમજ ધાર્મિક સ્થાનો પાસે ના વિસ્તારો માં સવારે ડ્રેનેજ નુ ગંદુ પાણી રોડ પર વહી રહ્યુ હોય છે દર્શનાર્થે જતા લોકો મુશ્કેલી પડી રહી છે તેમજ ચાર દરવાજા વિસ્તાર માં શાસક પક્ષ ના કોર્પોરેટર ના સંરક્ષણ હેઠળ ગેરકાયદેસર બાંધકામ વધી રહ્યા છે સ્થાનિક નાગરિકો રજુઆત કરતા હોવા છતાં ગેરકાયદેસર બાંધકામ તોડવામાં આવી રહ્યા નથી જયારે સ્માર્ટ સીટી ના નામે વૈકલ્પિક વ્યવસ્થા તેમજ નામદાર કોર્ટ ના આદેશ મુજબ વળતર ચુકવ્યા વિના ગરીબ - મધ્યમવર્ગ ના લોકો ને બેઘર- બેરોજગાર કરવામાં આવી રહ્યા છે.

સુરસાગર સફાઈ સ્વચ્છતા ની વાતો અંદાજીત છેલ્લા ૧૦ વર્ષ થી કરવામાં આવી રહી છે કેટલાય ભ્રષ્ટાચાર રૂપી ખર્ચ કરી દેવામાં આવ્યો હશે, પરંતુ આજે પણ આજુબાજુ વિસ્તાર ના ડ્રેનેજ નુ પાણી સુરસાગર માં આવી રહ્યુ છે અને સુરસાગર આસપાસ ખુબ દુર્ગંધ મારી રહી છે અને પારાવર ગંદકી છે.

ભ્રષ્ટાચાર પુરતો ખ્યાલ ના રાખતા ખરેખર સાચા અર્થ માં સુરસાગર નુ બ્યુટીફીકેશન થાય તેને કોંગ્રેસ પક્ષ આવકારે છે પરંતુ આ વખતે ભ્રષ્ટાચાર ના મલિન ઈરાદાએ બ્યુટીફીકેશન કરવામાં આવતુ હશે તો કોંગ્રેસ પક્ષ વિરોધ કરી જલદ આંદોલન ચલાવી પ્રજા ના પૈસા નો વેડફાટ કરતા અટકાવશે. તેમ નિલેશ બ્રહ્મભટ્ટ (પ્રવકતા..વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ) એ જણાવ્યુ હતું.

અંકલેશ્વર ખાતે ૭ મા એઆઈએ ઈન્ડસ્ટ્રીયલ એકસ્પો - ૨૦૧૮નું આયોજન

પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા ૭ મો એઆઈએ ઈન્ડસ્ટ્રીયલ એકસ્પો - ૨૦૧૮ તા.૯, ૧૦ અને ૧૧ જાન્યુઆરી - ૨૦૧૮ સુધી એમ ત્રણ દિવસ માટે ડી.એ.આનંદપુરા સાંસ્કૃતિક અને રમત -- ગમત સંકુલ, જીઆઈડીસી, અંકલેશ્વર ખાતે યોજાશે. ૧,૨૦,૦૦૦ સ્કેવર ફુટ લેન્ડસ્કેપ એરીયામાં યોજાનારા ઓ મેગા પ્રદર્શનની અંદર નાના - મોટા થઈને ૩૦૦ થી વધારે સ્ટોલ ઉભા કરવામાં આવશે. આ એકઝીબીશન સવારે ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે. આ એકઝીબીશનનું ઉદ્દઘાટન રાજય સરકારના સહકાર, રમત - ગમત અને સાંસ્કૃતિક બાબતો તથા વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરભાઈ પટેલના વરદ્દ હસ્તે થશે, જેમાં અતિથિ વિશેષ તરીકે જીઆઈડીસીના ચીફ એન્જીનીયર બી.સી. વારલી તથા ગુજરાત ગેસ લીમીટેડ અંકેલેશ્વરના ચીફ એકઝુક્યુટીવ ઓફીસર નિતિન પાટીલ ઉપસ્થિત રહેશે.

અનુસંધાન પાના નં.૬

થરા માર્કેટયાર્ડના વાઈસ ચેરમેન પદે પુનઃ ભૂપતાજી ઠાકોર બિનહરીફ

યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડના ચેરમેન પદે અણદાભાઈ આર.પટેલ ૯/૮/૨૦૦૨ થી ઉમદા સેવા આપી રહ્યા છે. દર ટર્મે યોજાતી ચૂંટણીમાં ગત ઓક્ટો-૨૦૧૭માં ચેરમેન પદ માટેની અણદાભાઈ પટેલની વરણી બાદ વાઈસ ચેરમેન પદ માટેની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં ભૂપતાજી ઠાકોરની પુનઃ બિનહરીફ વરણી સર્વાનુમતે થતાં સૌ કોઈએ આવકાર્યા હતા. આ પ્રસંગે માર્કેટયાર્ડ ચેરમેન અણદાભાઈ પટેલ, ડિરેક્ટર ચંપકલાલ શાહ, કરશનભાઈ પટેલ, ખાનુભા વાઘેલા, તલુભા વાઘેલા, ઈશ્વરભાઈ પટેલ (રતનગઢ), માનસુંગભાઈ પટેલ, વરવાભાઈ દેસાઈ, જીભાઈ દેસાઈ, સેક્રેટરી હસમુખભાઈ ચૌધરી, સેક્રેટરી નાગજીભાઈ દેસાઈ, એકાઉન્ટન્ટ કાકુભા વાઘેલા સહિત મોટી સંખ્યામાં શુભેચ્છકો ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી.

રૂપપુરા ખાતે બારગામ ધાન્ધાર (ઝલો) ચૌધરી સમાજની ૨૪ મી સાધારણ યોજાઈ

પુષ્કર ગોસ્વામી

સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

તા.પ્રતિનિધિ વડગામ

પાલનપુરના રૂપપુરા ગામે નિર્માણ પામેલ ચૌધરી સમાજ ભવન ખાતે રવિવારે બારગામ ધાન્ધાર (ઝલો) ચૌધરી સમાજની ૨૪ મી વાર્ષિક સાધારણસભા વિરજીભાઈ કે.ધુળીયા (વી.કે.) રૂપપુરાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં બ.કાં. ઓં. કે. મંડળ પ્રમુખ કેશરભાઈ વિ.ચૌધરી (પટોસણ), અખિલ ભારતીય મહાસભા પ્રમુખ વિરજીભાઈ ડી.ઝુડાલ, રાજારામ ગુરૂકુળના સંચાલક ગમાનભાઈ ચૌધરી, ઝલાના પ્રમુખ સરદારભાઈ જી. આકોલીયા, શૈક્ષણિક દાતા ૨૦૧૭ ગીરીશભાઈ ડી.લોહ તથા રમીલાબેન જી. લોહ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન અને કાર્યક્રમનું સંચાલન મંત્રી બારગામ ધાન્ધાર ચૌધરી ઝલા સરદારભાઈ આર. ધુળીયા (વણસોલ) તેમજ સહકારમાં ફલજીભાઈ જે.ભુતડીયા (ઢેલાણા) એ કર્યું હતું. આભારવિધિ ફલજીભાઈ જી.ધુળીયા રૂપપુરાએ કરી હતી. ઉપરાંત સમાજના ૩૨ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઇઝરાયેલી પીએમ અને પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસને લઈ અધિકારીઓની બેઠક

ગાંધીનગર

ઈઝરાયેલી પીએમ અને પીએમ નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસનો મામલે આજે રાજ્યના ચીફ સેક્રેટરી ડો.જે એન સિંહની અદયક્ષતામાં ગુજરાત સરકારના અધિકારીઓ નીકેન્દ્ર સરકારના વિવિધ વિભાગો ના અધિકારી ઓ સાથે બેઠકચાલી રહી છે.આ બેઠકમાં પીએમના ગુજરાત મુલાકાતના કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે અને ટાઈમ ટુ ટાઈમ શેડ્યુલ ગોઠવવા માટે સેક્રેટરી સ્તરે મહત્વની બેઠક થઈ રહી છે.

ઉપરાંત જે વિભાગો સાથે ઇઝરાયેલ સાથે કરારો થવાના છે તે વિભાગોના અધિકરીઓ સાથર પણ બેઠક દરમ્યાન સમીક્ષા કરવામાં આવશે. ઉદ્યોગ, કૃષિ સિંચાઈ, પોલીસ સુરક્ષા સહિતના અધિકારીઓ સાથે ખાસ ચર્ચાવિમર્શ કરવા માં આવી રહી છે. તો બીજી તરફ ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વડા પ્રધાન ની સુરક્ષા અને વિદેશી ડેલીગેશન ની વિશેષ સુરક્ષા અન્વયે ની બેઠકોનો દોર હાલ સીએસ ની અદયક્ષતા માં ચાલી રહ્યો છે.આ મામલ અમદાવાદ પોલીસ કમિશનર સહિત રાજ્ય પોલીસ ,બીએસએફ અને ઐરફીર્સના અધિકરીઓ સાથે પણ સુરક્ષા ને લઈને ચર્ચ કરવા માં આવી રહી છે.. આગામી ૧૭ મીએ પીએમ નરેન્દ્રમોદી અને ઈઝરાયેલી પીએમ ગુજરાત આવી રહ્યા છે. ત્યારે તેઓ સવારે સાબરમતી આશ્રમ ની મુલાકાત કરી તેઓ બાવળા આઈક્રિએટ સેન્ટર અને બપોર પછી સાબરકાંઠા વડરજ માં હોલ્ટીકલ્ચર પાર્ક માં યોજાનારા કાર્યક્રમ માં ઉપસ્થિત રહેશે જે નું આયોજન સરકાર ના અધિકરીઓ દ્વારા થઈ રહ્યું છે.

અમીરગઢમાં શાંતિ સમિતિની બેઠક

વિશાળ નાઈ

મહારાષ્ટ્રમાં થયેલા દલિતો પરના હુમલા બાદ ઠેર ઠેર વાતવરણ બગડતા તા.૪-૧-૨૦૧૮ ના રોજ અમીરગઢ તાલુકાના દલિતો સાથે PSI પરિમલ દેસાઈએ શાંતિ સમિતિની બેઠક યોજી હતી. જેમાં અમીરગઢ તાલુકાના ગામોના દલિતો હાજર રહ્યા હતા. જેમને પી.એસ.આઈ.એ. આવકાર્યા હતા. અને શાંતિ વ્યવસ્થા જળવાઈ રહે તેવા સુચનો આપવામાં આવ્યા હતા.

વડગામ વિસ્તારના ગામડાના રોડ સાઈડેથી રેતી અને નડતરરૂપ ઝાડી ઝાંખરા દુર કરવા માંગ

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના મોટાભાગના ગામોમાં ચોમાસાની ઋતુમાં રોડ ઉપર અને સાઈડોમાં રેતના ઢગલા થયા છે. તથા બન્ને સાઈડ ઝાડી ઝાંખરાના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે. મોટેભાગે વળાંકમાં ઝાડી ઝાંખરોને લીધે સામેના વાહનને સાઈડ કાપવા અકસ્માતો સર્જાય છે. સરકાર દ્વારા રોડ સાઈડની સફાઈ કરવા લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટો આપવામાં આવે છે. છતાં વડગામ વિસ્તારના રોડોની સાઈડોની માટી સહિત બન્ને સાઈડના ઝાડી- ઝાંખરો જેસે થે છે.

તાલુકાના વાહન ચાલકોના હિતમાં અકસ્માતો નિવારવા વડગામ વિસ્તારના તમામ રોડોનું પુનઃ સર્વે કરાવી રોડ સાઈડના કટ, રેતી, ઝાડી ઝાંખરો દુર કરવા લોકોની માંગ છે. આ અંગે જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી છે.

ભા.વિ.પ. ઉત્તર પ્રાંત ગુજરાત આયોજિત લગ્નગીત સ્પર્ધામાં ડીસા શાખા પ્રથમ

ડીસા

ભારત વિકાસ પરિષદ દ્વારા જીવનના અગત્યના સંસ્કાર-વિવાહ સંસ્કારનું જતન થાય તે માટે લગ્ન પ્રસંગે ગવાતાં લગ્નગીતો. બાળકોના સારા ઉછેર માટે ગવાતાં બાળગીતો જેવી સ્પર્ધાઓનું આયોજન કરે છે.

ચાલુ વરસે ઉંઝા શાખાના કાર્યકર ભાઈ-બહેનો દ્વારા મા ઉમિયાના ધામ-ઉંઝા નગરમાં લગ્નગીત સ્પર્ધા-૨૦૧૮ નું સુંદર આયોજન કરાયુ હતું. જૂની લગ્ન પ્રથા વખતે જાન બળદગાડાંમાં જતી હતી તેની યાદમાં આવનારા મહેમાનોને શણગારેલા બળદ જોડેલાં ગાડાં, શરણાઈઓના શુર અને ઢોલના ધબુકે મંડપ સ્થાન સુધી લાવવાની વ્યવસ્થા કરી હતી. માયરામાં લગ્ન પ્રસંગને અનુરૂપ થીમ-સુંદર રંગોળી દ્વારા રજુ કરીને મહેમાનોને આવકાર્યા હતા. વડનગરના સમાજ સેવક સોમાભાઈ દામોદરદાસ મોદી તથા ઉંઝાના દાનવીરોને સત્કાર્યા.નાસીકથી લગ્નગીતોનો માહોલ જોવા આવેલ મંગલાજી લગ્નગીતોની રજુઆતથી ખૂબ જ પ્રભાવિત થયાં હતા. અહીં ૧૩ જેટલી શાખાઓની બહેનોએ પોતાની કૃતિઓ રજુ કરીને વાતાવરણને લગ્ન પ્રસંગ જેવું બનાવ્યું હતું.

આ લગ્નગીત-૨૦૧૮ ની સ્પર્ધામાં ડીસા શાખાનો પ્રથમ નંબર આવ્યો હતો. સંગીત ગુરૂ આસુતોષભાઈ દેવના માર્ગદર્શન મુજબ શાખાનાં મહિલા સંયોજિકા ગીતાબેન ત્રિવેદી, સહ સંયોજિકા ભાવનાબેન સોની, કિંજલબેન ઠક્કર તથા સ્વર સામ્રાજ્ઞી રીનાબેન પટેલ મીતાબેન ઠક્કર, મંજુલાબેન ઠક્કર, શિલ્પાબેન ઠક્કર, આરતીબેન જોી, ગીતાબેન કીરી તથા રીકુંબેન સ્વરના આરાધક ૧૦ બહેનોએ પોતાની રજુઆતનું કામણ પાથર્યું હતું.

અનુસંધાન પાના નં.૬

: જાહેરનામુ :

વડગામમાં મૌન રેલી યોજાઈ

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મિડીયામાં અપમાનજનક ટીપ્પણી કરવા બાબતે વડગામ એમએલએ જીગ્નેશ મેવાણી વડાપ્રધાન માફી માગે તે માટે શ્રી મોઢ વણિક મોદી યુથ સર્કલ ગુજરાત દ્વારા વડગામ ખાતે ગતરોજ સોમવારે રેલી યોજી હતી અને આવેદનપત્ર આપ્યું હતું. મોઢ વણિક મોદી યુથ સર્કલ પ્રમુખ વિમલ મોદી દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. એપીએમસી વડગામ ચેરમેન કે.પી. ચૌધરી, તા. ભાજપ યુવા મોરચા પ્રમુખ કાંમરાજભાઈ ભુતડીયા, મહામંત્રી શ્રવણસિંહ ડાભી, મંત્રી સંજયકુમાર ડી. મોદી (છાપી), પૂર્વ સરપંચ વિજયસિહ દેવડા (નળાસર), શતિષભાઈ ભોજક વગેરે અગ્રણીઓ મૌન રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા.

ખેંટવા ગામે વિજ કરંટથી મૃત્યુ પામેલ કપિરાજની અંતિમક્રિયા કરાઈ

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના ખેંટવા ગામે હનુમાનજીના મંદિર પાસે એક લીમડાના ઝાડ પરથી વીજ વાયર પસાર થાય છે. તેના પર વાનરોનું ટોળું અવારનવાર ચડતા હોય છે. ગતરોજ બપોરના સમયે એક કપિરાજનું આકસ્મિત વીજ કરંટ લાગતા નીચે પડી જતાં વાનરનું કરૂણ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ ખેંટવા ગામના જય ગોગા યુવક મંડળના કાર્યકરોને થતા તેમણે મૃતક કપિરાજની અંતિમ પાલખી કાઢીને વિધિવત રીતે આપીને સમાધિ આપી હતી. જય ગોગા યુવક મંડળના કાર્યકરોમાં રેવાભાઈ દેસાઈ, સાગરભાઈ દેસાઈ, કરમસિંહભાઈ દેસાઈ, રમેશભાઈ દેસાઈ, મફાભાઈ દેસાઈ, બાબુભાઈ નાઈ વગેરે ગ્રામજનો જોડાયા હતા.

રાજ્યના હાઇવે તેમજ શહેરો માં લેંનસિસ્ટમ લાગુ થશે

ગાંધીનગર

ગુજરાતના શહેરોમાં પણ નવી દિલ્હી અને મુંબઈ જેવી લેન સિસ્ટમ લાગુ કરવામાં આવશે. રાજ્યના વાહન વ્યવહાર વિભાગ અને ગૃહ વિભાગ પાસેથી સરકારે ખાસ રીપોર્ટ મંગાવ્યો છે. જેમાં અમદાવાદ સહિતના અન્ય શહેરોના માર્ગો પર લેન સિસ્ટમ લાગુ કરવામાં આવશે. અને આ કામની શરૂઆત ગાંધીનગરથી કરવામાં આવશે.

મળતી માહિતી અનુસાર આ પ્રોજેકટ ને સમગ્ર ગુજરાતમાં લાગુ કરવામાં આવશે. જેની શરૂઆત ગાંધીનગર અને ત્યાર બાદ અમદાવાદ, સુરત, બરોડા, રાજકોટ, જેવા મહાનગરોમાં પણ ફરજીયાત લેન સિસ્ટમ લાગુ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારે લાગુ કરેલી લેન સિસ્ટમને તોડનાર વાહન ચાલકના લાયસન્સ જપ્ત કરવા સુધીની કડક કાર્યવાહી પણ કરવામાં આવશે. જો કે આ કડક કાર્યવાહી અંગે અને દંડની રકમ તેમજ અન્ય શિક્ષાત્મક પગલાં ઓ અંગે પણ સરકારની વિચારણા હેઠળ છે. તો બીજી તરફ મહાનગરોમાં દિવસેને દિવસે વધતા જતા ટ્રાફિકની સમસ્યા હલ કરવા લેન સિસ્ટમ લાગુ કરવાના મામલે સરકાર ઝડપથી નિર્ણય લેવાની દિશામાં છે. સરકારના પ્રયાસથી હવે પછી જે વાહન ચાલકો લેનમાં નહિ રહે.

અનુસંધાન પાના નં.૬

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ

(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)

અખબારી યાદી

સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડ વતી, કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૩, ચાણસ્મા સર્કલ, દેના બેંકની ઉપર, ચાણસ્મા-૩૮૪૨૨૦ (મો.૯૯૭૯૮૫૧૨૦૩) અખબારી યાદીમાં જણાવે છે કે વર્ષ ૨૦૧૭ ના ચોમાસા દરમ્યાન બનાસ નદીમાં આવેલ પુરને લીધે નદીની આજુબાજુના વિસ્તારમાં નર્મદા મુખ્ય નહેરને ભારે નુકશાન થયેલ. જેને ધ્યાને લઈ ભવિષ્યમાં આ પ્રકારનું નુકશાન ન થાય તે માટે નર્મદા મુખ્ય નહેરની સાં.૩૫૯.૮૩૬ કિ.મી., ૩૬૮.૯૧૧ કિ.મી., ૩૭૧.૩૦૦ કિ.મી. તથા ૩૬૭.૧૩૧ કિ.મી. પર કુલ ૪ (ચાર) જગ્યાઓ પર કેનાલ સાયફન, સુપર પેસેજ અને ડ્રેનેજ સાયફન બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. જેના માટે નર્મદા મુખ્ય નહેરમાં વહેવડાવવામાં આવતા પાણીના ડાયવર્ઝનના કામ માટે નર્મદા મુખ્ય નહેરમાં કોફર ડેમ બનાવવાની કામગીરી હાથ ધરવા સારૂં તા.૨૭/૧૨/૨૦૧૭ થી તા.૦૫/૦૧/૨૦૧૮ સુધી નર્મદા મુખ્ય નહેરમાં સાં.૩૫૬.૪૨૨ કિ.મી.ના ખારી-૨ સી.આર. પરથી પાણી આપવાનું બંધ કરવામાં આવેલ. જે કામ નિયત સમયે પૂર્ણ થતાં આજરોજ તા.૦૬/૦૧/૨૦૧૮ ના રોજ સવારે ૮.૦૦ કલાકથી નર્મદા મુખ્ય નહેરમાં પાણી વહેવડાવવાનું શરૂ કરેલ છે. જેની સંલગ્ન તમામ ખાતેદારો, ગ્રામ પંચાયતો, અધિકારીશ્રીઓ તથા મુખ્ય નહેરમાંથી પીવાનું પાણી મેળવતી સર્વે સંસ્થાઓ અને અસરકર્તા સર્વેએ નોંધ લેવી.

ક્રમાંક : નામાનિ/પાટણ/૪૪૩/૨૦૧૭-૨૦૧૮

તંત્રી સ્થાનેથી ...

તપસ્યા કરવાથી કોઈપણ વસ્તુ દૂર્લભ નથી રહેતી.

ડામાડોળ બનેલા અર્થતંત્રને સુધારવા આત્મમંથન જરૂરી

પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંઘ એક પ્રખર અર્થશાસ્ત્રી હતા. તેમની પ્રથમ સરકારે આર્થિક સુધારાઓથી માંડી અર્થતંત્રને તીવ્ર અને ગતિશીલ બનાવવામાં સારી એવી જહેમત ઉઠાવી હતી અને નોંધપાત્ર સફળતા મળી હતી. પરંતુ બીજી ટર્મમાં મનમોહન સરકારને પુરતી બહુમતી ન હોતી, પરિણામે જીએસટી વિધયેકથી માંડીને અનેક આર્થિક સુધારાઓ મનમોહનસિંઘ કરી ન શક્યા અને અર્થતંત્ર સાવ માંદગીના બિછાને આવી પડ્યું. વધારામાં રજી કૌભાંડ, કોલસા કૌભાંડ, માઈનિંગ કૌભાંડ ઈત્યાદિ સાથી પક્ષોના કૌભાંડના કારણે અને વડાપ્રધાનનો પુરતો કંટ્રોલ ન હોવાથી સરકાર ચારે બાજુથી બદનામ થઈ હતી. જ્યારે સામે પક્ષે ચૂંટણી ટાંણે ભાજપે પ્રધાનમંત્રી પદના નેતા તરીકે નરેન્દ્ર મોદીને પ્રોજેક્ટ કર્યા.. અને ચૂંટણી જાહેર સભાઓમાં છટાદાર વક્તવ્ય અને આક્રમક શૈલીને કારણે નરેન્દ્ર મોદી ચારેકોર છવાઈ ગયા અને જાહેર સભાઓમાં મનમોહનસિંઘ સરકારની જોરદાર ઝાટકણી કાઢી, સંખ્યાબંધ વચનો આપ્યાં, પ્રજામાં કંઈ નવું કરવાની ધગશ મોદીએ બતાવી દેશના કરોડો યુવાનોને રોજગારી આપવાના વચનો આપ્યા હતા.

પરંતુ સત્તા પ્રાપ્ત કર્યાના પોણાચાર વર્ષ બાદ હવે મોદી સરકારને પ્રતિતિ થઈ છે કે વર્ષ ૨૦૧૯ માં ચૂંટણી જીતવી એ લોઢાના ચણા ચાવવા બરાબર સાબિત થઈને રહી જશે! ક્યારેક વધુ પડતી આશાઓ અને અપેક્ષાઓ ઘાતક નિવડે છે.

દેશના અર્થતંત્રને સુધારવા માટે પાંચ વર્ષનો સમય ખુબ લાંબો ગણાતો નથી. પરંતુ ચૂંટણી ટાંણે આપેલા વચનો જ્યારે સોશિયલ મીડિયામાં બૂમ રેન્ગ થાય છે ત્યારે સત્તાધિશોની હાલત કફોડી બની જાય છે. ૨૦૧૪ માં મોદી સરકારે સત્તાના સૂત્રો હસ્તગત કર્યા. ત્યારે ભારતનું અર્થતંત્ર ડામાડોળ બનેલું હતું. ત્યારે દેશમાં એક આર્થિક અરાજકતા અને ભારે ઉચાટનો માહોલ હતો. સિંઘ સરકાર સામે દેશની પ્રજામાં ઘણી નારાજગી હતી. પરંતુ ધીમે ધીમે મોદી સરકારે આર્થિક પ્રશ્નો હલ કરતાં ગાડી પાટા પર આવી ગયેલ. ત્યારે વર્ષ ૨૦૧૯ માં લોકસભાની ચૂંટણીના કારણે લોકપ્રિય બજેટ આપ્યા સિવાય મોદી સરકાર પાસે કોઈ વિકલ્પ જણાતો નથી.

ભારતનો પ્રવર્તમાન જીડીપી રેટ ૬.૫ ટકા છે અને જે ૭ ટકાથી વધે તેવી કોઈ શક્યતા નજરે પડતી નથી. અધુરામાં પૂરું ફુગાવો વધી રહ્યો છે. ખાનગી ઈન્વેસ્ટમેન્ટ ઘટી રહ્યું છે. માત્ર ૨૦૧૭ ના છેલ્લા ક્વાર્ટરમાં ખાનગી મુડીરોકાણ ૧૨.૫ બિલિયન ડોલર ઘટ્યું છે.

ક્રુડના ભાવ વધારાના કારણે ભારતનું આયાત બિલ વધે છે. કારણ કે દેશની કુલ આયાતમાં ક્રુડ ઓઈલનું યોગદાન ૮૨ ટકાથી વધુ છે. ક્રુડના ભાવ વધારા પર ભારત સરકારનો કોઈ અંકુશ નથી.

વર્તમાન સંજોગોમાં નોટબંધી અને જીએસટી ઉપરાંત કેટલાક આર્થિક પ્રશ્નોને લઈને બજારમાં મંદી જોવા મળી રહી છે. ત્યારે દેશમાં બેરોજગારી એ સૌથી મોટી ગંભીર સમસ્યા બની ચુકી છે. બીજી તરફ અમેરિકન પ્રમુખ ટ્રમ્પની એચઆઈબી વિઝા નીતિના કારણે અમેરિકામાં નોકરી કરતા લાખો યુવક યુવતીઓ પરત આવશે. એટલે બેરોજગારીની ફોજમાં વધારો થશે. ત્યારે નવી નોકરીઓ જાહેર કરવામાં નહિં આવે તો સરકાર માટે માથાના દુઃખાવા સમ આ મુદ્દો બની રહેશે. હાલમાં વિશ્વનું અર્થતંત્ર સુધારા પર છે. પરંતુ ભારતમાં હાલ સ્થિર સરકાર છે, યુધ્ધ કે કોઈ સંકટ નથી છતાં વૃધ્ધિદર સૌથી નીચો છે. તે બાબતે મોદી સરકારે આત્મમંથન કરવું જ પડશે!

અહંકાર

સદાનંદ સ્વામી શ્રદ્ધાનંદના શિષ્ય હતાં. તેણે અત્યંત મહેનતથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું પરંતુ તેને પોતાના જ્ઞાન પર અહંકાર થઇ ગયા. આ તેમના વ્યવહારમાં પણ જોવા મળ્યો. તે દરેકને નીચાપણુ કરાવવાનો પ્રયાસ કરતો. ત્યાં સુધી કે તે પોતાની સાથે શિક્ષા ગ્રહણ કરી રહેલા પોતાના મિત્રોથી પણ દૂર રહેવા લાગ્યા. આ વાત સ્વામી શ્રદ્ધાનંદજી સુધી પણ પહોંચી. પરંતુ એક દિવસ સ્વામી શ્રદ્ધાનંદ સામેથી પસાર થયા ત્યારે સદાનંદે તેમને પણ અવગણી નાખ્યા અને તેમનું અભિવાદન સુદ્ધાં ન કર્યું. સ્વામી શ્રદ્ધાનંદજી સમજી ગયા કે તેમને અહંકારે પૂરી રીતે પોતાના વશમાં લઇ લીધા છે. તેમણે તે જ વખતે સદાનંદને ટોકતા તેમને બીજા દિવસે પોતાની સાથે ફરવા આવવા માટે તૈયાર કરી લીધા. બીજી સવારે સ્વામી શ્રદ્ધાનંદજી તેમને જંગલમાં એક ઝરણા પાસે લઇ ગયા અને પૂછ્યુ કે તમે સામે શું જોઇ રહ્યા છો? સદાનંદે કહ્યું, ગુરૂજી પાણી ઉપરથી નીચે વહી રહ્યું છે. અને પડીને ફરીથી બમણા વેગથી ઊંચે ઊડી રહ્યું છે. સ્વામીજીએ કહ્યું, હું તમને અહીં એક ખાસ ઉદ્દેશ્યથી લાવ્યો હતો. જીવનમાં જો ઊંચા ઊડી આકાશને સ્પર્શ કરવા માંગતા હોવ તો આ પાણીની જેમ થોડુ નમવુ પણ પડશે. કહેવાનો સાર એ હતો કે જો જીવનમાં આગળ વધવું હોય તો ઝૂકવુ જ પડશે. એટલે કે અહંકારનો ત્યાગ કરી વિનમ્રતાનો પરિચય આપવો પડશે.

આત્મચિંતન

પોતાને બુરાઈઓથી બચાવીએ

વિના વિચારે કોઈ વાત કરો ન એક શબ્દ પણ વ્યર્થ ના બોલો. દરેક પ્રકારની વાતચીતમાં જેની આવશ્યકતા ના હોય તેને છોડી દો. અને મૌન રહો. આ ક્ષણભંગુર આધિભૌતિક સંસારમાં પોતાનો કોઈ અધિકાર ના રાખો. પોતાના કર્તવ્ય તરફ ધ્યાન આપો અને અધિકારોની વાતો ઓછી કરો. અધિકારોની વાત રાજસિક અહંકારથી ઉત્પન્ન થાય છે. આ અધિકારો નિરર્થક છે. આના માટે ઝઘડવું એ સમય અને શક્તિને ખોવું છે.

પોતાના જીવનસિદ્ધ અહંકાર ‘‘અહં બ્રહ્માસ્મિ’’ ને પ્રાપ્ત કરો. ત્યારે જ તમે ત્યાગી મનુષ્ય હશો. જો તમારી પાસે સદાચાર, બ્રહ્મચર્ય, સત્ય, દયા, શુદ્ધ પ્રેમ, સહનશીલતા, ક્ષમા અને શાંત પ્રકૃતિ વગેરે સદગુણો છે, તો તે ઘણા દુર્ગુણોને પણ ભારે પડશે. ધીરે ધીરે દુર્ગુણો પણ દૂર થઈ જશે, જો તમે તમારૂ પુરેપૂરૂ ધ્યાન તેને દૂર કરવામાં સતર્ક રાખશો.

જો તમે કોઈ ઉન્નત મહાત્માની સંગતિમાં રહેશો, તો તેમનો આકર્ષક ઓજ અને આધ્યત્મિક વિદ્યુત શક્તિનો પ્રભાવથી તમને મોટો લાભ થશે. તમારી ઉપર ખરાબ વસ્તુઓનો પ્રભાવ નહિ પડે. પતનનો ડર નહિ રહે. તમારી આધ્યાત્મિક ઉન્નતી જલ્દી થઈ જશે.

આત્માનુસંધાન તથા અંતરાવલોકન દ્વારા પોતાના દોષોને દૂર કરવાની ચેષ્ટા કરો. એ જ સાચી સાધના છે અને કઠિન હોવા છતાં પોતાનું સર્વસ્વ આપીને તેને પ્રાપ્ત કરવું પડશે..

- ગાયત્રી શક્તિપીઠ,ડીસા

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

અજંતા ફાર્મા લિમિટેડના સ્થાપક પુરૂષોત્તમ અગ્રવાલને લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા

ઉદ્યોગ તેમ જ સખાવતના ક્ષેત્રમાં મેળવેલી અજોડ સિદ્ધિઓ બદલ મહારાષ્ટ્ર રાજ્ય અગ્રવાલ સંમેલન દ્વારા અજંતા ફાર્મા લિમિટેડના સ્થાપક, જનક્રેસ્ટ તેમ જ ચેરમેન શ્રી પુરૂષોત્તમ અગ્રવાલને જીવન ગૌરવ નવરત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.શ્રી પુરૂષોત્તમ અગ્રવાલ એક દૂરંદેશી ઉદ્યોગપતિ ઉપરાંત સમાજસેવા પ્રત્યે સમર્પિત છે જે ભારતના બિઝનેસ, ઉદ્યોગ અને સમાજસેવા માટે પ્રસિદ્ધ મારવાડી સમુદાયની આગવી ઓળખ છે.આજે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધારે છે અને ૮,૦૦૦થી વધુ કર્મચારીઓ તેમની દેશવિદેશની કંપનીમાં સેવા આપે છે. તેમની બાહોશ વ્યવસાય કુશળતાએ દેશને પ્રથમ ગણાય તેવા ઘણા અનેક ક્રાંતિકારી ઉત્પાદનો આપ્યા છે.તેમની સાદગી અને સરળ સ્વભાવ, ઉદ્યોગ સંચાલનની વહીવટી આવડત અને સમાજના નબળા અને પછાત વર્ગ માટે કંઈક કરી છૂટવાની ધગશે તેમને ઉદ્યોગ જગત અને સમાજમાં અગ્રણી નામ અને પ્રતિષ્ઠા અપાવ્યા છે. શ્રી પુરૂષોત્તમ અગ્રવાલ સમતા ફાઉન્ડેશન દ્વારા સેવા આપવા પ્રયત્નશીલ છે. તેમનો હેતુ (શિક્ષણ, સશક્તિકરણ અને સક્ષમતા) આરોગ્ય, જ્ઞાન-શિક્ષણ અને મહિલા સશક્તિકરણનો છે. આજે સમતા ફાઉન્ડેશન મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ વગેરે જગ્યાએ ફેલાયેલું છે. છેલ્લાં પાંચ વર્ષમાં સમતા ફાઉન્ડેશને મોતિયાની ત્રણ લાખથી વધુ સફળ શસ્ત્રક્રિયા માટે અનુદાન આપ્યું છે અને આગામી વર્ષમાં વધુ એક લાખ લોકોના મોતિયાની શસ્ત્રક્રિયા માટે આર્થિક દાન આપવાનો તેમનો ઈરાદો છે. પાલઘરના પછાત આદિવાસી વિસ્તારમાં ૫,૫૦૦થી વધારે મફત અને સલામત કુટુંબ નિયોજનના ઓપરેશનમાં પણ તેમણે ફાળો આપ્યો છે. સમતા ફાઉન્ડેશન દ્વારા ૧૭ શાળાઓ દત્તક લેવામાં આવી છે જેને કારણે ૨૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને ફાયદો થયો છે. સમતા ફાઉન્ડેશન સમાજના નબળા અને પછાત વર્ગના વિદ્યાર્થીઓને હાઈટેક કોમ્પ્યુટર્સ અને ઈ-લાઈબ્રેરીની સુવિધા પણ આપે છે. તેમની શાળાની ઈન-હાઉસ સક્ષમ ફેકલ્ટી દ્વારા કમ્પ્યુટરના ખાસ અભ્યાસક્રમ ડિઝાઈન કરવામાં આવ્યા છે, જેમાં શિક્ષણ મેળવી વિદ્યાર્થીઓ પાલઘર, મરાઠવાડા અને વિદર્ભમાં રોજગારી મેળવી શક્યા છે.

નિર્દોષ ફિલ્મના સ્ટારકાસ્ટ અરબાઝ ખાન અને મંજરી ફડનિશ એ અમદાવાદની મુલાકાત લીધી

અમદાવાદ

ભારત ની પ્રથમ શસપેક્ટ થ્રીલર બોલિવુડ ફિલ્મ નિર્દોષ ના સ્ટારકાસ્ટ અરબાઝ ખાન અને મંજરી ફડનિશ એ સોમવારે અમદાવાદ ની મુલાકાત લીધી હતી.ફિલ્મનું નિર્માણ યુવી ફિલ્મ્સ દ્વારા કરવામાં આવ્યું છે અને પ્રદીપ રંગવાણી અને સુબ્રતો પોલ દ્વારા નિર્દેશિત કરવામાં આવી છે અને ૧૯ મી જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ રજૂ થશે.નિર્દોષ એક હત્યા રહસ્ય છે જે અરબાઝ, મુકુલ દેવ, અશ્મિત પટેલ, અને મહેક ચહલથી મંજરી ફડનિસથી તમામ પાત્રોમાં વણાટ કરે છે.

હત્યાની પ્રતિબદ્ધતા બાદ, શિનાયા ગ્રોવર (મંજરી ફેડનીસ) ને પ્રાથમિક શંકાસ્પદ હોવાના આધારે પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવે છે, પરંતુ ઈન્સ્પેક્ટર લોખંડે (અરબાઝ ખાન) કેસ આગળ તપાસ કરે છે, બહુવિધ શંકાસ્પદ અને શક્યતાઓ ઊભી થાય છે.આ ફિલ્મ એક પોલીસ અધિકારી પર આધારિત છે,જેને હત્યાના કેસની તપાસ સોંપવામાં આવે છે. તપાસ અધિકારી માટે વસ્તુઓ વધુ જટિલ બની જાય છે, જ્યારે એક મહિલા મુખ્ય શંકાસ્પદ વ્યક્તિ તરીકે ઉભરી આવે છે અને તેની ધરપકડ થાય છે.

મર્સિડિઝ ટ્રોફી ૨૦૧૮નું અમદાવાદ ખાતે કલહાર બ્લુ અને ગ્રીન્સમાં આયોજન

MercedesTrophy

અમદાવાદ

અમદાવાદના મર્સિડિઝ ટ્રોફી ૨૦૧૮ના ક્વોલિફાયર્સ કલહાર બ્લુ અને ગ્રીન્સ ખાતે ૬ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ શહેરના ૧૦૦ જેટલા ગોલ્ફર્સ સાથે નેશનલ ફાઈનલ્સ સ્પોટ માટે સ્પર્ધામાં હતા. ગોલ્ફના ૨૭ દિવસ દરમિયાન ૧૨ શહેરોનાં ચાલીસ વિજેતાઓ પૂણેના ઓક્સફોર્ડ ગોલ્ફ રિસોર્ટમાં ૪થી ૬ એપ્રિલ, ૨૦૧૮ દરમિયાન નેશનલ ફાઈનલ્સ માટે સ્પર્ધામાં ઉતરશે.મર્સિડીઝ-બેન્ઝ ઈન્ડિયાના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર રોલેન્ડ ફોલ્ગર પણ ટુર્નામેન્ટમાં અમદાવાદ ક્વોલિફાયરમાં ગોલ્ફ રમયા હતા.

મર્સિડીઝ ટ્રોફીની ૧૮મી એડીશન પૂણેમાં ૪ જાન્યુઆરી, ૨૦૧૮થી શરૂ થશે અને તે અમદાવાદ પછી મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ, કોઈમ્બતુર, કોલકાતા, ચેન્નઈ, ચંડીગઢ, ગુડગાંવ, નોઈડા અને જયપુર સહિત ૧૦થી વધુ શહેરોમાં સફર કરશે. નેશનલ ફાઈનલ્સના ત્રણ વિજેતાઓ જર્મનીના સ્ટટગાર્ટ ખાતેની મર્સિડીઝ ટ્રોફી વર્લ્ડ ફાઈનલની ૨૯મી એડીશનમાં વિશ્વભરના ૬૦ દેશોમાં રમાયેલી ટુર્નામેન્ટ્સના વિજેતાઓ સામે સ્પર્ધા કરશે. મર્સિડીઝ-બેન્ઝ નવોદિતોને ગોલ્ફ શીખવાની તક ખાસ ગોલ્ફ ક્લિનીક પ્રોગ્રામ દ્વારા આપશે.

દેશની સૌથી વિશાળ ગોલ્ફ ટુર્નામેન્ટ્સમાંની એક મર્સિડીઝ ટ્રોફીએ આ વર્ષે સામાજિક લક્ષ પણ સાધ્યું છે જે માટે લૌરિયસ - સ્પોર્ટ ફોર ગૂડ ફાઉન્ડેશન સાથે તેણે જોડાણ કર્યું છે. ટુર્નામેન્ટ દ્વારા પાર્ટિસિપન્ટ્સ તરફથી સ્વૈચ્છિક ફંડ મેળવવામાં આવશે અને તેનો ઉપયોગ લૌરિયસ તરફથી થતા વિવિધ કાર્યક્રમો અને તેના એનજીઓ માટે પછાત બાળકોને સ્પોર્ટની તાકાત સાથે કરવામાં આવશે. આ ઉપરાંત, મર્સિડીઝ ટ્રોફી દ્વારા આ ઉમદા કાર્ય માટે ડોનેટ કરનારા પાર્ટિસિપન્ટ્સ માટે લકી ડ્રોનું પણ આયોજન કરશે. રમતનું સ્વરૂપ ડબલ પીયોરિયા રહેશે. આ અનોખા ફોર્મેટથી નેશનલ ફાઈનલ્સ માટે ક્વોલિફાઈ થવામા ગોલ્ફર્સને વધુ તક મળી શકશે.

અભિનેતા કરણ જોટવાની અને ગીતા ત્યાગીએ તેમના ઝી ટીવીના શોને પ્રોત્સાહિત કરવા અમદાવાદની મુલાકાત લીધી

અમદાવાદ

વેદિકા માથુર એક ૪૨ વર્ષની ઊંમરની સ્વતંત્ર એકલી માતાનું વિશ્વ તેની પોતાની માતા અને તેની ૧૫ વર્ષની ઉંમરની દિકરીની આસપાસ ફરે છે. બીજી તરફ સાહિલ અગ્રવાલ, ૨૪ વર્ષનો મસ્તીખોર, મુક્ત જીવન જીવતો યુવાન, જેની પોતાની રીતે જીવન જીવવાની ઈચ્છાથી ઘણી વખત તે, જીવનમાં ધ્યાન કેન્દ્રિત નથી કરી શક્યો કે પછી ગંભીર રીતે કોઈ કારકીર્દીની પસંદગી નથી કરી શક્યો. આ બંનેમાં સામ્યતા શું છે? થોડી જ, કદાચ બંને એકબીજા સાથે પ્રેમમાં પડે છે, એ સિવાય કંઈ નહીં. શું પ્રેમીઓને એકબીજાની લાગણી માટે સમાજની બાહ્ય માન્યતાની જરૂરિયાત છે? જ્ઞાતિ, પંથ, નાણાકીય સ્થિતિ અને ઉંમર નક્કી કરે છે કે, કોણે કોને પ્રેમ કરવો જોઈએ? જેમાં પ્રસિદ્ધ અભિનેત્રી સુહાસી ધામી, વેદિકા માથુરના પાત્રમાં અને કરણ જોટવાણી, સાહિલ અગ્રવાલ અને ગીતા ત્યાગી બડી અમ્મીના પાત્રમાં તથા અન્ય કલાકારો જોવા મળશે.

કાનપુર શહેરના પાયાને ધ્યાને રાખીને આપ કે આ જાને સે, વેદિકા અને સાહિલ- બે અલગ વ્યક્તિત્વ, અલગ- અલગ પશ્ચાદભૂમીમાંથી આવેલા હોય, અને મુશ્કેલી છતા પણ એકબીજના પ્રેમમાં પડે છે, તેના એક અલગ પ્રવાસને દર્શાવે છે. વિરોધાભાષી વિચારોના ટંકરાવ છતાં સાહિલ અને વેદિકા છતાં પણ પોતાની જાતે બાંધેલા બંધનોથી જોડાય છે અને એકબીજા પ્રત્યેની તેમની લાગણીઓને જાણે છે. શું આ બંને તેમના પ્રેમને સ્વિકારશે? શું તેઓ દુનિયા જેને ખરાબ કહે છે અને તેઓ આંતરિક પ્રશ્ન- ‘લોકો શું કહેશે?’ના પૂર્વગ્રહનો સામનો કરશે?જેમ જેમ વાર્તા આગળ વધતી જશે, દર્શકોને પણ એક કરતા વધુ જંક્ચર્સ જોશે, અને પ્રેમ તથા સાથી વિશેના રસપ્રદ સવાલો પર અટકશે, જેમાં ‘બેહિસાબ મહોબ્બત ક્યા સમજેગી ઉંમર કા હિસાબ?’નો સમાવેશ થાય છે. વયની તફાવતના ક્લિનિકલ તર્કની પાસે પ્રેમ નમશે? કે સામાજિક કલંકને સામે લડવા વેદિકા-સાહિલ એક જોડી તરીકે તેઓ સાથે મળીને સશક્ત થશે? બિનશરતી પ્રેમ પ્રવાસની શરૂઆત શું છે, તે જાણવા માટે જૂઓ ઝી ટીવી પર આપ કે આ જાને સેનું પ્રિમિયર ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૮થી દર સોમવારથી શુક્રવાર રાત્રે ૧૦.૩૦ વાગ્યે!

આઈઆઈએફએલ ગોલ્ડ લોને ૧૦૮ સ્થળો પર ૧૦૦૦૦ ગ્રાહકો સાથે કાઈટ ફેસ્ટિવલની ઉજવણી કરી

આઈઆઈએફએલ લોન, ભારતની સૌથી મોટી ગોલ્ડ લોન પ્રદાતા પૈકી એક ગુજરાતના ૧૦૮ સ્થળોએ ૧૦૦૦૦ ગ્રાહકો સાથે ઉતરાયણના શુભ પ્રસંગે કાઈટ ફેસ્ટિવલ ઉજવાય છે. તે ખાનગી સંસ્થા દ્વારા આયોજિત સૌથી મોટો ફેસ્ટિવલ છે. આઈઆઈએફએલ ગોલ્ડ લોનએ આઈઆઈએફએલ ગ્રુપનો એક ભાગ છે, જે ભારતની સૌથી મોટી નાણાકીય સંગઠનો પૈકી એક છે સાથે ભારતના ૪૦ લાખ ગ્રાહકો સુધી પહોંચે છે.ગુજરાતમાં આઈઆઈએફએલ ગોલ્ડ લોન સૌથી વધારે ગોલ્ડ લોન આપે છે.જે રાજ્યની લંબાઈ અને પહોળાઈમાં ૧૧૭ સ્થળોએ ૧૬૨ શાખાઓમાં છે. આઈઆઈએફએલ ગોલ્ડ લોન રૂ. ૩૦૦૦ કરોડથી વધુની લોન બુક છે અને તે સમગ્ર ભારતમાં ૧૦૦૦થી વધુ શાખાઓમાં કાર્યરત છે.

મગફળી ખાવાથી નવજાત બાળકોના સ્વાસ્થ્યને ફાયદો

નવા સંશોધનમાં થયેલા ખુલાસા અનુસાર નવજાત બાળકોને શરૂઆતના તબક્કામાં મગફળીવાળા ખાદ્ય પદાર્થ આપવાથી મોટી ઉંમરે એલર્જીનો ખતરો ઘટે છે

સામાન્ય રીતે એવુ માનવામાં આવે છે કે મગફળી એ નવજાત શિશુઓના વિકાસ માટે અવરોધરુપ હોય છે. જોકે, તાજેતરમાં થયેલા સંશોધનમાં જાણવા મળ્યુ છે કે, નવજાત બાળકોને મગફળીથી બનેલ ઉત્પાદન ખવડાવવાથી તેના વિકાસ કે તેના પોષણ પર કોઈ ખરાબ અસર થતી નથી. સંશોધનના મુખ્ય વૈજ્ઞાનિક અને લંડનની કિંગ્સ કોલેજના પ્રોફેસર મેરી કીને જણાવ્યું હતું કે, સંશોધનમાં એ વાત સાબિત થઈ ચૂકી છે કે, મગફળી ખાવાથી નવજાત શિશુના સ્તનપાન પર કોઈ જ અસર થતી નથી. પરંતુ જો નવજાત બાળકોને છ માસની ઉંમર પહેલા ટોસ્ટ જેવા ખાદ્યપદાર્થ આપવામાં આવે તો તેનાથી તેમના સ્તનપાન પર ચોક્કસ અસર થાય છે. આ સંશોધન એનર્જી એન્ડ ક્લિનીકલ હ્યુમોનોલોજી નામના ઓનલાઈન જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યુ છે. આ અંગે અમેરિકાના નેશનલ ઈન્ટિટયૂટ ઓફ એલર્જી એન્ડ ઈન્ફેક્શન ડિજીજેજના માર્શેલ પ્લોટે જણાવ્યુ હતું કે, આ સંશોધનના તારણ પરથી જાણવા મળ્યુ છે કે, બાળકોને શરુઆતના તબક્કામાં મગફળીયુક્ત ખાદ્યપદાર્થ ખવડાવવી શકાય છે. જેથી કરીને તેમનામાં શક્તિનો સંચય કરી શકાય. આ સંશોધનથી એ જાણવા મળ્યુ છે કે, જો બાળકોને મગફળીયુક્ત ખાદ્યપદાર્થો ખવડાવવામાં આવે તો તેમને મોટી ઉંમરે એલર્જી થવાની શક્યતા ૮૧ ટકા જેટલી ઘટી જતી હોય છે.

કુટુંબ નિયોજન : વિસ્ફોટ બોમ્બશેલ !

ખોરાકના પ્રકારની સાથે સાથે યંત્રોદ્યોગિકીકરણ પણ વસ્તીવધારાને ઉત્તેજન આપે છે. પ્રથમ વિશ્વવિગ્રહ પહેલાં રશિયા ખેતીપ્રધાન દેશ હતો અને તેની વસ્તિ યુરોપિય-રશિયામાં બે કરોડ અને એશિયાઈ-રશિયામાં એક કરોડ મળીને કુલ ત્રણ કરોડની હતી. પણ ઝારના પતન અને વિપ્લવ પછી જે ઝડપથી ઉદ્યોગિકિકરણ થયું તેણે તેની વસ્તિમાં જબ્બર વધારો કર્યો.

પછી બીજો વિગ્રહ આવી પડ્યો. રશિયાના અન્નભંડાર સમો સમસ્ત યુક્રેઈન પ્રદેશ હિટલરના હાથમાં પડ્યો. ઈંગ્લેન્ડ અને અમેરિકાએ રશિયા લડાઈમાં ટકી રહે માટે ભારે ખુવારીના ભોગે શસ્ત્રોનો પુરવઠો મોકલ્યા કર્યો.

એ ખુવારી એવી ભારે હતી કે બાર સ્ટીમરો હથિયારોથી ભરાઈને જાય તેમાં મુશ્કેલીથી બે કે ત્રણ પહોંચે. બાકીની જર્મનો તોડી નાખે, પણ જેમ શસ્ત્રો મળ્યાં તેમ અનાજ મળ્યુ નહી એટલે તેમણે લડાઈ દરમિયાન તેમનાં પશુઓ મારી મારીને ખાધે રાખ્યાં. તેમાં માછલાં અને ભૂંડ મુખ્ય હતાં. પરિણામે યુધ્ધમાં કરોડો માણસો મરાયા, છતાં પણ તેની વસ્તિ હવે ૨૦ કરોડ ઉપર પહોંચી ગઈ છે. ૧૯૧૫માં ત્રણ કરોડ, ૧૯૩૫માં વીસ કરોડ. આનું કારણ ઉદ્યોગિકિકરણ અને પ્રજનનતત્વોવાળા માંસા હારની જુગલબંધી છે. આવો બીજો દાખલો અમેરિકાનો છે. યુરોપ છોડીને અમેરિકામાં કેટલા માણસો ગયા ?

જર્મનીના ઉદ્યોગિકિકરણે પણ જર્મનીમાં એ જ સ્થિતિનું સર્જન કર્યું. જાપાનમાં પણ ખોરાક અને ઉદ્યોગિકિકરણની જુગલબંધીના બધા પ્રયાસોને ધૂળમાં મેળવીને વસ્તિ વધારામાં આગળ ને આગળ વધી રહ્યું છે. જાપાન, અમેરિકા, રશિયા, જર્મની અને બીજા તમામ ઉદ્યોગિકિકરણમાં આગળ વધતા દેશોની હવા દૂષિત બની ગઈ છે. જ્યારે મધ્ય એશિયાના આરબો, અફઘાનિસ્તાન, બલુચિસ્તાનના પઠાણો શ્રેષ્ઠ આબોહવામાં જીવે છે, છતાં ખ્રિસ્તીઓ કરતાં વસ્તિ વધારામાં પાછળ છે, કારણ કે તેઓ ઉંદર કે ડુક્કરનું માંસ ખાતા નથી. હમણાં ભારતમાંથી આયાત કરીને તેઓ ગોમાંસ ખાવા લાગ્યા છે એટલે તેઓ હિંદુઓ કરતાં વસ્તિવધારામાં આગળ પણ ખ્રિસ્તીઓ કરતાં ખુબ પાછળ છે. હવે ફરીથી ભારતીય પ્રદેશો ઉપર આવીએ. સૌરાષ્ટ્રની આબોહવા શ્રેષ્ઠ છે. પ્રજા બળવાન અને ચપળ હતી, પણ એ તદ્દન ખેતીપ્રધાન અને ઢોરઉછેર કરનારો પ્રદેશ હતો. સૌરાષ્ટ્રના રાજવીઓનું વિલીનીકરણ થયું ત્યા સુધી તેની વસ્તી માત્ર ૩૦ લાખની હતી. તેનું અલગ રાજ્ય થયું અને ઉદ્યોગિકિકરણ તરફ દોટ મુકી. બીજી તરફથી દેશી વહાણવટાને રૂંધી નાખ્યું અને બેકાર બનેલી ખારવા કોમને રાજી આપવાના બહાના નીચે સાત સાગર ખેડનારા દરિયાલાલોને માછીમારના ધંધામાં પ્રેર્યા. એ રીતે માછલીના ખોરાકનો પ્રચાર કર્યો. પરિણામે ૩૦ વરસમાં જ સૌરાષ્ટ્રની પ્રજા ૩૦ લાખમાંથી ૫૦ લાખ ઉપર પહોંચી ગઈ. મધ્યપ્રદેશ અને રાજસ્થાન શ્રેષ્ઠ આબોહવા વાળા પ્રદેશો છે, ખેતીપ્રધાન અને ઢોર ઉછેરનારા પ્રદેશો છે. ઘણાં મોટાં વિસ્તારવાળાં રાજ્યો છે, પણ બન્નેને દરિયાકાંઠો નથી, બન્ને રાજ્યોમાં જૈન કે વૈષ્ણવ ધર્મનો પ્રભાવ છે એટલે માંસાહાર ઓછો છે. મોટા ઉદ્યોગો નથી એટલે ભારતમાં દર ચોરરમાઈલે સહુથી ઓછી વસ્તિ છે. મધ્યપ્રદેશમાં દર ચોરસમાઈલે ૯૪ માણસો અને રાજસ્થાનમાં દર ચોરસમાઈલે માત્ર ૭૫ માણસની વસ્તી છે. જ્યારે ભારતનાં સહુથી નાનાં રાજ્યો, માછલી અને ભુંડ ખાનારા બંગાળ અને કેરળમાં દર ચોરસમાઈલે સહુથી વધુ વસ્તી છે. બંગાળમાં દર ચોરસમાઈલે ૫૦૪ માણસો અને કેરળમાં દર ચોરસમાઈલે ૫૪૯ માણસોની વસ્તી છે.(ઈન્ડિયા ૧૯૭૪).

ખેતી-સંસ્કૃતિપ્રધાન પ્રદેશોમાં ઓછી વસ્તીનું કારણ

ખેતીપ્રધાન દેશોમાં વસ્તી ઓછી હોય છે અને ઉદ્યોગપ્રધાન દેશોમાં વસ્તી ઝડપથી વધે છે, તેનાં કેટલાંક કારણો છે.

ખેતીપ્રધાન દેશોમાં પણ ઉદ્યોગો તો હોય છે જ. ઉદ્યોગો સિવાય કોઈ પ્રજા જીવી શકે નહી તેવી સ્થિતી બની છે, પણ ઉદ્યોગોના પ્રકાર અને રીત જુદા હોય છે.

ખેતીપ્રધાન અને ઢોર-ઉછેરના દેશોમાં પ્રજા મોટે ભાગે ગામડામાં પોતપોતાનાં ખેતરોમાં અને જંગલોમાં ફરતી રહે છે. રાતદિવસ કુદરત સાથે તાદાત્મય સાધે છે. તેમનો સંપર્ક મોટે ભાગે પોતાના ઘરનાં કે સગાં-સંબંધીઓનાં સ્ત્રી-પુરુષો સાથે જ રહે છે. તેમની વાતચીત પણ મોટે ભાગે કુટુંબને લગતા બનાવોની, ધંધાને લગતી કે કુદરતને લગતી હોય છે. તેમના ઉપર લોકસાહિત્યનો, તેમના થઈ ગયેલા ભક્તો, સંતજનો કે તેમના પ્રતાપી વડવાઓની કથાઓનો પ્રભાવ પથરાયેલો રહે છે. એટલે વિકાર કે કામવાસના તેમના ઉપર વધુ પડતો અધિકાર જમાવી શકતા નથી. મોટે ભાગે સ્ત્રી-પુરુષો પોતપોતાનાં વિભિન્ન કામોમાં રોકાયેલાં હોવાથી તેમનો સંપર્ક ચોવીસે કલાક હોતો નથી. તે જ પ્રમાણે ઉદ્યોગો પણ, તે લુહારકામનો હોય કે કાપડવણાટનો હોય, કુંભાર કામનો હોય કે ગોળ કે સાકર બનાવવાનું કામ હોય, સહુ પોતપોતાના ઘરમાંજ કામ કરતા હોય છે અને ઘરના માણસોના સંપર્કમાં જ રહેતા હોય છે.

ઉપરાંત કારખાનાની મજૂરી કરતાં ઘરની કારીગરીમાં તેમની જવાબદા રીની ભાવના રહે છે અને મન તેમાં જ ચોંટેલું રહે છે. એટલે કામુકતાના વિચારોનો સમય તેમને ઓછો રહે છે. ઉપરાંત ઢોરઉછેર કરનારી પ્રજા હોવાથી તેમને શુધ્ધ ઘી અને દૂધ મળતાં હોવાથી કામ કરીને થાક લાગે ત્યારે દુધ પી લે છે અને એ રીતે કામના શ્રમથી શરીરને થયેલો ઘસારો પૂરીને થાક ઉતારે છે. સ્ત્રી-પુરુષો વચ્ચેનો ઓછો સહચાર, કામુકતાના વાતાવરણનો અભાવ, કુટુંબની અને ધંધાની જવાબદારી વગેરે કારણોએ તેમની વસ્તી સંખ્યા મર્યાદાને ઓળંગતી નથી.

વધુ સહચારમાં વધુ વસ્તીવિસ્ફોટ

પણ મોટા ઉદ્યોગોમાં પારકી સ્ત્રી અને પારકો પુરુષ રોજ આઠ-દસ કલાક સાથે કામ કરે છે. અનેક પુરુષોને અનેક જુદી જુદી સ્ત્રીઓ સાથે કામ પડે છે. તેમની વચ્ચે ઠઠ્ઠામશ્કરી પણ ચાલે છે. તેમને કામની કે ધંધાની જવાબદારી રહેતી નથી. સ્ત્રી અને પુરુષ બન્ને મજુરીએ જાય એટલે કોઈને એકબીજાની પરવા નહિ. મજુરી કરીને થાકે ત્યારે દારૂ ઢીંચે, નોકરી કે મજુરીનો સમય પુરો થાય એટલે ટોળે વળીને જુદી જુદી સ્ત્રીઓ વિષે કે પુરુષો વિશે, એકબીજાના સંબંધો વિશે કૂથલી કરવી અને વાતાવરણને કામુકતાથી ભરેલું રાખવું એ કારણે કુટુંબભાવના, શીલની ભાવના નષ્ટ થાય છે. વિષયાંધતાનાં અનેક આકર્ષણો તેમને ઘેરી વળે છે એટલે વ્યભિચાર વધે છે. ઉપરાંત મોટા ઉદ્યોગોમાં મજૂરોને માંડ પેટ ભરાય એટલી મજુરી મળે છે અને તેમની નજર સામે અનેક ભભકભર્યાં પ્રલોભનો હોય છે જેથી વૈભવ ભોગવવાની લાલસામાં શીલ નષ્ટ કરે છે. તો બીજી તરફથી ઉંચા પગારના અધિકારીઓ દારૂ અને સ્ત્રીમિત્રોથી ઘેરાયેલા રહેવામાં ગૌરવ માને છે. આમ, ગરીબ અને શ્રીમંત બન્ને વર્ગમાં જુદાં જુદાં કારણોને નીતિભ્રષ્ટતા અને વ્યભિચાર વધે છે. જે અપ્રતિમ વસ્તીવધારામાં પરિણમે છે. સંસ્કારિત દામ્પત્યજીવન ગાળવામાં આવે તો જે પ્રમાણમાં પ્રજા ઉત્પન્ન થાય તેના કરતાં એક પુરુષ અને અનેક સ્ત્રીઓને ભોગવે કે એક સ્ત્રી અનેક પુરુષોને ભોગવે તેમાં વસ્તીવધારો અનેક ગણો થઈ જવાની સંભાવના છે અને આ જ કારણથી ઉદ્યોગપ્રધાન દેશોમાં વસ્તીવધારાની સમસ્યા વધતી જાય છે.

ભારત સ્વતંત્ર થયા પછી તેનો જે વસ્તીવધારો દેખાડવામાં આવે છે. એ જો સાચો હોય તો તેનું કારણ સ્વાધીનતા મેળવ્યા પછી મોટા યંત્રોદ્યોગોમાં જે હરણફાળ ભરી અને પ્રજા તે તરફ વળી તે સિવાય બીજું કોઈ કારણ નથી. બીજા સંજોગો તો પ્રજાની સંખ્યાને ઓછી જ કરે તેવા જ છે. પણ ઉદ્યોગિકિકરણ વસ્તીવધારાની ગતિને વધારી મૂકી છે.

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

સુવાકયો

ગમે તેટલો ભાર હોય, પણ તમે આનંદથી એ ભારનું વજન ખેંચશો તો એ ભાર હળવો બની જાય છે.
રોગના ડરથી માનવી ખાવાનું બંધ કરી દે છે, પણ દંડ અને મોતના ડરથી તે પાપ કરવાનું છોડતો નથી, તે કેવું આશ્ચર્ય કહેવાય !
જે જાણી ગયો છે કે એણે ભૂલ કરી છે અને એ પછી એ ભૂલને સુધારવાની કોશિશ નથી કરતો તો તે એક વધુ મોટી ભૂલ કરે છે.
જ્યારે બે જણ ઝઘડે છે, ત્યારે બન્નેની ભૂલ હોય છે.
મારી પાસે થાકવાનો સમય નથી.
તમારૂ રહસ્ય જો તમે કોઈની પાસે રાખવા માગતા હોવ, તો પહેલા તમારી પાસે રાખો.
મુશ્કેલીમાં પણ હિમંત રાખવી એ અડધી સફળતા મેળવી લેવા બરાબર છે.
ધીમે ચાલવાથી નહિ, ફક્ત ચૂપચાપ ઉભા રહેવાથી ડરો.
સાચો બહાદુર એ છે જે ક્યારેય નિરાશ નથી થતો.

આરાધના **નાથાલાલ બ્રહ્મક્ષત્રીય**

દાન કોને દેવું, કેટલું દેવું, કયારે દેવું, અને શા માટે દેવું ?

દાન કોને દેવું, કેટલું દેવું, કયારે દેવું, અને શા માટે દેવું ?

આપણા શાસ્ત્રોમાં દાન આપવાનો બહુ જ મહીમા વર્ણવ્યો છે. જેની પાસે પોતાની જરૂરીયાતથી વધારે છે તે વસ્તુ, પદાર્થ, ધન, સંપત્તિ કે જમીન, જાયદાદ અન્ય જરૂરીયાત વાળાઓને આપી દેવી તેને સામાન્ય રીતે દાન કહીએ છીએ.

કોઈ સુંદર ઈમારત પણ તેમાં નિવાસ કરનાર કોઈ ના હોય મતલબ કે તેનો વપરાશ ના થતો હોય તો તે ઈમારતલાંબા ગાળે ખંડેર બની જાય છે. આવી ઈમારત ખંડેર બને તેના પહેલાં કોઈ યોગ્ય વ્યક્તિને રહેવા માટે આપવામાં આવે તો તેની સફાઈની અને અન્ય રીતે કાળજી લેવાય છે તેથી તે ઈમારત લાંબો સમય ટકે છે.

તે રીતે વધારે પડતી જમીનના માલિક જો બધી જમીનમાં વાવેતર ન કરે તો તે જમીન ખેતીને લાયક બની રહે છે.

આપણી પાસે જરૂરતથી વધારે માલ મિલ્કત, પૈસો ટકો, ઝવેરાત કે અન્ય પદાર્થો હોય તો તે સાચવવા માટે પણ ભારરૂપ થશે ત્યારે આવા જરૂરીયાત કરતાં વધારે ધન સંપત્તિને યોગ્ય જરૂરીયાતવાળા વ્યક્તિને આપવાનો મહીમા શાસ્ત્રોમાં વર્ણવ્યો છે. આ રીતે વાપરનાર અને આપનાર બંને સુખી થઈ શકે છે એવા મતલબની અનેક કાવ્યપંકિતઓ આપણા શાસ્ત્રોમાં વાંચવા મળે છે.

દ્વિહેતુ ષડધિષ્ઠાનં,ષડં અંગં ચ દ્વિપાકયુક,
ચતુષ પ્રકારં, ત્રિવિધં, ત્રિનાશં દાનમઉચ્ચતે

આ રત્નકણીકામાં સમજાવ્યું છે, દાનના બે હેતુ છે છ અધિષ્ઠાન છે. છ અંગ બે ફળ, ચાર પ્રકાર, ત્રણ ભેદ અને ત્રણ વિનાશ સાધન છે.

શ્રદ્ધા અને શક્તિ આ બે હેતુ દાનના છે. ખુબ જ શ્રદ્ધાપૂર્વક આપવું પરંતુ પોતાની શક્તિ મુજબ દાન કરવું,દેખા દેખીમાં કે અહમને પોષવા, બીજાને બતાવવા પોતાના ગજા કરતાં વધારે દાન ન આપવું, નહીંતર કાળક્રમે દાન આપનાર જ દાન લેનાર બની જાય. આવા દાનમાં છ અધિષ્ઠાન છે, ધર્મ, અર્થ, કામ, લજ્જા, હર્ષ અને ભય.

દાન દેનાર અને દાન લેનાર બંનેમાં ધર્મ પરાયણતા હોવી જોઈએ, જેમ આપનાર ઉદાર બનીને આપે છે તેમ લેનારાએ પણ ધર્મની મર્યાદામાં રહીને જરૂર કરતાં વધારે લેવાનો આગ્રહ ન રાખવો.

અનુસંધાન પાના નં.૬ ઉપર

હવે નાગને પણ ઝેર ખાવાનો વખત આવ્યો, મદારીને હવે માણસ પકડતાં આવડી ગયું છે

ચિંતન **યશપાલસીહ ટી.વાઘેલા**

અજબ ગજબની આ દુનિયામાં માનવી જ સર્વસ્વ બની ગયો છે. કયાંક જલસા કરે છે તો કયાંક રીબાતો કણસતો જોવા મળે છે. હૃદયની વેદના સુખ દુ:ખમાં અલગ અલગારી હોય છે જો તે સમયમાં તો ગરીબના કુબામાં તેલ ટીપું દોહ્યલું ને અમીરોની કબર પર ઘીના દિવા થાય છે. આ વેદના કવિ હૃદયની છે પણ હાલની વાસ્તવિક પરીસ્થિતિ કંઈક જુદી જ જોવા મળે છે. ગરીબોના કુબામાં તેલનું ટીપું સંધ્યા કાળે ભલે દોહ્યલું હોય પણ એ કુબામાંથી સહ પરિવારનો કીલકીલાટ મોજમસ્તી, અમીરોના મહેલોના પ્રકાશને ઝાંખો ચોક્કસ પાડે છે ત્યાં 'માણસ' નથી હોતો તો ઘી તેલના ડબ્બા મુરઝાયેલા પડયા હોય છે પણ કોઈ રસોઈ બનાવવા મુરઝાયેલા પડયા હોય છે પણ કોઈ રસોઈ બનાવવા વાળું કે કીલકીલાટ કરવાવાળું કોઈ હોતું નથી. આજે માણસમાં એક ભવ્ય મહેલ જેવા બંગલાના બગીચામાં હીંચકા પર એક ધનાઢય આત્મા બેઠા હતા ત્યાંથી અજાણ્યો કોઈ વ્યક્તિ પસાર થાય છે. કાળઝાળ ગરમીમાં તરસ્યો હોવાથી હિંચકાના અવાજે તે દરવાજા તરફ વળ્યો ને દરવાજે ઉભા રહીને બુમ પાડી એ શેઠ થોડું પાણી પાવને હીંચકે હીંચી રહેલા શેઠે બેઠા બેઠા જ કહ્યું, માણસ નથી આગળ જા.. પેલા તરસ્યા ઈસમે શેઠને વિનંતીસભર અવાજે કહ્યું, શેઠ થોડીવાર માટે તમે જ માણસ બની જાઓ ને! આપણા જીવનમાં પણ કયાંક માણસ મરી પરવાર્યો છે. જો દરેક વ્યક્તિના હૃદય મનમાં 'માનવને માનવતા પ્રગટ થાય તો આ સંસારની ઘણી ખરી સમસ્યા ક્ષણભરમાં ઉકેલાઈ જાય. આપણી આજની ચિંતન રત્નકણીકાની બનાવેલી હેડલાઈનની કોઈ કવિ હૃદયમાંથી ટપકી જે મને ગમી તે આપના સમક્ષ રજુ કરી છે.

'હવે નાગને પણ ઝેર ખાવાનો વખત આવ્યો,
મદારીને હવે માણસ પકડતાં આવડી ગયું છે,
સુખચેન તો કર્તવ્ય વગર કયાંથી લાવશો ?
તેમને દુવા તો મળશે અસર કયાંથી લાવશે ?
બંગલા તો ઓછા વત્તે ગમે ત્યાંથી મળી જશે
ઘર ઘર કહી શકાય એ 'ઘર' કયાંથી લાવશો ?
શંકરની જેમ નાગને મફલર તો કરી શકો,
પણ ઝેર પી જવાની જીગર કયાંથી લાવશો ?

ઉપરોક્ત પંક્તિઓમાં કવિ હૃદયની જે વેદના માનવ માટે પ્રગટ થઈ તે ખરેખર આજના સમય માટે યોગ્ય પુરવાર થઈ રહી છે. ને તેથી જ અહીં રજુ કરી આપના હૃદય મનને હળવું કરવા પ્રયત્ન કર્યો છે. પૃથ્વીલોક પર માનવ જીવ એ આપણે અન્ય જીવો પર વર્ચસ્વ ધરાવતો બુધ્ધિશાળી જીવ છે તે આર્થિક-સામાજીક વ્યવહારની કટીબદ્ધતા માટે સતત પ્રયત્નશીલ રહે છે ને જન્મથી મૃત્યુ પર્યંત સતત ગડમથલ કરીને ધનાઢયતાની ચાદર ઓઢવાને તે સામ્રાજય પાછળ પણ ટકી રહે તેવી લાલસા સેવે છે. એટલે જ તો અન્ય જીવો ભુતપ્રેત થતાં નથી. ફકત માનવ જ ભુત પ્રેત યોનીમાં જાય છે ને માનવને જ હેરાન કરે છે. આ બહુ સમજવા જેવી વાત છે. કોઈ પશુ પક્ષી ભુત થયા હોય ને કોઈને વળગ્યાં હોય તેવું કયાંય સાંભળ્યું છે. તો બીજી નક્કર વાત એ છે કે કોઈ ભુત ગાય, ભેંસ, કુતરા, કાગડા, ગીધ કે અન્ય પશુ પક્ષીને વળગ્યું હોય ને તે કહે હું ફલાણા ભાઈનો જીવ છું ને મારી ઈચ્છા અમુક વસ્તુ ખાવાની મેળવવાની હતી. આવું કયાંય બન્યું નથી કે સાંભળ્યું નથી. આ પૃથ્વીલોક પર માનવી જ પ્રેતાત્મા બને છે ને માનવીને જ હેરાન કરે છે એવું કેમ ? છેવટે તો આર્થિક વ્યવહાર જ વધુ કારણભુત બને છે તેવું ચોક્કસ અનુભવવા નિચોડથી પ્રતિપાદીત થાય. આ પ્રસંગે એક પ્રેરણારૂપ ટુચકો, જોકસ મને કયાંકથી વાંચવા મળ્યો જે આપ સૌના ચિંતનાર્થે અહીં રજુ કરૂં છું.

એક આફ્રીકી પ્રવાસી એવા શહેરમાં આવ્યો જે દેવાના ડુંગર તળે દબાયેલું હતું તે પ્રવાસી એક હોટલમાં ગયો જ્યાં નાનું રેસ્ટોરન્ટ પણ હતું તેણે કાઉન્ટર પર જઈને કહ્યું મારે એક રૂમ ભાડે જઈએ છે. રૂા.૧૦૦૦ રાખો હું રૂમ જોઈને આવું છું.

હોટલનો માલિક રૂા.૧૦૦૦ જોઈને ખુશ થઈ ગયો તે રૂપિયો લઈને દોડયો ઘીવાળા પાસે અને ઘીવાળાના બાકી રૂપિયા ચુકતે કર્યા. ઘીવાળાના હાથમાં રૂા.૧૦૦૦ આવતાં તે દુધવાળાને હિસાબ ચુકતે કરીને આવ્યા તો રૂા.૧૦૦૦ દુધવાળાના હાથમાં આવતાં તે ભેંસવાળા પાસે જઈને હિસાબ ચુકતે કરી આવ્યો. ભેંસવાળો તેને ખાણ પુરૂં પાડતો હતો તેને રૂા.૧૦૦૦ આપ્યા તો ખાણવાળો આ હોટલના રેસ્ટોરન્ટ પર રોજ ખાતો હતો ને તેના ખાતામાં રૂા.૧૦૦૦ કાઉન્ટર પર જમા કરાવવા ગયો

અનુસંધાન પાના નં.૬ ઉપર

બુધેભેર્દ: ધૃતેશ્ચવૈવ ગુણતસ્ત્રિવિધં શ્રૃણુ ।
પ્રોચ્યમાનમશેષેણ પૃથકત્વેન ધનગ્જય ।।

કોઈપણ કર્તાની પ્રવૃત્તિ પોત પોતાની સમજ અને પોત પોતાની ધુનને અનુરૂપ હોય છે. તેની સમજ, તેની બુધ્ધિને અનુરૂપ હોય છે અને તેની ધુન, તેના સંકલ્પ અને તેની ધૃતિ પ્રમાણે હોય છે. ભગવદ્ ગીતા બુધ્ધિ અને ધૃતિના પણ સાત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારના ભેદો સ્પષ્ટ કરે છે. બીજા ભેદોના વિવેચનની જેમ ભગવાન આ ભેદોને કહેવાની શરૂઆત નીચેના શ્લોકથી કરે છે :

બુધેભેર્દ: ધૃતેશ્ચવૈવ ગુણતસ્ત્રિવિધં શ્રૃણુ ।
પ્રોચ્યમાનમશેષેણ પૃથકત્વેન ધનગ્જય ।। ૧૮-૨૯ ।।

'હે અર્જુન (ધનડ્જય) ગુણો પ્રમાણે-ગુણભેદને લીધે (ગુણત:) બુધ્ધિના (બુધ્ધે) તેમજ (ચ એવ) ધૃતિના-ધૈર્યના દ્રઢતાના (ધૃતે)જુદા જુદા ભિન્ન રીતે (પૃથકત્વેન) ત્રણ પ્રકારના ત્રિવિધમ્ ભેદને, તફાવતને, (ભેદમ્) મેં કહેલા-મેં વર્ણવ્યા પ્રમાણે-હું કહું છું તે(પ્રોચ્યમાનમ્) સંપૂર્ણ રીતે વિગતવાર વિસ્તારથી (અશેષણ) સાંભળ. (શ્રુણુ)'

સાંખ્યશાસ્ત્ર પ્રમાણે જ્ઞાન, કર્મ અને કર્તાના સત્વ, રાજસ અને તમસ એવા ગુણ ભેદથી ત્રણ ત્રણ પ્રકાર વર્ણવ્યા બાદ હવે ગીતાકાર ગુણભેદે કર્તાની બુધ્ધિ અને ધૃતિ એટલે કે દ્રઢનિશ્ચયના ત્રણ ત્રણ પ્રકાર, ભેદ એ જ રીતે સમજાવે છે. આગળ ૧૮ મા શ્લોકમાં કર્મ સંગ્રહના ત્રણ હેતુ બતાવ્યા. કરણ, કર્મ અને કર્તા. આમાંથી કર્મ કરવા માટે જે ઈન્દ્રીયો વગેરે કરણ છે તેના સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ ભેદ થતા નથી. એ ઈંદ્રીયોમાં બુધ્ધિનીજ પ્રધાનતા રહેલી હોવાથી બધી ઈંદ્રીયો બુદ્ધિ અનુસાર જ કર્મ કરે છે. બુધ્ધિના નિશ્ચય વિચારને દ્રઢતાથી રાખવાવાળી ધારણ શક્તિનું નામ ધૃતિ છે. ધૃતી વગર બુધ્ધિ પોતાના નિશ્ચય પર દ્રઢ રહી શકતી નથી. એટલા માટે બુધ્ધિની સાથે સાથે ધૃતીના પણ ત્રણ ભેદ બતાવવાની આવશ્યકતા ઉભી થઈ.

સાંખ્યયોગમાં તો બુધ્ધિ અને ધૃતિની ખાસ આવશ્યકતા છે જ પરમાત્મપ્રાપ્તિ માટેનાં જેટલાં પણ સાધન છે તે બધામાં પણ બુધ્ધિ અને ધૃતીની જ આવશ્યકતા છે. એટલા માટે ગીતામાં બુધ્ધિ અને ધૃતિ બંનેને સાથે સાથે કહેલ છે. જેમ કે અધ્યાય ૬ ના શ્લોક ૨૫ પ્રમાણે 'શનૈ: શનૈરૂપરમેદ્ બુધ્ધયા ધૃતિગૃહતયા' અર્થાત 'ધૃતિથી વશ કરેલ બુધ્ધિ વડે ધીમે ધીમે વિષયમાંથી અટકવું' તો વળી અધ્યાય ૧૮ ના શ્લોક ૫૧ પ્રમાણે 'બુધ્ધયા વિશુદ્ધયા યુકતો ધૃત્યાત્માનં નિયમ્ય ચ' અર્થાત વિશુદ્ધ બુધ્ધિથી યુકત થઈ' ધૈર્ય, ધૃતિ વડે પોતાની જાતને સંયમમાં રાખીને.'

મનુષ્ય જે કંઈપણ કરે છે તે બુધ્ધિપુર્વક, સારી રીતે સમજી વિચારીને જ કર્મમાં પ્રવૃત્ત થાય છે. એ કાર્યમાં પ્રવૃત્ત થવા માટે પણ એને ધૈર્યની જરૂર પડે છે. બુધ્ધિમાં વિચારશક્તિ તેજ છે અને એને ધારણ કરવાવાળી શક્તિ એટલે કે ધૃતિ પણ શ્રેષ્ઠ છે. આમ થવાથી એની બુધ્ધિ પોતાના નિશ્ચિત લક્ષ્યથી ચલીત થતી નથી. બુધ્ધિ પોતાના લક્ષ્ય પર દ્રઢ થતાં કાર્ય સિદ્ધિમાં પરિણમે છે. શ્લોકમાં પ્રયોજાયેલ 'ધનડઝય' પદ અર્જુન માટે પ્રયોજાયું છે. પાંડવોએ રાજસૂર્ય યજ્ઞ કર્યો ત્યારે અર્જુને અનેક રાજાઓને જીતીને પુષ્કળ ધન એકઠું કર્યું હતું. તેથી તેનું નામ 'ધનંજય' પડયું . આ પદ દ્વારા ભગવાન એમ કહેવા માગે છે કે પોતાની સાધનામાં સાત્વીકી બુધ્ધિ અને ધૃતિને ગ્રહણ કરવાથી ગુણાતીત તત્વની પ્રાપ્તિ થાય છે, જે વાસ્તવિક 'ધન' છે. વાસ્તવિક ધનને ધારણ કરવામાં જ ધનંજય નામની સાર્થકતા છે.

ભગવાન કહે છે કે બુધ્ધિ પણ એક છે અને ધૃતિ પણ એક છે પરંતુગુણોની પ્રધાનતાના કારણે એ બુધ્ધિ અને ધૃતિના પણ સાત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ ત્રણ ભેદ થાય છે. આ ભેદોનું હું ખુબ સારી રીતે વિવેચન કરૂં છું. જે તું મારામાં મન લગાવીને, ધ્યાન દઈને સાંભળ. ધૃતિનો શ્રોત્ર વગેરે કરણોમાં સમાવેશ થતો ન હોવાથી ભગવાન અહીં 'ચૈવ' પદનો પ્રયોગ કરીને કહે છે કે, જેમ બુધ્ધિના ત્રણ ભેદ હું બતાવું છું તેમજ ધૃતિના પણ ત્રણ ભેદ બતાવીશ.' પ્રોચ્યમાન મશેષેણ' પદ દ્વારા કહે છે કે બુધ્ધિ અને ધૃતિના વિષયમાં જાણવા માટે જે જે આવશ્યક વાતો છે તે બધી હું સંપૂર્ણપણે તેને કહીશ, જેના પછી જાણવાનું કંઈ બાકી રહેતું નથી.

અધ્યાત્મ **૫૯૫** **પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ**

પરમાર્થ એ જ સ્વાર્થ

શ્રદ્ધા અને **સંસ્કાર**

ગતાંકથી ચાલુ

'હા પિતાજી ! તે જૈન સાધુ મહાત્મા જ હતા. માતાજી ! અમને તો આ આખો સંસાર બિહામણો લાગે છે અને વળી કદાચ લલચામણા અને લોભામણા સુખો હોય તો પણ તે સુખો માત્ર ક્ષણ જીવી હોય છે. ખુબ જ લાંબા કાળ સુધી દુ:ખોની હારમાળા સર્જનારા હોય છે. આમ આવા અનિત્ય અને દુ:ખકારક એવા સંસારમાં અમારૂં મન રહેવા તૈયાર નથી.

પોતાના બાળકોની આવી વિચારધારાથી તેઓએ બાંધેલા મનના ઉંચા મિનારા જાણે જમીન પર પડતા હોય તેવો ભાસ તેઓને થવા લાગ્યો.

'બેટા હમણાં સંસાર છોડવાનો વિચાર માત્ર ન કરતો. વેદશાસ્ત્રોમાં એક વાત સ્પષ્ટ છે કે પુત્ર જન્મ વિના ઉત્તમ ગતિ પ્રાપ્ત થતી નથી. આથી સંસારમાં રહીને વેદશાસ્ત્રનું અધ્યયન કર. સ્ત્રીઓની સાથે ઉદાર ભોગો ભોગવીને અંતે તાપસ બનીને જંગલમાં પ્રભુનું નામ લેજો. માતા પિતાએ બાળકોને સમજાવ્યું.

બંને બાળકોનો વૈરાગ્ય ખુબ જ તીવ્ર બન્યો હતો. તેમને સંસારના સુખોનું આકર્ષણ આકર્ષી ન શકયું. તેઓ બોલ્યા, 'પિતાજી ! આપ સંસારના સુખોને સુખ સ્વરૂપ કહો છો પણ વાસ્તવમાં તે સુખો દુ:ખ સ્વરૂપ છે અને દુ:ખનું ફળ ઉભું કરનારા છે. તેઓ ક્ષણનું સુખ તો કદાચ આપી દે છે પણ અનંતકાળ સુધી દુ:ખોની ઉંડી ખીણમાં નાખી દે છે અનેક અનર્થોનું સર્જન આ સુખો વર્તમાનમાં આપી દે છે. પિતાજી અમને કૃપા કરીને સંસારની લાલચ ન આપતા આ સુખો તો પતનની લપસણી ભૂમિ છે. તમારા બાળકોનું તમે હિત ઈચ્છતા હો તો અમને સંયમના માર્ગ તરફ જવાની સંમતિ આપો.

કર્મનો ઉદય વિચિત્ર હોય છે.આ કર્મોદય ઘણી વાર ધર્મ ભાવનાનો સમૂળગો નાશ કરતો હોય છે. ભૃગુ પુરોહિત તથા યશા બ્રાહ્મણી આજે એવા કર્મોદયથી ઘેરાઈ ગયા હતા જેથી કરીને તેઓ આજે પૂર્વમાં આરાધેલ સંયમ જીવનના સંસ્કારો સાવ ભુલી ગયા.

તેઓ બોલ્યા, બેટા સુખોને આ સંસારમાં ભોગવી લો. સુખોનું ફળ નરક આદિમાં દુ:ખ મળે છે એ તો ભ્રમણા છે. આ તો સાધુ સંતોએ ભોળા માણસને છેતરવા માયાજાળ રચી છે.વાસ્તવમાં આત્મા નામની વસ્તુ જ નથી.

ધર્મની આધારશીલા સ્વરૂપ આત્માનો જ અસ્વીકાર કરીને બંને પતિ-પત્નીએ બાળકોની શ્રદ્ધાના પ્રાસાદને વેરવિખેર કરી નાખવા માટે છેલ્લો એક ભયાનક પ્રયાસ કરી લીધો.

જાતિ સ્મરણ જ્ઞાન થવાથી બંને બાળક હોવા છતાં કુતર્કોને તોડી નાંખવા માટે ખુબ જ સમર્થ બની ગયા હતા. તેઓએ કહ્યું, પિતાજી ! આત્મા નથી દેખાતો માટે કોઈ વસ્તુ નથી તેવું કહેશો તો તેવી ઘણી વસ્તુ છે જે આંખથી નથી દેખાતી છતાં છે, ગંધ આંખથી દેખાતી નથી છતાં છે. અરે ! ભૂતપ્રેત તો કોઈ ઈન્દ્રીયથી જાણી શકાતા નથી છતાં પણ છે. બસ આજ રીતે આત્મા કોઈ ઈન્દ્રીયથી ગ્રહણ થતો નથી. તો પણ તેનું અસ્તિત્વ છે. પિતાજી હું હાલ પણ મારા પૂર્વ જીવનને જોઈ રહ્યો છે.

નાના બાળકોની આવી તર્ક સંયુકત વાતો સાંભળીને ભૃગુ પુરોહીતના અંધશ્રદ્ધાના વાદળો વીખેરાઈ ગયા. બાળકોની સાથે તે પણ સાધુ બનવા માટે કટીબદ્ધ બન્યો. પત્ની યશા જરૂર મારા માર્ગમાં અવરોધ ઉભો કરશે આથી પત્નીને કહ્યું : મારા નાના પુત્રો જો વીર બનીને આ સંસારનો ત્યાગ કરવા તત્પર બન્યા હોય તો હું જો સંસારમાં બેસી રહીશ તો જેમ શાખા છેદાઈ જાય અને વૃક્ષને ઠુંઠું કહેવામાં આવે છે તેમ મારી પણ તેવી જ હાલત થશે.યશા બ્રાહ્મણી પણ પોતાના પતિ તથા પુત્રોના વૈરાગ્ય ગર્ભિત વાર્તાલાપ સાંભળીને

અનુસંધાન પાના નં.૬ ઉપર

રોશન સભી કા હો જીવન, તૂ ઐસા કોઈ દીપ જલા

સૌરભ **બી.કે.નીતાબેન**

આપણે ઉજાશને પસંદ કરીએ છીએ. અંધકારને નહીં ખુશીનો પ્રસંગ હોય તો રોશની કરવામાં આવે છે. કોઈપણ ઉજવણીનો પ્રસંગ હોય તો ઘર શહેરને રોશનીથી સજાવવામાં આવે છે.જેમ દીવાળીનો ઉત્સવ આપણા સહુનો છે. દીવાળીમાં ઘર ઘર દીવા પ્રગટાવવામાં આવે છે. દુકાનો કારખાનાં કે સરકારી ઓફીસોને પણ સજાવીને આપણે ખુશીઓને વહેંચીએ છીએ.

કોઈપણ કાર્યક્રમ કરીએ છીએ ત્યારે પણ દીપ પ્રજ્વલિત જરૂર કરવામાં આવે છે.આ દીપ માત્ર રોશની જ નહીં પરંતુ શુભ સંકલ્પનો દીપ પ્રગટાવીને સમાજમાં રહેલ કુરિવાજોના અંધકારને, અંધશ્રધ્ધા, કુરીવાજોના અંધકારને દૂર કરવા માટે શુભ સંકલ્પના દીપએ પ્રગટાવવામાં આવે છે. આમ દીપ પ્રતિક છે. ઉજાશનો, શુભ વિચારનો, ખુશીઓનો, ઈશ્વરનો દરેક ઘર અને મંદિરોમાં પણ બે ટાઈમ દીપ પ્રગટાવવામાં આવે છે. ઘર કે દુકાનના મુહુર્તમાં પણ દીપ પ્રગટાવવામાં આવે છે. આમ દીપ એટલે ઉજાશ, દીપ એટલે જ્ઞાન, દીપ એટલે સમજ, દીપ એટલે સુખ, દીપ એટલે શાન્તિ, દીપ એટલે ખુશી, દીપ એટલે આનંદ.

વર્તમાન સમયમાં દરેકના પ્રગટાવવામાં કોઈને કોઈ અંધકાર જરૂર હોય છે. જીવન અંધકારની ઉંડી ખીણમાં ફસાયેલું નજરે આવે છે.કોઈ તનાવના અંધકારમાં ઘેરાયેલા છે. તો કોઈ ઈકોનોમિકલ સમસ્યાના વંટોળમાં, કોઈ રસ્તો નજર આવતો નથી. કોઈ સંબંધોના ગાઢ અંધકારમાં અટવાયેલા છે. તો કોઈ પોતાની જ કમી કમજોરીઓ, ખરાબ સંસ્કારોના અંધકારમાં ડુબેલા છે. કોઈ સ્વભાવ, સંસ્કારોના અંધકારમાં છે.

આમ આપણે જાણીએ છીએ કે સહુ કોઈ અંધકારની અસર તળે છે. આપણે જ્યાં અંધકાર દેખાય ત્યાં જેટલા દીપ પ્રગટાવવાની જરૂર પડે એટલા દીપ પ્રગટાવીને રોશની કરવાની જરૂર છે. આપણે માત્ર ફરીયાદો જ નહીં કરવાની કે અહીં અંધકાર છે. પણ જ્યાં અંધકાર દેખાય ત્યાં દીપ પ્રગટાવવાની શરૂઆત તો કરીએ. એક દીપ પણ પ્રગટાવીયું તો આપણે જોઈને બીજા પણ સામેલ થશે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

જીવન દર્શન **ભગવાનદાસ બંધુ**

વાયોલીનના સૂરથી આગવી સુગંધ પ્રસરાવી પ્રેરણાદાયી જીવન જીવતા પાટડીના અદના કલાકાર બાબુભાઈ પાટડિયા

પરમાત્મા બધે જ પહોંચી ના વળે એટલે દુનિયામાં આનંદ, સુખ, શાંતિ, ખુશીનું દિવ્ય અને ભવ્ય રીતે પ્રસારણ કરવા માટે સાધુ, સંતો, ફકીરો, ઓલિયાઓની સાથે સાથે આ પૃથ્વી ઉપર સાહિત્યકારો, કલાકારો અને ગાયકોને પણ મોકલી આપ્યા છે. પૈસાથી ફકીર પણ દિલથી અમીર લાગતા આ કલાકારો દુખિયાના બેલી બનવા માટે તેમની કલાનો સદ્ઉપયોગ કરતા હોય છે. પિતા દાનાભાઈ જેઠાભાઈ બારોટ અને માતા શ્રીમતી ગંગાબેન દાનાભાઈ બારોટના પરિવારમાં તા.૧-૬-૧૯૫૯ ના રોજ પાટડી મુકામે એક ગરીબ પરિવારમાં જન્મેલા બાબુભાઈ પાટડિયા ખુબ જ સરસ વાયોલીન વગાડીને આગવી નામના કમાયા છે.

પાંચ વર્ષની ઉંમરે શાળામાં ભણવા બેઠેલા બાબુભાઈને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી આઠ વર્ષથી નાની ઉંમરે જ અભ્યાસ છોડી દેવો પડયો. પરમાત્મા જેને આર્થિક રીતે સધ્ધરતા નથી આપતો એને કંઈક એવી કલા આપે છે કે જેના લીધે તેની સધ્ધરતા, મધુરતા અને મહાનતા વધી જાય, બાબુભાઈના પિતા શ્રી ભજનીક હોવાથી અને બાબુભાઈને પણ નાનપણથી જ સંગીતમાં રૂચિ હોવાથી તેમના પિતાની સાથે સાથે જ નાની ઉંમરથી જ તેમણે રાવણહથ્થો શીખવાની શુભ શરૂઆત કરી. પારિવારિક વાતાવરણ અને સંગીત રૂચિને લીધે આઠ વર્ષની ઉંમરે જ તેમણે રાવણહથ્થો વગાડવાની શરૂઆત કરી દીધી અને ધીમે ધીમે તેમાં પ્રગતિ કરતાં કરતાં આજે તો તેઓ ગુજરાતના પ્રખ્યાત વાયોલીનવાદક બની ચૂકયા છે અને અનેક કલાકારો, કથાકારો, સંગીતકારો સાથે તેઓ કામ પણ કરી ચૂકયા છે.ખુબ જ નાની ઉંમરે તેઓ રાવણહથ્થો વગાડતા ત્યારે તેમના મુળ ગામ પાટડીના જ ઠાકરસીભાઈ સોની, છોટુભાઈ પ્રજાપતિ, હરિભાઈ પ્રજાપતિ, મણીલાલ દરજી, ચમનલાલ ઠક્કર, માણેકલાલ સોની જેવા અનેક સજ્જનો સહપરિવાર બાબુભાઈને સાંભળતા, તેમની કલાને માણતા અને પ્રોત્સાહન પણ આપતા હતા. ધીરે ધીરે તેમની જિજ્ઞાસાવૃત્તિમાં વૃધ્ધિ થઈ અને અખિલ બ્રહ્માંડના નાથ શ્રી શંકર ભગવાન અને મહાવીર સાક્ષાત કળિયુગના દાદા એવા હનુમાનદાદાની મહાન કૃપાથી તેઓ એક સારા કલાકાર તરીકે બહાર આવ્યા. જીવનની શરૂઆતમાં તેઓ જાહેર સ્થળો ઉપર કે બસ સ્ટેશન ઉપર રાવણહથ્થો વગાડતા અને લોકોને સંગીત પીરસતા બદલામાં લોકો પણ તેમની આ કલાથી રાજી થઈ એક રૂપિયો, બે રૂપિયા આપતા અને પ્રોત્સાહન પણ પુરૂં પાડતા.હંમેશા સમયની બલિહારી સૌને સાથ આપતી હોય છે તેમ એક સમય એવો હતો કે બાબુભાઈ પાસે નવું વાયોલીન લાવવા માટેના પૈસા નહોતા ત્યારે તેમની સંગીતશક્તિ ઉપર ફિદા થઈને પાટડીના વતની બેંક ઓફ ઈન્ડિયાના અધિકારી કનુભાઈ જેતાભાઈ ગઢવીએ તેમને નવું વાયોલીન લેવા માટે લોન આપવાની તૈયારી બતાવી. જોકે ગઢવીજીની ઉદારતા સારી હતી પણ બાબુભાઈને કોઈ જામીન મળતા નહોતા એવામાં જ એક ઉભરતા કલાકારને મદદ મળે, પ્રોત્સાહન મળે અને તેમની પ્રગતિ થાય એ માટે છોટુભાઈ પ્રજાપતિને આ વાતની જાણ થતાં જ તેઓ તરત જ જામીન થવા તૈયાર થયા અને બાબુભાઈએ તરત જ લોન લઈ નવું વાયોલીન લાવી પાટડીના શંકર ભગવાનના મંદિરમાં જ દેવોના દેવ મહાદેવજી સન્મુખ વાયોલીન વગાડયું. સાથે સાથે પ્રતિજ્ઞા પણ લીધી કે હવે જાહેરમાં બજારમાં ફરીને કે વગાડીને કયારેય ભીક્ષા નહીં માગું. છોટુભાઈ પ્રજાપતિ લોન લેવામાં તેમના જામીન થયા એ વાતનું આજે પણ ગૌરવભેર તેઓ સ્મરણ કરે છે. દિવસે દિવસે તેઓ એક સારા કલાકાર, વાયોલીન વાદક બનતા ગયા અને પરમ પિતા પરમાત્માની અતિ કૃપાદ્રષ્ટીથી કરશનભાઈ સાગઠીયાના કાર્યક્રમમાં સૌ પ્રથમ વાર જાહેર સમારંભમાં વાયોલીન વગાડવાનો મોકો મળ્યો અને તેમણે જીવનની નવી કારકીર્દીની શુભ શરૂઆત કરી. સમય સાથ આપતો ગયો અને ધીરે ધીરે બાબુભાઈએ ગુજરાતના ખ્યાતનામ નામી કલાકારો જેવા કે પ્રફુલ્લભાઈ દવે, લક્ષ્મણ બારોટ, રામદાસ, દીવાળીબેન ભીલ, કાનદાસ બાપુ, ભીખાભાઈ ગઢવી, ભીખુદાન ગઢવી, પ્રવિણદાન ગઢવી જેવા અનેક કલાકારોની સાથે રહીને મોટા મોટા કાર્યક્રમોમાં સંગીત પીરસી વાયોલીનના મહેંકતા મધુરા સુરથી સૌને ડોલાવ્યા, આનંદ આપ્યો અને રાજી કર્યા. તેમને અભિનંદન આપવા તેમનો મો.નં.૯૮૭૯૨૪૮૮૧૪ છે.પૂજ્ય મા કનકેશ્વરી દેવી, છોટે મોરારી બાપુ, કમીજલા ભાણસાહેબની જગ્યાના યુવાન મહંત પૂજય જાનકીદાસજી બાપુ, વિક્રમશાસ્ત્રીજી જેવા વિવિધ કથાકારો સાથે પણ કથાઓમાં વાયોલીન વગાડીને તેમણે અપાર સંતકૃપા પ્રાપ્ત કરી છે. તેમના ભાઈઓ વિનુભાઈ, નવીનભાઈ, બહેનો કાંતાબેન, લીલાબેન, જયાબેન, ધર્મપત્ની ભાનુબેન, દિકરો આત્મારામ, દિકરીઓ નિરૂબેન, રંભાબેન અને મોંઘીબેન સહિતનું સમગ્ર પરિવાર અને સ્નેહીજનો, મિત્રો, પરિચિતો, સ્વજનો અને પાટડીના ગ્રામજનો પણ બાબુભાઈની પ્રગતિથી ખુબ જ રાજી અને પ્રભાવિત છે. બાબુભાઈનું આવી સુંદર કલાકારી બદલ ગુજરાતના નામદાર રાજયપાલશ્રી તરફથી પણ સન્માન કરવામાં આવેલ છે. માનવ કલ્યાણ ટ્રસ્ટ સાવડા,આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ સમાજ દશાડા,લોકસેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સહિત અનેક સંસ્થાઓએ બાબુભાઈ પાટડીયાનું જાહેર સન્માન કરીને તેમની ગતિ-પ્રગતિને વેગ આપ્યો છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૦ વખત તેઓ દુરદર્શન ઉપર તેમના કાર્યક્રમો આપી ચૂકયા છે. તેમની કલાશક્તિથી પ્રભાવિત થઈ થોડા વર્ષો પહેલાં કેશોદના પાગલ બાપાએ એમને જર્મનનું સુંદર વાયોલીન પણ ભેટ આપ્યું હતું. ભગવાનના દુત બનીને વાયોલીનવાદક તરીકે આ પૃથ્વી ઉપર આવેલા બાબુભાઈ પાટડીયાનો આ લેખ વાંચી

અનુસંધાન પાના નં.૬ ઉપર

રાજયની ૧૪૨૩...

પાના નં.૧ ચાલુ

મતદાનનો સમય સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી રહેશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ગ્રામ પંચાયતની સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણીમાં ઈવીએમના ઉપયોગથી મતદાન કરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના ૩૦મી ઓક્ટોબરના હુકમ હેઠળ નોટાનો ઉપયોગ પણ કરી શકાશે. ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વાત કરવામાં આવે તો અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સંખ્યા ૨૨ રહેલી છે. આણંદમાં ૧૨૫ રહેલી છે. ચોથી ફેબ્રુઆરીના દિવસે યોજાનાર સામાન્ય, વિભાજનવાળી ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાનું પત્રકમાં તમામ વિગતો સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે.

ગુજરાતભરમાં...

પાના નં.૧ ચાલુ

લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી નોંધાયું હતું. રાજયના મોટાભાગના શહેરોમાં આજે પણ લઘુત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ રહી હતી. ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આની સાથે જ ગરમ વસ્ત્ર બજારમાં પણ જોરદાર તેજી આવી ગઈ છે. બીજી બાજુ રાહતની બાબત એ પણ છે કે, કોલ્ડવેવ માટેની કોઇ ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી નથી. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવની કોઇ આગાહી કરવામાં આવી નથી. આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી લોકો વહેતા શીત પવનોની સાથે કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે ત્યારે રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનનો પારો ૧૦થી ૧૩ ડિગ્રી વચ્ચે રહ્યો હતો. રાજયમાં ઉંમરલાયક વૃધ્ધોની સાથે બાળકો અને શ્વાસને લગતી વિવિધ બીમારીનો શિકાર એવા લોકો માટે વહેતા થતા ઠંડા પવનોને કારણે મુસીબતમાં વધારો થવા પામ્યો છે આ ઉપરાંત રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, પૂર્વીય અફઘાનિસ્તાનની સાથે પાકિસ્તાનમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાવા પામ્યુ છે. આ ઉપરાંત ગુજરાત ઉપર અપરએર સાઈકલોનિક સિસ્ટમ સર્જાતા ઠંડીના પ્રમાણમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોની હાલત સૌથી કફોડી જોવા મળી રહી છે. રાજયમાં આજે રાજધાની ગાંધીનગરમાં પણ લોકોએ તીવ્ર ઠંડીનો અનુભવ કરવો પડ્યો હતો.આ ઉપરાંત અમદાવાદ જેવા શહેરમાં પણ પ્રદૂષણની વચ્ચે પણ ઠંડા પવનોની વચ્ચે ઠંડીનો અનુભવ કરવામાં આવી રહ્યો છે.

અંતિમ પૂર્ણ ..

પાના નં.૧ ચાલુ

રાહત આપવામાં આવી શકે છે. આ ઉપરાંત લેવી પણ ૧૦ ટકાથી ઓછો કરવામાં આવી શકે છે. એનડીએ સરકાર મિડલ કલાસ અને ગરીબ વર્ગના લોકોને પ્રભાવિત કરનાર બજેટ રજૂ કરવાની તૈયારીમાં છે. તાજેતરમાં જ આ વર્ગને રાહત આપવા માટે સરકારે ૨૦૦ વસ્તુઓને ૨૮ ટકાના જીએસટીની હદમાંથી બહાર કર્યા હતા. નામ જાહેર નહીં કરવાની શરતે સુત્રોએ કહ્યું છે કે, આનાથી પાંચ હજાર રોકાણકારો ઉપર અસર થશે પરંતુ આમા પાંચ કરોડ પરિવારોને લાભ મળશે. સુત્રોનું કહેવું છે કે, નાણામંત્રી અરુણ જેટલીની સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ મોદી રાજકીય દ્રષ્ટિથી મોટો ફેંસલો કરીને ટેક્સમાં શ્રેણીબદ્ધ રાહતો આપી શકે છે. જો સરકાર આ દિશામાં આગળ વધશે તો ટેક્સમાં છુટછાટનો નિર્ણય લેતી વેળા સરકારને આ બાબતને પણ ધ્યાનમાં રાખવી પડશે કે તેના ફલેગશીપ કાર્યક્રમો માટે સંશાધનોની કોઇ કમી ઉભી ન થાય. હાલમાં ૨.૫ લાખ રૂપિયાની આવક ઉપર કોઇ ટેક્સ નથી. આ ઉપરાંત પીપીએફ અને પાંચ વર્ષ માટે બેંક ખાતામાં ૧.૫ લાખ રૂપિયા સુધીના રોકાણ ઉપર રાહત આપવામાં આવે છે. બીજી બાજુ ઈન્કમટેક્સ એક્ટની કલમ ૮૦સી હેઠળ પણ ટેક્સમાં કેટલીક છુટછાટો આપવામાં આવે છે.

ગુજરાત વિધાનસભાનું..

પાના નં.૧ ચાલુ

સ્પીકર ધારાસભ્યોને શપથ લેવડાવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભા બિલ્ડીંગનું રીનોવેશન હાલ ચાલી રહ્યુ છે. અને આ કામ ફેબ્રુઆરીના બીજા પખવાડીયા સુધી સંપન્ન થશે અને ત્યારબાદ ફેબ્રુઆરી મહીનાના અંતિમ સપ્તાહમાં વિધાનસભાનું બીજુ સત્ર મળશે તેમ સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે.

લગાન ફિલ્મના..

પાના નં.૧ ચાલુ

હતા. ૨૦૦૩માં આવેલી ફિલ્મ સત્તામાં રાજનેતાની ભૂમિકા અદા કરી હતી. ૧૯૯૯માં રજૂ થયેલી શૂલ ફિલ્મમાં પણ તેમની ખાસ ભૂમિકા હતી. ૨૦૦૮માં રજૂ થયેલી હોરર ફિલ્મ ૧૯૨૦માં વ્યાસે ડોક્ટરની ભૂમિકા અદા કરી હતી. પોતાના અભિયન કેરિયરમાં વ્યાસે ૬૦ નાની મોટી ફિલ્મો કરી હતી. ૨૦૦૮માં પેરાલિસીસનો એટેક થયા બાદ તેમની તબિયત સારી રહેતી ન હતી. શરૂઆતી દિવસોમાં મુંબઈમાં સારવાર કરાવી હતી પરંતુ આર્થિક તકલીફના કારણે તેમના વતન જેસલમેરમાં પરિવારે સારવાર કરાવવાનો નિર્ણય કર્યો હતો.

બેંગલોર : એક..

પાના નં.૧ ચાલુ

મૃતકોન ઓળખ ૨૩ વર્ષીય સ્વામી, ૨૦ વર્ષીય પ્રસાદ, ૩૫ વર્ષીય મહેશ તરીકે થઇ છે. આ ઉપરાંત હસનમાં રહેનાર ૪૫ વર્ષીય મંજુનાથ અને માંડ્યાના કિર્તીની પણ આગમાં બળી જવાથી મોત થયા છે. પોલીસના કહેવા મુજબ કેટલાક લોકોએ સવારમાં ૨.૩૦ વાગે રેસ્ટોરન્ટમાંથી ધુમાડાને નિહાળતા આ સ્થિતી સર્જાઇ હતી. લોકોમાં તરત જ ભાગદોડ મચી ગઇ હતી. હાલમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. પોલીસનુ કહેવુ છે કે આગ ફાટી નિકળવાના કારણે મામલામાં તપાસ ચાલી રહી છે. સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે. અત્રે નોંધનીય છે કે મુંબઈમાં હાલમાં આગ ફાટી નિકળવાની બે ઘટના બન હતી. એક બનાવમાં ૧૫ના મોત થયા હતા અને અન્ય બનાવમાં ચાર લોકો જીવતા ભડથુ થઇ ગયા હતા. વાણિજ્ય પાટનગર મુંબઈમાં આગની ઘટનાને લઈને તપાસ હજુ ચાલી રહી છે.

બેંગલોર : એક..

પાના નં.૧ ચાલુ

મૃતકોન ઓળખ ૨૩ વર્ષીય સ્વામી, ૨૦ વર્ષીય પ્રસાદ, ૩૫ વર્ષીય મહેશ તરીકે થઇ છે. આ ઉપરાંત હસનમાં રહેનાર ૪૫ વર્ષીય મંજુનાથ અને માંડ્યાના કિર્તીની પણ આગમાં બળી જવાથી મોત થયા છે. પોલીસના કહેવા મુજબ કેટલાક લોકોએ સવારમાં ૨.૩૦ વાગે રેસ્ટોરન્ટમાંથી ધુમાડાને નિહાળતા આ સ્થિતી સર્જાઇ હતી. લોકોમાં તરત જ ભાગદોડ મચી ગઇ હતી. હાલમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. પોલીસનુ કહેવુ છે કે આગ ફાટી નિકળવાના કારણે મામલામાં તપાસ ચાલી રહી છે. સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે. અત્રે નોંધનીય છે કે મુંબઈમાં હાલમાં આગ ફાટી નિકળવાની બે ઘટના બન હતી. એક બનાવમાં ૧૫ના મોત થયા હતા અને અન્ય બનાવમાં ચાર લોકો જીવતા ભડથુ થઇ ગયા હતા. વાણિજ્ય પાટનગર મુંબઈમાં આગની ઘટનાને લઈને તપાસ હજુ ચાલી રહી છે.

અંકલેશ્વર ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ એકઝીબીશનમાં સરકારી ક્ષેત્રની એમ.એસ.એમ.ઈ., એન.એસ.આઈ.સી., ઈન્ડીયન રેલ્વે, ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાઝમાં રીસર્ચ, જી.એ.સી.એલ., હેવી વોટર પ્લાન્ટ - ડીપાર્ટમેન્ટ ઓફ એટોમીક એનર્જી સહિત ફાર્માસ્યુટીકલ્સ, કેમિકલ્સ, પેટ્રો-કેમિકલ્સ, પોલીમર્સ, એગ્રીકલ્ચર પેસ્ટીસાઈડસ, ઓઈલ એન્ડ લુબ્રીકેન્ટસ, એન્જીનીયરીંગ, ટુલ્સ એન્ડ મશીનરી, પ્રોસેસ કન્ટ્રોલ ઈકવીપમેન્ટસ, પોલ્યુશન કન્ટ્રોલ ઈકવીપમેન્ટસ, ઈલેક્ટ્રીકલ્સ એન્ડ ઈલેક્ટ્રોનીક્સ, ઓટોમેશન એન્ડ ઈન્સ્ટુમેશન, પાવર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર વિ.ઉદ્યોગોએ ભાગ લીધેલ છે, આ એક્સ્પોમાં ૩૦૦ ઉપરાંત સ્ટોલ બુક થયેલ છે.

ભા.વિ.પ. ઉત્તર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ડીસા શાખાના પ્રમુખ ડૉ. ભૂપેશભાઈ ત્રિવેદી, મહામંત્રી જયેશભાઈ દેસાઈ ઉપપ્રમુખ પારસભાઈ ત્રિવેદી, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, ડૉ.તુષારભાઈ શાહ, પૂર્વ પ્રમુખ પરેશભાઈ જીવરણી, પૂર્વ મંત્રી હરેશભાઈ ઠક્કર, ડૉ. વિશાલ ઠક્કર જેવા કાર્યકરોએ ઉપસ્થિત રહીને વિજેતા ટીમને બિરદાવી હતી. પ્રાંતનાં સંયોજિકા ડૉ.અમિતાબેન જોષી તથા ડૉ.અંજયભાઈ જોશીને ટેલીફોનીક શુભેચ્છાઓ પાઠવીને ગાયક વૃંદને ધન્યવાદ આપ્યા હતા. પ્રાંત સહ સંયોજીકા પુર્ણીમાબેન મોદી, મોનાબેન ચંદારાણા તથા કમલ ચંદારાણા પ્રાંત અધ્યક્ષ અરવીંદભાઈ તુવર, સંસ્થાના સીનીયર અધિકારી ભરતભાઈ અખાણી તથા ગણમાય કાર્કરોએ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગી ઉંઝા ટીમના ઉત્સાહી ભાઈઓ - બહેનોને અભભિનંદન આપ્યા હતા.

રાજ્યના હાઇવે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને ખોટી રીતે ઓવરટેક કરશે. અથવા ભય જનક વાહન ચલાવશે તો તેવા વાહન ચાલકો ને દંડ, જેલ અને લાયસન્સ રદ કરવા સુધીના કડક કાર્યવાહીના પગલાં લેવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે આ કાયદાને અમલીકરણ બનાવવા માટે સરકાર આગામી વિધાન સભાના બજેટ સત્રમાં સુધારો લાવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છેકે કાયદાના અમલીકરણ આવ્યા બાદ ગુજરાત ટ્રાફિક પોલીસ શરૂઆતમાં વાહન ચાલકોને લેનમાં રહી વાહન હંકાર વાની ટેવ પાડવા સમજાવશે અને તેમ છતાંય વાહન ચાલકો નહી માને તો કાયદાકીય કાર્યવાહી કરશે. અને તમામ વાહન ચાલકો લેનમાં રહી વાહન ચલાવતા થઈ જાય તે માટે ટ્રાફિક વિભાગની મોબાઈલ વેન ફરતી રહેશે.

ફિલ્મ અભિનેતા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તેમણે કહ્યું કે આ સંસ્થાના શિક્ષણ અને ઘડતરના કારણે મારા જેવો ગરીબ ઘરનો દિકરો લોકસભામાં પહોંચી શકયો છે. મંત્રીએ કહ્યું કે આ સંસ્થાએ વિધાનભાના પૂર્વ અધ્યક્ષ ધીરુભાઇ શાહ, પ્રણવભાઇ મિસ્ત્રી, પ્રકાશભાઇ કોઠારી વગેરે જેવી મહાન પ્રતિભાઓ આપી છે. તેમણે કહ્યું કે સમાજ સેવામાં જૈન શ્રેષ્ઠીઓનું યોગદાન સરાહનીય છે. હોસ્પીટલો, સ્કુલો અને પાંજરાપોળ વગેરે દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ કરી જૈન સમાજે તમામ લોકોની સેવા કરી છે. આ પ્રસંગે હિન્દી ફિલ્મ અભિનેતા આમીરખાને જણાવ્યું કે વિધામંદિર સ્કુલનો ઇતિહાસ આપણને પ્રેરણા આપે છે. આ સ્કુલ શરૂ કરનાર દાતાઓ અને ટ્રસ્ટીઓને અભિનંદન પાઠવું છું. તેમણે પોતાના બાળપણ અને સફળતા વિશે વિસ્તારપૂર્વક વાતચીત કરી વિધાર્થીઓને સખત મહેનત કરવાની સલાહ આપી હતી. આમીરખાને કહ્યું કે જીવનમાં સફળ થવા સફળતા પાછળ ન દોડો........... શ્રેષ્ઠ કરવાનો પ્રયાસ કરો..... તેમણે બાળકોમાં જીજ્ઞાશા પેદા કરવા અને બીજાને મદદરૂપ થવાની ભાવના કેળવવા જણાવ્યું હતું.

આ પ્રસંગે એચ.ડી. એફ.સી.ગ્રુપના ચેરમેન દિપક પારેખે પ્રાસંગીક પ્રવચનમાં વિધામંદિર ટ્રસ્ટના કાર્યોની સરાહના કરી હતી. કાર્યક્રમમાં આસીષભાઇ મહેતા, રસેલભાઇ મહેતા, હર્ષદભાઇ મહેતા સહિત સમગ્ર દેશ અને દુનિયામાંથી જૈન અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસાના નવનિયુક્ત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અંદાજે ૮૦૦૦(આઠ હજાર) જેટલા કાર્યકરોએ ખાસ ઉપસ્થિત રહીને શશીકાંતભાઈ પંડ્યાને શુભકામના પાઠવી હતી. કાર્યક્રમનો પ્રારંભ વંદેમાતરમ ગાનથી કરાયો હતો અને ભાજપ મહિલા મોરચાના અગ્રણી રીનાબેન પટેલે ગાયત્રી મંત્રનું ગાન કર્યું હતું. સૌનું શાબ્દિક સ્વાગત ૧૩- ડીસા વિધાનસભા મતવિસ્તારના ઈન્ચાર્જ, ગુજરાત વેર હાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનભાઈ માળીએ કર્યા બાદ અધ્યક્ષ મહોદય પૂજ્ય રૂપપુરીજી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા. તમામ આગેવાનોના વક્તવ્ય બાદ નવનિયુક્ત ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ તેમને જીતાડવા બદલ સૌનો આભાર માની સૌના સહકારની અભ્યાસ સાથે ડીસા નગર અને ડીસા તાલુકાના વિકાસ માટે ખાત્રી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્દઘોષક ભગવાનભાઈ બંધુ અને નામી કલાકાર મેહુલભાઈ જોષીએ કર્યુ હતું. જયારે આભારવિધિ ભરતભાઈ ધૂંખે કરી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે સંયોજક મહેશભાઈ દવેના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્વાગત સમિતિ, રવિરાજ કોલ્ડ સ્ટોરેજના માલિક રમેશભાઈ જોષી અને સ્ટાફ, અમિતભાઈ રાજગોર, સંજયભાઈ ગેલોત, રસિકજી ઠાકોર સહિત અનેક કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

ડાયમંડ સીટી...

પાના નં.૮ ચાલુ

આનંદ અને ગૌરવની બાબત છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે દેશમાં તમામ ક્ષેત્રોમાં ઝડપભેર વિકાસ થઇ રહ્યો છે. વિદેશી મુડીરોકાણના દરમાં ૪૨ ટકાનો વધારો થયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ કરેલ બેટી બચાવો... બેટી પઢાવો.... અભિયાનને લીધે દિકરીઓના જન્મુદરમાં નોંધપાત્ર વધારો થયો છે એમ જણાવતાં મંત્રીએ કહ્યું કે દિકરીઓના જન્મુદરમાં વધારો અને કન્યા કેળવણીમાં નોંધપાત્ર પ્રગતિથી આદર્શ અને સમૃધ્ધા સમાજનું નિર્માણ થઇ રહ્યું છે.

સિંચાઇ અને પાણી પુરવઠા રાજયમંત્રી પરબતભાઇ પટેલે પ્રાસંગીક પ્રવચનમાં મકર સંક્રાંતિ પર્વનો ધાર્મિક મહિમા સમજાવતાં જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિ અને આપણા દેશની ભવ્ય પરંપરા માનવ જીવનને આદર્શ દિશા અને પ્રેરણા આપે છે. તેમણે કહ્યું કે ભારતનો સાંસ્કૃવતિક વારસો અને ભવ્યછ પરંપરા સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી છે. ઉત્તરાયણ એટલે ગાયોને ઘાસ વગેરે નાખી દાન-પૂણ્યે પામવાનો તહેવાર એમ જણાવતાં તેમણે કહ્યું કે ભારતીય સંસ્કૃતિ દરેક જીવનું કલ્યામણ ઇચ્છમતી મહાન અને પ્રેરણાદાયી સંસ્કૃતિ છે. વડાપ્રધાન નરેન્દ્રપભાઇ મોદીના લીધે પતંગ મહોત્સીવ અને યોગને વૈશ્વક કક્ષાએ સ્થાકન મળ્યું છે એમ તેમણે ઉમેર્યુ હતું. બનાસકાંઠા જીલ્લામ વહીવટીતંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીનય પતંગ મહોત્સ વ માટે કરાયેલ સુદ્દઢ વ્યવસ્થાની મંત્રીશ્રીએ સરાહના કરી હતી.

કલેકટરશ્રી આર.જે. માકડીયાએ સ્વાલગત પ્રવચન કરતાં જણાવ્યુ કે ગુજરાતમાં ટુરીઝમ વિકાસને વેગ આપવા સરકારશ્રી ધ્વારા આવા કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે દેશ-વિદેશમાંથી આવેલ ખ્યાતનામ પતંગબાજો વિશે તેમણે વિગતો આપીને સર્વને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના પ્રમુખશ્રી દિનેશભાઇ દવે, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નિલમબેન જાની, ડીસા નગરપાલિકાના પ્રમુખશ્રી પ્રવિણભાઇ માળી, પૂર્વમંત્રી હરજીવનભાઇ પટેલ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના ડિરેકટરશ્રી દોલતપુરી ગોસ્વાભમી, અગ્રણીઓ સર્વ હરેશભાઇ ચૌધરી, ભગુભાઇ પટેલ, અશ્વિનભાઇ સકસેના, લાલજીભાઇ પ્રજાપતિ, જીલ્લાક વિકાસ અધિકારીશ્રી અમીત અરોરા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, અધિક નિવાસી કલેકટરશ્રી એલ.બી. બાંભણીયા, પ્રાન્તસ અધિકારી એ. ડી. જોષી, જીલ્લા પુરવઠા અધિકારી એસ. જે. ચાવડા સહીત અગ્રણીઓ, અધિકારીઓ, વિધાર્થીઓ તથા વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પુર સહાય...

પાના નં.૮ ચાલુ

ધોવાણ તથા પશુઓ ના મોત અને રહેઠાણ ને ભારે નુકશાન થવા પામ્યું હતું.જેમાં સરકાર દ્વારા આપવામાં આવેલી સહાયમાં મોટા પ્રમાણમાં ગેરરિતીઓ આચરવામાં આવતાં સાચાર અસરગ્રસ્તો રહી ગયા અને ખોટા લાભ લઈ ગયાની સ્થિતી સર્જાવા પામી હતી. આથી સહાયથી વંચિત તાલુકાના આવા ખેડુતો સહાય માટે તાલુકા પંચાયતના પગથીયાં ઘસી રહ્યા છે. સોમવારે પણ તાલુકાના વિવિધ ગામોના ખેડુતોનું ટોળું તાલુકાપંચાયત કચેરીમાં ધસી આવ્યું હતું.જોકે અધિકારીઓના ટેબલ પરથી રોજ મળતો એજ જવાબ મળતાં ખેડુતોની ધીરજ ખુટવા પામી હતી.અને તાલુકાપંચાયતના પગથીયાં આગળ જ કચવાટ સાથે રોષની લાગણી પ્રકટ કરી બળાપા સાથે હોબાળો વ્યક્ત કર્યો હતો.અત્રે નોંધનીયછેકે તાજેતરમાં જ ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલના સમર્થનમાં આવેલા રાજયના મુખ્યમંત્રી વિજયરૂપાણીએ પણ બાકી રહી ગયેલા ખેડેતોનો રિસર્વે કરાવીને સહાય આપવામાં આવશે તેની ખાત્રી આપ્યા બાદ પણ સહાય નહી મળ્યાની લાગણી ખેડુતો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.ખેડુતોએ જો સત્વરે સહાય નહી આપવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી.

પીલુડા ગામે ...

પાના નં.૮ ચાલુ

લાકડી તથા ગડદા પાટુનો માર મારી ઈજા પહોચાડી હતી. તેમના માતા- પિતા વચ્ચે છોડાવવા પડતાં તેમને પણ માર માર્યો હતો. અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આથી ત્રણેયને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ અંગે કિર્તીભાઈની ફરિયાદના આધારે થરાદ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

થરાદની ખોડા...

પાના નં.૮ ચાલુ

કિ.રૂા. ૧૪,૮૩,૨૦૦ તથા ટ્રક કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦ ની તથા એક મોબાઈલ કિ.રૂા.૫૦ મળી કુલ કિ.રૂા.૨૪,૮૩,૭૦૦ નો મુદ્દામાલ સાથે ટ્રક ચાલક રણજીતસિંગ હરજીન્દરસીંગ સીખ તથા સંદીપસીંગ જશપ્રીતસીંગ સીખને ઝડપી લઈ બંને વિરૂધ્ધ થરાદ પો.સ્ટે.માં પ્રોહીનો ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધાનેરા તાલુકાના...

પાના નં.૮ ચાલુ

શાળા, થાવર પે.કેન્દ્ર શાળા તથા મોટામેડા પ્રાથમિક શાળાની ઓચીંતી તપાસ હાથ ધરી હતી. થાવરમાં મનીષ પટેલ, ભીલવાસ થાવરમાં મહેન્દ્રભાઈ જાની અને રમણભાઈ ચૌહાણ તથા ભરત પ્રજાપતિ વગર રજાએ ગેર હાજર જોવા મળ્યા હતા. તેઓ રજીસ્ટરમાં કોઈ આકસ્મીક રજા રીપોર્ટ કે મોબાઈલ દ્વારા પણ આચાર્યને કે તેના ઉપરી અધિકારીને જાણ કર્યા વગર ગેર હાજર રહ્યા હોઈ તેઓની સામે કાયદેસર પગલાં ભરવા મામલતદારે ટી.ડી.ઓને સુચના આપી હતી. ધાનેરા સ્કૂલોમાં પાલનપુર, મહેસાણા, સાબરકાંઠા જિલ્લામાંથી અનેક શિક્ષકો અનિયમિત અપડાઉન કરે છે. અને ઓછા ભાડાનું દુધનું ટેન્કર પાલનપુરથી આવે તો જ આ કર્મચારી નોકરી કરવા આવે છે. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારી તપાસ કરે તો કેટલા અનિયમિત અને ગેરહાજર રહી બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરે છે. તેની સત્યતા બહાર આવે.

આજદીન સુધી કોઈ ટી.પી.ઓ, ટી.ડી.ઓ. કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે તાલુકા બીટ કેળવણી નિરીક્ષકો શુ કરે છે સરકારનો પગાર લઈ ફક્ત કોમ્પ્યુટર માહિતીઓ આપી સબ સલામતના નારા જ બોલાવે છે. પછી પ્રાઈવેટ સ્કૂલોમાં જ બાળકોન જાય તો શુ કરે ?

ડીસામાં મહિલા...

પાના નં.૮ ચાલુ

પે.ટી.એમ દ્વારા ઉપડી ગયા હોવાનું જાણવા મળતા. ભોગ બનનાર મહિલાએ ડીસા ઉત્તર પોલીસ મથકે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવેલ. પોલીસ એ સાઈબર ક્રાઈમનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસામાંથી વિદેશી...

પાના નં.૮ ચાલુ

માર્ગદર્શન હેઠળ તેમજ ડીસા દક્ષિણ પી.આઈ. આર.આર. સિંઘાલની સુચના મુજબ પી.એસ. આઈ. એમ.જે. ચૌધરી, એમ.કે.ચૌધરી અને ડી.કે. બ્રહમભટ્ટ તેમજ એ.એસ.આઈ. રૂપાભાઈ, હે કોન્સ. દશરથભાઈ, રાજેશકુમાર, પો.કો. દિલીપકુમાર, કિરીટસિંહ, આદિલ મહમદ તથા ભગવાનભાઈ સહિત સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા.દરમ્યાન બાતમી આધારે ડીસા જી.આઈ.ડી. સી. ત્રણ રસ્તા તેમજ ભોપાનગર પોલીસ ચોકી પાસે નાકાબંધી કરી હતી. જેમાં એક શંકાસ્પદ સ્કોડા ગાડી નં. GJ-૦૮AE-૪૮૮૪ આવતા તપાસ કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની ૫ર પ્રાતિય ઈંગ્લીશ દારૂની કુલ નાની મોટી બોટલ નંગ- ૭૬૮ કિ.રૂ. ૧,૦૫,૬૦૦ મળી આવતા પોલીસે દારૂ તેમજ સ્કોડા ગાડી કિ.રૂ. ૧૦,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૧૧,૦૫,૬૦૦ નો જપ્ત કર્યો હતો. જ્યારે બીજી એક

શેવરોલેટ ક્રૂઝ ગાડી નં. GJ - ૦૧ KF - ૫૪૨૩ ને પકડી તેની તપાસ કરતા સદરે તેમાંથી પણ અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ- ૨૨૭ કિ.રૂ. ૪૯,૪૦૦ મળી આવતા દારૂ તેમજ ચેવરોલેટ ક્રૂઝ કાર કિ.રૂ. ૧૨,૦૦,૦૦૦ મળી કુલ મુદામાલ કિ.રૂ. ૧૨,૪૯,૪૦૦ નો જપ્ત કર્યો હતો. આમ પોલીસે બંન્ને ગાડીઓમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ- ૯૯૫ કિ.રૂ. ૧,૫૫,૦૦૦ તથા ગાડીઓની કિ.રૂ. ૨૨,૦૦,૦૦૦ મળી કુલ ૨૩,૫૫,૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

જોકે બન્ને ગાડીઓના ચાલક પોતાની ગાડી મુકી નાસી ગયેલા હોઈ તેમના વિરૂધ્ધમાં પ્રોહીબિશન એકટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરવામાં આવી છે.

થરાદ ચાર..

પાના નં.૮ ચાલુ

આવે અને આ માર્ગ પણ પહોળો કરી આમ લોકો ને પડતી તકલીફોનું કાયમી નિરાકરણ આવે તેવી આ બાબત ને ગંભીરતા પૂર્વક લઇ સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની પણ માંગણી કરી હતી.જોકે આર એન્ડ બી ના કર્મચારીએ આ માંગણીને જીલ્લા સ્તરે મોકલી આપવાની પણ ખાત્રી આપી હતી.

શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

ભાવવિભોર બની હતી. ભૃગુ પુરોહીત સાથે તે પણ સંયમ ગ્રહણ કરવા તૈયાર થઈ ગઈ. પુરોહીતને ખબર ન હતી કે બ્રાહ્મણી આટલી જલદી તૈયાર થશે.ખરેખર સંસ્કારો કયારે પણ નિષ્ફળ જતા નથી. કરોડો વર્ષો પછી પણ શુભ સંસ્કારો શુભ ફળ આપનારા બને જ છે. ભૃગુ પુરોહિત અને યશા બ્રાહ્મણી માટે પણ આવું જ બન્યું. સુસંસ્કારોનું બીજ જ્યાં સુધી પ્રગટ થયું ન હતું ત્યાં સુધી સાધુઓના વિરોધમાં બોલતા વિચાર કરતા ન હતા પણ જ્યારે બીજ અંકુરીત થયું કે તરત જ સંયમ ગ્રહણ કરવા બંને પુત્રો તથા પુરોહીત અને બ્રાહ્મણી તત્પર બન્યા.

ચર પુરૂષો દ્વારા આ સમાચાર રાજા ઈષુકારને મળ્યા. જ્યારે રાજા ઈષુકારે પુરોહીતે છોડેલી બધી જ સંપત્તિ રાજયને હસ્તગત કરવા આજ્ઞા આપી. તે જ સમયે કમલાવતી રાણીએ રાજાને અટકાવતાં કહ્યું, : રાજન્ ! ભૃગુ પુરોહીત જ ખરેખર સાચા મહારાજા છે. કારણ કે જે પોતાની ઈચ્છા પર અનુશાસન કરે છે તે જ મહારાજા છે. તમારી પાસે આટલી વિશાળ સંપત્તિ હોવા છતાં પણ જેઓ ત્યાગ કરી રહ્યા છે તેનું ધન તમે લેવાની ઈચ્છા કરો છો તે ઉચિત નથી. એક વાત સમજી લેજો કે સમગ્ર જગતતથા સમગ્ર ધન તમારે આધીન હોય તો પણ તે તમારી ઈચ્છાને પૂર્ણ નહીં કરી શકે. આ ઈચ્છાનો કયારેય અંત આવવાનો નથી.

રાણી કમલાવતીના સચોટ વચનોથી રાજાનો આત્મા જાગી ઉઠયો. ભૃગુ પુરોહીત, યશા બ્રાહ્મણી, બંને બ્રાહ્મણ પુત્રો, ઈષુકાર રાજા તથા કલાવતી રાણી આ છએ જીવોએ પૂર્વમાં ઉત્તમ સંયમનું પાલન કર્યું હતું આથી તેઓ ધર્મને સરળતાથી પામી શકે તેવા હતા. કમલાવતી રાણીના સમજાવવાથી ઈષુકારે પુરોહીતના ધનનો ત્યાગ અને સાથે સાથે સંસાર છોડવા માટે પણ તે બંને જણા તત્પર બન્યા.

આમ છયે આત્માઓ પરમાત્માના માર્ગે જવા તત્પર બન્યા.

ઈષુકાર નગરમાં ભવ્યાતિભવ્ય પ્રવજયા મહોત્સવના મંડાણ થયા. નગરજનોએ પણ ખુબ જ હર્ષ સાથે આ ઉત્સવમાં સહયોગ આપ્યો. છ મુમુક્ષુઓના મુખ ઉપર અપુર્વ ઉલ્લાસ પ્રવર્તમાન હતો. તેમાં વળી બંને બાળકોના હર્ષને દેખીને કેટલાય જીવો ધર્માભિમુખ બન્યા હતા. ચૌરેને ચૌટે બસ ત્યાગની જ વાતો ચાલતી હતી.

જેમ એક દીવડે દીવડાઓ પેટાય તેમ ત્યાગના દીવડે અનેકના હૈયામાં ત્યાગના દીવડા પેટાતા હોય છે.

ભૃગુ પુરોહીત તથા યશા બ્રાહ્મણી જ્યાં સુધી પોતાના સ્વાર્થમાં જ રમતા રહ્યા ત્યાં સુધી પુત્રોનું સાચું હીત તેમને દેખાયું નહીં, જ્યારે સ્વારથની ચુંગાલમાંથી તેઓ મુકત થયા કે તરત જ તેઓનું હિત સધાયું.

એટલે કહી શકાય કે પરમાર્થ એ સાચો સ્વાર્થ છે.

સ્વાર્થ સંબંધને દુષિત બનાવે છે અને પરમાર્થ જ સંબંધને પવિત્ર બનાવે છે.

આમ સંબંધોને પવિત્ર બનાવતો પરમાર્થ એ જ ખરેખર સાચો સ્વાર્થ છે.આપણે પણ પરોપકારની પ્રવૃત્તિ કરીને સ્વાર્થની વૃત્તિ છોડીને સ્વ કલ્યાણમાં આગળ વધીએ.

મુનિ રાજસુંદર વિજય

સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

આપણે દીપ પ્રગટાવવાનો સફળ પ્રયાસ કરીએ. વૈચારીક ક્રાંતિના અભાવનો અંધકાર હોય કે સામાજીક કુરીવાજોનો અંધકાર હોય જ્યાં નિરાશાનો અંધકાર હોય ત્યાં ઉમંગ અને ઉત્સાહનો દીપ પ્રગટાવીએ. નફરત, વૈર, વિરોધના અંધકારને દૂર કરવા પ્રેમ અને ભાઈચારાની ભાવના જાગૃતિ, વર્તમાન સમયે આતંકવાદનો ગાઢ અંધકાર વિશ્વને ભરડો લઈ રહ્યો છે. જ્યાં ધાર્મિક અસહિષ્ણુતા છે. ત્યાં સર્વધર્મ સમભાવનો દીપ પ્રગટાવીએ, જ્યાં જાતિવાદ, કોમવાદનો ગાઢ અંધકાર ફેલાયેલો છે ત્યાં વસુધૈવ કુટુંબ્મકમની ભાવના ઉજાગર કરીએ. જ્યાં અજ્ઞાનતાનો અંધકાર છે ત્યાં જ્ઞાનનો દીપ પ્રગટાવીએ. આપણે સહુ ના આતંક ફેલાયો સમાચાર શેયર કરીએ છીએ. કોઈ કુદરતી હોનારત, ભુકંપ થયો હોય, એક્સીડેન્ટ થયો હોય એવા સમાચાર એકબીજાને તો ખૂબ જલ્દીથી આપીએ છીએ. પરંતુ આવા સમાચાર આપવા પહેલાં આપણે જખ્મી લોકો માટે શાંતિનું દાન કરીએ.

આવો આપણે વિશ્વમાં જ્યાં જ્યાં જે જે પ્રકારનો અંધકાર નજરે આવે ત્યાં ત્યાં જે તે પ્રકારનો દીપ પ્રગટાવી ઉજાશ કરીએ. અને એવા દીપ પ્રગટાવીએ. જેથી આખા વિશ્વની આત્માઓનું જીવન રોશન થાય. માત્ર આપણા પોતાના જ લાભ માટે જીવન જીવવું એ જીવન નથી. પરીવાર માટે જ નહીં ગામ, સમાજ, દેશની પણ આગળ પુરા વિશ્વ માટે જીવન જીવીએ અને સૌના જીવન રોશન થાય. એવા દીપ પ્રગટાવીએ જેથી વિશ્વનો અંધકાર દૂર કરી શકીએ.

શ્રધ્ધાંજલિ સમયે પણ દીપ પ્રટાવવામાં આવે છે. કોઈનું મૃત્ય કરૂણ થયું હોય, શહાદત હોય, કુરબાની હોય ત્યારે સમાજના લોકો કેન્ડલ માર્ચ કાઢીને સમાજના દૂષણને દૂર કરવા પ્રયાસરત બને છે. શહીદોએ આપેલી દેશ માટે પ્રાણોની બલિદાનના સંકલ્પની જ્યોત સદા પ્રગટાવી રાખવાનો શુભ સંદેશ છે. દેશમાં જ્યારે પણ કોઈ અંધકાર ફેલાય,દેશને આપણી જરૂર હોય તો અનેક દેશવાસીઓ દેશની રક્ષા કાજે તૈયાર રહે માટે ઈન્ડીયા ગેટ પર જ્યાં શહીદોનું સ્મારક છે. ત્યાં તો અખંડ જ્યોતિ રાખવામાં આવી છે. આ જ્યોતિ આપણને વર્તમાન વૈચારીક અંધકારને દૂર કરવાનો ઈશારો આપી રહી છે કે દેશ પર મુશિબતોના વાદળ મંડરાય તો અનેક દેશપ્રેમીઓના પ્રેમનો ઉજાશનો દીપ પ્રગટાવીએ. દેશ માટે મરી મિટવાની ભાવના ઉજાગર કરીએ.. શહીદોના સ્મારક જેમ કે ગાંધીજીની સમાધી પર અખંડ જ્યોતિ આપણને સંદેશ આપે છે કે દેશ માટે જેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યુ એમના સંકલ્પના દીપ ને સદા જાગતો રાખીએ. વિચારોનો પ્રકાશ સદા ફેલાવતો રહેવાનું પ્રતિક છે.

બી.કે. નીતાબેન

આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

આજકાલ કયાંક લાલચુ લોકો ભિખારી કહી શકાય એટલી હદે માંગવા નીકળી પડે છે. અથવા જાણે ભિક્ષાવૃત્તિને જ ધંધો બનાવી દીધો છે તેવા લોકોને દાન આપવાથી કોઈનું કલ્યાણ થતું નથી.કારણ કે આપનારનો અહમ પોષાય છે, તેથી તેની બરબાદી થાય છે અને લેનારની લાલચ વધે છે.શ્રમ, મહેનત કે રોજગારી માટે કોઈ પ્રયત્ન કર્યા વગર હરામનું ખાવાનું આદત પડી જવાથી આવું દાન લેનારાઓ પરાવલંબી, આળસુ અને હરામ હાડકાના બની જાય છે. જે આ સંસારમાં ભારરૂપ છે તેમ શાસ્ત્રકારો કહે છે.

દાન બે પ્રકારના ફળની આશાથી અપાય છે. સકામ દાનથી કામનાઓ પુરી થાય છે જ્યારે નિષ્કામ કોઈપણ જાતના ફળની આશા રાખ્યા વગર જે દાન અપાય છે તે લાંબે ગાળે કામનાઓમાંથી નિવૃત્ત થઈને મોક્ષની પ્રાપ્તિ કરે છે.

દાનનાં છ અંગો દાતા, પ્રતિગૃહીતા, શુધ્ધિ, ધર્મયુકત દેય વસ્તુ, દેશ અને કાળ (સમય) આમ બધાં પાસાંનો વિચાર કરીને દાતા દ્વારા અપાતા દાનનો મહીમા વધે છે.

દાનના ત્રણ ભેટ છે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. જ્યારે છેલ્લે દાનમાં વિનાશ કરનારાં ત્રણ પાસાં છે. દાન આપીને પસ્તાવું, અપાત્રને દાન દેવું અને શ્રદ્ધા વિના દાન કરવું આ ત્રણેય પાસા દાનના મહીમાને બાળી નાખે છે. માટે યોગ્ય વ્યક્તિને જરૂરીયાત મુજબ દાન આપીને ધન્ય થવું..

નાથાલાલ બ્રહ્મક્ષત્રિય

ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

ત્યાં આફ્રિકી પ્રવાસી રૂમ જોઈને પાછો ફર્યો ને બોલ્યો, મને એક પણ રૂમ પસંદ નથી મારા પૈસા પર કરો. હોટલ માલિકે ખાણવાળો જે રૂા.૧૦૦૦ ચુકવવા આવ્યો હતો તે આફ્રિકી પ્રવાસીને પરત કર્યા. આ આખા ચક્રવ્યુહની જો વાત સમજાય તો જીવનનો ખરેખર સાચો જવાબ આવે કે આપણે છેવટે કયાં ? એક હજાર રૂપિયાની નોટ કયાંથી આવીને છેવટે તો શું ? વ્યવહાર સચવાયા ને કંઈ મેળવ્યું ગુમાવ્યું પણ નહીં. સ્વચ્છતા અભિયાનમાં અત્યારે તો કરોડોની ગ્રાન્ટમાંથી શૌચાલય બન્યા છે જરા નિરાહંતની ઘડીમાં આ સ્થળે બેસીને શૌચ સોરી વિચારશો તો ખબર પડશે. વાચક મિત્રો ઘણીવાર ગુઢાર્થવાતો જીવનમાં સારા પરિવર્તનની જયોત પ્રગટાવી જાય છે. હું કરૂં હું કરૂં એ જ અજ્ઞાનતા સકટનો ભાર જેમ શ્વાન તાણે.. આફ્રીકી પ્રવાસીના રૂા.૧૦૦૦ માં ન કોઈએ કંઈ લીધું ન કંઈ દીધું છતાં બધાનો હિસાબ તો ચુકતે થયો. કયાંય ગડબડ નથી પરંતુ એક ખોટી ભ્રમણા કે રૂપિયો મારો છે. આપણી સ્થિતિ જીવનપર્યંત આફ્રિકી પ્રવાસી અને હોટલ રેસ્ટોરન્ટ માલિકી જેવી જ રહે છે.

વાચક મિત્રો ૨૦૧૮ નું વર્ષ સડસડાટ પસાર થશે. ગુજરાતમાં આ વખતે સરકારની સ્થાપના લોકશાહી ઢબે થઈ હોય તેવું લાગે છે. લોકશાહીમાં શાસકોની સમક્ષ વિરોધ પક્ષ તો હોવો જ જોઈએ એટલે જ તમે જોયું કે પ્રજામાંથી શ્રદ્ધા-અંધશ્રદ્ધાની દિવ્ય જયોત પ્રગટાવનાર સરકાર જ કમુર્તા સમુરતામાં માનતી થઈ નહીંતર નીતીનભાઈ પછી પરસોત્તમ સોલંકીને નિશા દિશા બદલાય તો કમુરતા પછી પ્રજા પર એક વધુ મંત્રી, સચિવોનો ભાર આવશે. છેવટે તો આ લોકસેવકોને જલસા તો આપણા પૈસાથી જ (ટેક્ષ) કરાવવાના છે ને બહુ વિચારીને આગળ વધશો. સૌનો સાથ સૌનો વિકાસ કરતા જ રહેશો. શૌચ અને શૌચાલય વિશે બહુ વિચારતા નહીં તેના થકી એ કૌભાંડ તો આ ભડના દિકરાઓ જ કરવાના ને ? કોણ અટકાવશે ? ઘાસચારામાં લાલુને તો સજા થશે પણ શૌચાલયમાં ?

યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯

જીવનદર્શન..

અનુસંધાન ૫ નું ચાલું

આપ આપના કિંમતી સમયમાંથી પાંચ મીનીટ ફાજલ પાડી બાબુભાઈ પાટડીયાને એક ફોન કરી અભિનંદન આપશો તો મારૂં આ લખેલું લેખે લાગશે. આપની આજુબાજુ પણ આવા અનેક કલાકારો, કાર્યકરો, સજ્જનો, સારી પ્રવૃત્તિ કરતા માણસો વસવાટ કરતા જ હશે એમની માહિતી મળતી રહેશે તો મને પણ લખવાની મજા આવશે અને પરમાત્માએ આ દુનિયામાં સારા સારા માણસોને મોકલ્યા છે તેમની શક્તિને પણ બહાર લાવી શકાશે જેથી અન્ય લોકો પણ વધારે સારી પ્રવૃત્તિ કરતા માટે પ્રેરીત થાય. ફરી ફરીથી બાબુભાઈ પાટડીયાને અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ અને પાટડી નગરને આગવી સલામ.આ લેખમાં મુકવા આવેલો બાબુભાઈ પાટડીયાનો ફોટો પણ ગુજરાતના ખુબ જ પ્રખ્યાત એવા નડેશ્વર મહાદેવ ખાતે વાયોલીન વગાડતાનો છે.

ભગવાનદાસ બંધુ
મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

નદાસામાં માતા-પુત્રના અગ્નિસ્નાન મામલે ફરિયાદ

મહેસાણા

મહેસાણાના નાદાસામાં માતા-પુત્રના અગ્નિ સ્નાનના મામલે મરણ જનાર પરિણીતા સાથે સાંથલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે. જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાના દેદીયાસણ જીઆઈડીસી ખાતે રહેતા અને મૂળ નાદાસાના મહેન્દ્રભાઈ હરજીતભાઈ પરમારે ગત મંગળવારે નાદાસાના શીલ્પાબેન ભાયચંદભાઈ ઉર્ફે ભરત પરમાર સામે સાંથલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર શિલ્પાબેન પરમારના લગ્ન વર્ષ ૨૦૧૨ માં થયા હતા સંતાનમાં દોઢ વર્ષનો પુત્ર જીત હતો. દરમ્યાન કોઈ અગમ્ય કારણસર શીલ્પાબેન પરમારે પુત્ર જીત સાથે અગ્નિ સ્નાન કરી લેતાં બંનેના મોત નિપજ્યાં હતાં સાંથલ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

રાધનપુરમાં રક્તદાન કેમ્પમાં ૬૦ બોટલ લોહી એકત્ર કરાયું

રાધનપુર

રાધનપુરમાં ગૌસેવક પપ્પુભાઈ ઠક્કરના પિતા સ્વ.પ્રભુલાલ વાલજીભાઈ હાલાણીની પુણ્ય તિથિ નિમિત્તે શ્રીરામ સેવા સમિતિ અને સુરભી ગૌશાળા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં ભણસાલી ટ્રસ્ટના સ્ટાફના સહયોગથી ૬૦ બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું હતું,આ પ્રસંગે કંડલા પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતભાઈ રાજગોર,માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી,જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન લવિંગજી સોલંકી,શ્રીરામ સેવા સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણી તેમજ શ્રીરામ સેવા સમિતિ અને સુરભી ગૌશાળાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

રાધનપુરની કીડઝી સ્કૂલમાં સ્પોર્ટ્સ-ડેની ઉજવણી

રાધનપુર

રાધનપુરમાં કિડઝી પ્રિ-સ્કૂલમાં સ્પોર્ટ્સ-ડેની ઉજવણી કરવામાં આવી હતી,જેમાં ભૂલકાઓ ઉપરાંત તેમના વાલીઓ અને શિક્ષકગણે પણ ભાગ લીધો હતો,ભૂલકાઓ માટે કોથળા દોડ,હરદલ રેસ,લીબુ ચમચી અને બુકબેલેન્સીગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું,જયારે વાલીઓ અને સિક્ષકગણ માટે કપલ રેસ, ઊંધા ફરીને લીબુ ચમચી રેસ તેમજ હરદલ રેસનું આયોજન કરાયું હતું.આ પ્રસંગે યોગગુરુ શંભુભાઈ ઠક્કરે ખાસ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યું હતું.સંસ્થાના પ્રમુખ પ્રીતિબેન ઠક્કરે જણાવ્યું હતું કે બાળકના જીવનમાં રમતોને અગ્ર સ્થાન આપવું જોઈએ,રમતવીરો અખાડામાં નહિ પણ શાળામાં તૈયાર થતા હોય છે.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઈન્દ્રેશ નારૂકાએ કર્યું હતું,અને કાર્યક્રમને સફળ બનાવવા માટે ઝલક ઠક્કર,હિરલ ઠક્કર,પૂજા ઠક્કર તેમજ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

વિવિધ બજાર ભાવ

	લાખણી	રાયડો	૬૫૦-૬૬૮
એરંડા	૮૦૧-૮૧૭	એરંડા	૮૧૦-૮૧૭
રાયડો	૬૪૫-૬૬૬	તલ	૧૬૦૦-૧૬૮૫
બાજરી	૨૭૦	મેથી	૫૮૩-૬૩૨
કપાસ	૧૧૦૦-૧૧૯૦	સુવા	૮૭૧-૯૯૧
ગવાર	૭૯૦-૮૦૬	અજમો	૧૩૦૩
તલ	૧૫૫૧-૧૫૮૫	અન્ય	૮૬૦-૯૧૫
રાજગરો	૭૨૫		**પાટણ**
વરી.	૧૦૮૦	એરંડા	૮૧૦-૮૪૦
	ભીલડી	રાયડો	૬૨૬-૬૭૧
બાજરી	૨૩૦-૨૫૫	મેથી	૪૫૧-૫૭૧
એરંડા	૮૦૦-૮૩૦	સુવા	૯૩૭-૧૦૫૨
મગફળી	૭૫૦	જીરૂ	૩૫૫૦-૩૬૮૦
ગવાર	૮૧૮-૮૨૦	વરી.	૧૦૪૬-૧૨૪૦
કપાસ	૯૯૦-૧૦૦૫	મગ	૪૫૧-૭૭૫
રાજગરો	૭૫૦	તલ	૧૫૫૦-૧૬૫૮
રાયડો	૬૫૦-૬૬૮	ઘઉં	૩૩૫-૩૭૫
	થરાદ	બાજરી	૨૩૦-૨૬૦
રાયડો	૬૭૦-૬૯૩	ંબંટી	૨૫૦-૩૬૮
એરંડા	૮૦૫-૮૧૮	જવ	૩૨૧
મગ	૭૫૦-૧૦૭૮	અજમો	૪૭૧-૭૫૫
મઠ	૫૭૦-૬૩૫	અડદ	૬૫૦-૮૭૬
જીરુ	૨૯૦૦-૩૭૬૦	ગવાર	૭૬૮-૮૨૨
મેથી	૫૫૦-૭૩૩	કપાસ	૯૮૦-૧૦૬૧
ગવાર	૭૮૦-૮૨૫		**થરા**
મગફળી	૭૧૦-૭૮૫	જીરૂ	૩૪૦૦-૩૫૪૫
ઈસબગુલ	૧૮૪૦-૧૯૦૦	એરંડા	૮૧૬-૮૨૧
તલ	૧૪૦૯-૧૬૦૦	રાયડો	૬૫૫-૬૬૫
	રાહ	ગવાર	૭૭૦-૮૧૧
રાયડો	૬૬૦-૬૭૫	ઘઉં	૩૨૫-૩૫૦
એરંડા	૮૦૦-૮૧૦	બાજરી	૨૨૦-૨૫૦
રજકાબાજરી	૨૮૦-૩૪૦	અડદ	૬૭૦-૭૭૬
ચિકુડી	૮૮૦-૯૨૦		**સિદ્ધપુર**
	ધાનેરા	એરંડા	૮૦૦-૮૪૩
ઘઉં	૩૨૭	રાયડો	૬૫૦-૬૭૨
બાજરી	૨૫૧-૨૯૦	અડદ	૭૩૦-૮૨૦
જુવાર	૫૭૨	ગવાર	૭૦૦-૮૩૦
મગ	૯૧૮	ઘઉં	૩૪૩-૩૮૩
અડદ	૬૩૦	બાજરી	૨૦૦-૨૫૧
ગવાર	૭૪૦-૭૯૩	જુવાર	૫૯૦-૭૭૦
મગફળી	૬૦૦-૮૦૦	કપાસ	૯૫૦-૧૦૬૬

ઉત્તરાયણના પર્વ દરમિયાન ઘાયલ થતાં પક્ષીઓની સારવારના ચિંતન માટે કરૂણા બેઠક યોજાઈ

પાટણ

ઉત્તરાયણ નિમિત્તે પતંગ ચગાવતી વેળાએ પતંગના દોરાથી ઘાયલ થતાં પક્ષીઓની તાત્કાલિક સારવાર આપી તેમની જિંદગીને બચાવી લેવા માટેના રાજય સરકારના અભિગમને અનુસરી જિલ્લા મથક પાટણ ખાતે વનખાતાના ઉપક્રમે કરુણાની બેઠક જિલ્લા કલેકટર આનંદ પટેલની અધ્યક્ષતામાં યોજાઇ હતી.બેઠકમાં નાયબ વન સંરક્ષક રાજેશ દરેડિયા અને અધિક નિવાસી કલેકટર બી.જી. પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા.

ઉત્તરાયણ એ આપણો પારંપારિક ઉત્સવ અને ધાર્મિક પર્વ છે. આ પર્વ નિમિત્તે પતંગ ઉડાવવાની પરંપરાના કારણે પતંગનીદોરી હજારો પંખીઓના જીવનનો ભોગ લે છે. જે સમગ્ર સમિષ્ટનીઅનુકંપા અને કરુણાને પાત્ર છે ત્યારે ઘાયલ થતાં પક્ષીઓને સારવાર આપી તેમની જિંદગી બચાવી લેવાની શીખ કલેકટરશ્રીઆનંદ પટેલે આપી હતી.તેમણે જીવદયાના કામ કરતી સ્વૈચ્છિક અને જીવદયા પ્રેમી સંસ્થાઓના ઉપસ્થિત પ્રતિનિધિઓને ધન્યવાદ આપી તેમના અભિગમની સરાહના કરી હતી. કલેકટરશ્રીએ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના બાળકો ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરે તે માટે માર્ગદર્શિત કરવાનો પણ અનુરોધ કર્યો હતો.કલેકટરશ્રીએ પશુપાલન ખાતા દ્વારા સારવાર માટે કરાતી કામગીરીની પ્રસંશા કરી હતી.નાયબ વન સંરક્ષક રાજેશ દરેડિયાએ જણાવ્યું હતું કે, વન ખાતા અને પશુપાલન ખાતાના સમન્વય અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી ઘાયલ થતાં પક્ષીઓની સારવાર મળી રહેશે. પાટણ અને માંડોત્રી ખાતે ખાતે પશુ દવાખાના તેમજ દરેક તાલુકા મથકોએ કાર્યરત પશુ દવાખાનાઓ તારીખ ૧૪ જાન્યુઆરી ઉતરાયણે ખાસ ચાલુ રાખવામાં આવશે. તારીખ ૧૩થી ૧૫ જાન્યુઆરી દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર અપાશે. આ બેઠકમાં નાયબ પશુપાલન નિયામક નટુભાઇ પટેલે પશુપાલન ખાતાની કાર્ય યોજના જણાવી હતી. બેઠકમાં પાટણ જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના વીરેન શાહ, સંતોષગૌશાળા, ચાણસ્માના વિનોદ પટેલ, વનખાતાના એસ.એસ.ચૌધરી, પટેલ, સહાયક માહિતી નિયામક ભરતભાઇ રાવલ સહિત સ્વૈચ્છિક અને જીવ દયા સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બહુચરાજીમાં ઔદ્યોગિક કંપનીઓની મુલાકાત લેતા નવનિયુક્ત ધારાસભ્ય

ચાણસ્મા

બહુચરાજીના નવનિયુક્ત ધારાસભ્ય ભરતજી ઠાકોરે આ વિસ્તારમાં સ્થપાયેલી ઔદ્યોગિક કંપનીઓની મુલાકાત લઈ કંપનીના એચઆર તેમજ ડિરેક્ટર્સને ૮૫ ટકા સ્થાનિક બેરોજગારોને નોકરી મળે તેનું ધ્યાન રાખવા જણાવ્યું હતું.

ઔદ્યોગિક હબ બનેલા બહુચરાજી વિસ્તારમાં વિક્ટોરીયા ટુલ્સ કે.આર. રબર ટી મારૂતિ સુઝુકી મોટર્સ સહિતની કંપનીઓમાં ધારાસભ્ય ભરતજી ઠાકોરે રૂબરૂ મુલાકાત કરી હતી. કંપનીના એચ.આર.ડિરેક્ટર, મેનેજરને મળી સ્થાનિકને રોજગારી આપવા તેમજ સ્વાસ્થ્ય અને શૈક્ષણિક

તેમજ વિસ્તારનો વિકાસલક્ષી કાર્યો હાથ ધરવા રજુઆત કરી હતી. તમામ કંપનીઓના એચ.આર. ડિરેક્ટર મેનેજરોએ સ્થાનિકને તેમજ વિકાસલક્ષી બાબતોમાં સાથ સહકાર આપવાની ખાતરી આપી હતી. આ પૂર્વે ધારાસભ્યનું સૌએ સ્વાગત કર્યુ હતું.

વડનગરમાં શર્મિષ્ઠાના કાંઠે આવેલી પાણીની ટાંકી ધરાશાયી, જાનહાનિ નહીં

(જી.એન.એસ) વડનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માદરે વતન વડનગરમાં તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારબાદ વિકાસ કાર્યો તેજગતિએ થયાં હતા. વડનગરની શકલ અને સીકલ બદલાઈ ગઈ છે. ત્યારે શહેરમાં શર્મિષ્ઠા તળાવને કાંઠે આવેલી ૧૭ વર્ષ જૂની પાણીની ટાંકી ધરાશાયી થતાં લોકોમાં દોડધામ મચી ગઈ હતી. સદનસીબે ટાંકી પડતી હોવાની જાણ થતાં લોકો ચેતી ગયા હતા અને દૂર ભાગી ગયા હતાં જેથી જાનહાનિ થઈ ન હતી.

શહેરના શર્મિષ્ઠા તળાવની પાસે આવેલી ૧૭ વર્ષ જૂની ટાંકી નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા એ અરસામાં જ બની હતી. પરંતુ ટાંકી જર્જરિત થતાં લાંબા સમયથી તેમાં પાણી ભરવામાં આવતું ન હતું. આ ટાંકીને પાડી દેવા માટે સ્થાનિક લોકોએ અવારનવાર રજૂઆત કરી હતી. આમછતાં પાલિકાના પેટમાં પાણી હલતું ન હતું.

શહેરની પ્યાસ બુઝાવવા માટે વર્ષ ૨૦૦૧માં ટાંકી બનાવવામાં આવી હતી. ટાંકી લાંબા સમય સુધી લોકોને પાણી સંગ્રહીને તેમના ઘરે નળ મારફત પાણી પહોંચાડતી હતી. પરંતુ લાંબો સમય જળના સંપર્કમાં રહેવાથી તે જર્જરિત થઈ હતી. આખરે પાલિકાએ નક્કી કરીને તેમાં પાણી ભરવાનું બંધ કરી દીધું હતું. પડવાના વાંકે ઊભેલી ટાંકી આજે બપોરના સમયે આપમેળે જમીનદોસ્ત થઈ ગઈ હતી.

અંકલેશ્વરના ગડખોલ પાટિયા પાસે પતંગના દોરાથી ગળું કપાતા યુવાન ગંભીર

પ્રતિ. અંકલેશ્વર

અંકલેશ્વર અને ભરૂચ વચ્ચે ગડખોલ પાટિયા નજીક ચાલુ બાઈકે પતંગના દોરાથી ભરૂચના યુવાનનું ગળું કપાતા તેની હાલત ગંભીર જણાઈ રહી છે.

ભરૂચ શહેરના વેજલપુર ગામડિયા વાડી વિસ્તારમાં રહેતો ચંદ્રકાન્ત નટવર મિસ્ત્રી કોઈ કામ અર્થે અંકલેશ્વર ગયો હતો. અને જયારે તે ગડખોલ પાટિયા પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે વખતે કપાયેલી પતંગનો લટકતો દોરો તેના ગળાના ભાગે આવી જતાં દોરીના કારણે તેના ગળાના ભાગે ગંભીર ચીરો પડી ગયો હતો. જેને કારણે તેનું સંતુલન નહીં રહેતાં તે રોડ પર પટકાયો હતો. ઘટનાની જાણ થતાં ૧૦૮ ની ટીમે તુરંત સ્થળ પર દોડી આવી તેને તાત્કાલિક સારવાર માટે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેને પ્રાથમિક સારવાર માટે શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ સંદર્ભે અંકલેશ્વર શહેર પોલીસે ઘટના અંગે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉત્તરાયણ પર્વમાં પતંગના દોરાઓને કારણે દ્વિચક્રિય વાહન ચાલકોને અકસ્માતના બનાવો પ્રકાશમાં આવતાં હોય છે. તેમાંય કેટલાક લોકો દ્વારા ચાઈનીઝ દોરી નિર્દોષ લોકોનો ભોગ લેતી હોય છે. જેના પગલે તંત્ર દ્વારા ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

વિપક્ષના નેતાની વરણી થતાં બહુચરાજીમાં કાર્યકરોની આતશબાજી

ચાણસ્મા

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ વિરોધ પક્ષના નેતા તરીકે ગઈકાલે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા અમરેલીના વર્તમાન ધારાસભ્ય પરેશ ધાનાણીની નિમણુંક કરવામાં આવતા બહુચરાજી ખાતે હાઈવે ઉપર બહુચરાજીના વર્તમાન ધારાસભ્ય ભરતજી ઠાકોર તેમજ તાલુકા કોંગ્રેસના કાર્યકરો અને પાટીદાર સમાજ સહિત પાસના કન્વીનરોએ ફટાકડા ફોડી આતશબાજી કરી ઉત્સવ મનાવ્યો હતો.

પાટણ જિલ્લાના વાડીલાલ ઈકો-ટુરીઝમ પરિસરમાં રણદર્શન-૨૦૧૭-૧૮ નું આયોજન

પાટણ

ગ્લોબલ વૉર્મિંગ અને પારાવાર પ્રદૂષણ તેમજ પ્રકૃતિના બેશુમાર દોહેન વચ્ચે સમાજ મધ્યે નિસર્ગ પ્રત્યેની માયા અને મમત્વ વધી રહ્યાં છે. ત્યારે પાટણ જિલ્લાના વનવિભાગે પ્રકૃતિપ્રેમી સહેલાણીઓને કુદરતની સંનિધિ પુરી પાડવા માટે સમી તાલુકાના કોડધા ખાતે વાડીલાલ ઈટ્રોટુરીઝમ પરિક્ષેત્રનો વિકાસ કરી જિલ્લાના હજારો સહેલાણીઓને આકર્ષવાનું કામ કર્યુ છે. પાટણ જિલ્લાના વનવિભાગે રણ દર્શન-૨૦૧૭-૧૮ નો આરંભ કરી મુલાકાતીઓ માટે પર્યટનનું નવું સોપાન પુરુ પાડયું છે. વનવિભાગના રણદર્શન કાર્યક્રમની ઝાંખી માટે જિલ્લાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાની ટીમે નાયબ વન સંરક્ષકશ્રી રાજેષ દરેડીયાના માર્ગદર્શન હેઠળ રણદર્શન અને વાડીલાલ ડેમ સાઇટનો એક દિવસીય પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છના નાના રણમાં નીલગાય-ચિંકારા-ઝરખ-રાની બિલાડા-જેવા વન્ય જીવોનો વસવાટ છે. રણ વિસ્તારમાં રણ દર્શન કાર્યક્રમ તળે રણ સફારીના આયોજન હેઠળ સહેલાણીઓ ઘુડખર દર્શન- વાડીલાલ તળાવ- દ્રિવેણી-ત્રિવેણી સંગમ-વચ્છરાજ મંદિર, વેણું દાદા મંદિર- મીઠાની ખેતી- સનરાઇઝ – સનસેટ- મરડક પર્વત- છારિયો ડુંગર- કલરીંગ સ્ટોન- પાણીની પૌરાણિક વાવ- પર્યાવરણીય જંગલ- અને વર્ષે દહાડે આવતા હજારો વિદેશી પક્ષીઓ નિહાળી શકે છે. સહેલાણીઓ માટે નાઇટ સફારી- બાળક રાઈડીગ – કેમ્પ ફાયર, સ્થાનિક નૃત્યો – યોગ અને કસરતો તેમજ પર્યાવરણીય સંકુલોની મુલાકાત ગોઠવી શકાય છે. પત્રકારોએ વાડીલાલ તળાવ થી ૪૦ કિલોમીટર દૂર આવેલા વચ્છરાજ મંદિરની મુલાકાત કરી હતી. પછી સેંકડો દર્શનાર્થીઓની ઉપસ્થિતિ હતી. આ જગા ૧૫૦૦ વર્ષ પુરાણી છે. વીર વચ્છરાજ સોલંકીની ગૌ રક્ષા કાજેનું બલિદાન અત્રેના વિદ્યમાન પાળીયામાં જોઇ શકાય છે. અહીની ગૌ શાળામાં ૧૫૦૦ જેટલી ગાય વાછરડાનો રખરખાવ કરાય છે. અહી વેગડ ગૌ માતાનું મંદિર આવેલ છે. પત્રકારોએ પીવાના મીઠા પાણીની પુરાતન વાવ, અને રંગેબેરંગી પથ્થરોથી શોભતા મૈડક પર્વત- સહિત ઘુડખર અને ઝરખ જેવા વન્ય પ્રાણીઓ નિહાળ્યા હતા. પર્યાવરણીય પ્રવાસ દરમિયાન સહાયક માહિતી નિયામક ભરતભાઇ રાવલ, વરિષ્ઠ ઉપ સંપાદક ડી.પી.પટેલ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર વી.સી.ચૌધરી, ભાવેશભાઇ સિંધવ- કિરણસિંહ ચંપાવતવિગેરે ઉપસ્થિત હતા. સમી રેન્જના ફોરેસ્ટ ઓફિસરશ્રી એસ.એસ. ચૌધરીએ કાર્યક્રમનું સફળ સંકલન કર્યું હતું.

પાટણ જિલ્લાનો જિલ્લાકક્ષાનો પ્રજાસત્તાક દિન સિદ્ધપુર ખાતે ઉજવાશે

પાટણ

ભારતવર્ષના ૬૮મા પ્રજાસત્તાક દિનની રાજયભરની ઉજવણીના ભાગરૂપે પાટણ જિલ્લાના જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી તાલુકામથક સિદ્ધપુર ખાતે કરાનાર છે. ઉજવણીના સર્વદેશીય આયોજન માટે કલેકટરશ્રી આનંદ પટેલની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી.કલેકટરશ્રીએ ઉપસ્થિત અધિકારીઓને રાષ્ટ્રીય પર્વને પુરતી ગરિમા, અનુશાસન અને સંકળામણ સાથે ઉજવવાનો અનુરોધ કર્યો હતો. ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ના પર્વની ઉજવણીમાં

દરેક ખાતું તેની નિયત ફરજ નિષ્ઠાપૂર્વક અદા કરે, કાર્યક્રમ કેવળ ચીલાચાલુ બનવા કરતાં કંઈક વિશેષ નાવિન્ય સાથે લોકોની સહભાગિતાથી ઉજવાય તે જરૂરી છે તેમ પણ શ્રી આનંદ પટેલે વધુમાં ઉમેર્યું હતું.

બેઠકમાં કાર્યક્રમ માટેના યોગ્ય પરિસરની પસંદગી, પોલીસ પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, નગરની સાફ-સફાઈ, સજાવટ, રોશની વગેરે બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી અને સબંધિત ખાતાઓને તેમની કામગીરી નિયત સમયાનુસાર કરવા જણાવવામાં આવ્યું હતું.

બેઠકમાં જિલ્લા પોલીસ વડા અશ્વિન ચૌહાણ, નિવાસી અધિક કલેકટર બી.જી. પ્રજાપતિ, જિલ્લા પુરવઠા અધિકારી ગીતાબેન દેસાઇ, ડીવાયએસપી જે.ટી.સોનારા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૌહાણ, પ્રાથમિક શિક્ષણાધિકારી પંડ્યા, નાયબ વન સંરક્ષક રાજેશ દરેડિયા, કાર્યપાલક ઈજનેર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પગ લપસતા ૧૭ વર્ષની યુવતી કેનાલમાં ખાબકી, ૨૦ કલાક બાદ મૃતદેહ મળ્યો

(જી.એન.એસ) પ્રાંતિજ

પ્રાંતિજના કાટવાડ પાસે આવેલ કેનાલમાં ૧૭ વર્ષની યુવતી પડી જતાં પ્રાંતિજ-હિંમતનગર ફાયર ટીમ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી તો પ્રાંતિજ મામલતદાર સહિત સ્થાનિક તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના કાટવાડ પાસે છેલ્લા દસ એક મહિનાથી કેનાલ પાસે પથારી પાથરીને રહેતાં મદારી સમાજની દીકરી મદારી પૂનમબહેન ગોકળનાથ ઉ.વ. અંદાજે ૧૭ કે જે મૂળ અરવલ્લી જિલ્લાના ભિલોડાના વતની છે અને ધંધો રોજગાર માટે છેલ્લા દશ એક મહિનાથી કેનાલ પાસે પરિવાર દ્વારા પથારી નાખી છે. તો ઘટનાની આગળની તા. ૪-૧-૨૦૧૮ને ગુરુવારના રોજ સમી સાંજે સાત વાગ્યાની આસપાસ પૂનમ કેનાલ પાસેથી પસાર થઈ રહી હતી તે સમયે પગ લપસતાં કેનાલમાં પડી હતી અને બૂમો પાડતાં આજુબાજુમાંથી તેના સમાજના ત્રણેક યુવાનોએ પણ કેનાલમાં તેને બચાવવા છલાંગ લગાવી હતી.પણ પાણી વધારે તેજ અને ઊંડુ હોવાથી અને તરતા ના આવડતા ત્રણેય યુવાનો તરત જ બહાર નીકળી ગયા હતા તો વહેલી સવારે આ અંગેની જાણ સ્થાનિક તંત્રને કરતાં તંત્ર દ્વારા પ્રાંતિજ- હિંમતનગર ફાયર ટીમને જાણ કરવામાં આવતાં વહેલી સવારથી જ હિંમતનગર-પ્રાંતિજ ફાયર ટીમ દ્વારા કેનાલમાં શોધખોળ હાથ ધરી હતી અને આજુબાજુમાં લોકોને ખબર પડતા લોકોના ટોળેટોળાં કેનાલ તરફ દોડી આવ્યા હતા ને દલપુર સરપંચ તથા પ્રાંતિજ મામલતદાર સહિત પ્રાંતિજ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી તો પ્રાંતિજ-હિંમતનગર ફાયર બચાવ ટીમ દ્વારા વહેલી સવારથી બપોરના ત્રણ વાગ્તાના સમયે કેનાલમાંથી ઘટના સ્થળ ઉપર જ વીસ કલાકની મહેનત બાદ પૂનમ મૃત હાલતમાં મળી આવી હતી.

પાટણના સરકારી પુસ્તકાલયમાં સફાઈ બાબતે છાત્રોની ધારાસભ્યને રજુઆત

જિ.પ્રતિ પાટણ

પાટણના છીંડીયા દરવાજા બહાર આવેલી સરકારી જિલ્લા પુસ્તકાલયમાં સફાઈનો અભાવ તેમજ દર રવિવાર અને સોમવારે લાયબ્રેરી અડધો દિવસ ચાલુ રાખવામાં આવતા અહીં વાંચવા આવતા વિદ્યાર્થીઓ દ્વારા પાટણના નવા ધારાસભ્ય સમક્ષ તેમની તકલીફો અંગે લેખિત અને મૌખિક રજુઆતો કરી હતી.

પાટણ જિલ્લા સરકારી લાયબ્રેરીમાં સ્વચ્છતાના અભાવે કંટાયેલા વિદ્યાર્થીઓ પૈકી કોઈએ ધારાસભ્ય કિરીટ પટેલને ફોનથી જાણ કરતાં તેઓ લાલેશ ઠક્કરને લઈને અચાનક પુસ્તકાલય પહોંચી ગયા હતા. જ્યાં વાંચન માટે આવતા છાત્રો દ્વારા વિવિધ મુશ્કેલીઓ બાબતે તેમની સમક્ષ રજુઆત કરાઈ હતી. અહીં બોયઝ ટોયલેટમાં દુર્ગંધયુક્ત વાતાવરણ જોવા મળ્યું હતું. શૌચાલયમાં પાન- ગુટકાની પિચકારીઓ તેમજ શૌચ કરવાથી સમગ્ર વિભાગમાં દુર્ગંધ મારતી હતી. જેથી વિદ્યાર્થીઓ ત્રસ્ત બન્યા હતા.

ધારાસભ્ય કિરીટ પટેલની રજુઆત સાંભળી પુસ્તકાલયના કલાર્ક પટેલ સાથે મુલાકાત કરી સફાઈ અંગે ચર્ચા તથા ભૂગર્ભ ગટરના કૂવા- ચેમ્બર બ્લોક થઈ જતાં આવી પરિસ્થિતિ સર્જાઈ હોવાનું ક્લાર્કે જણાવ્યું હતું. ઉપરાંત સ્ટાફનું મહેકમ વધારવા રજુઆત કરાઈ હતી.

ટેન્કર પલટી જતાં ૨૨૦૦૦ કિલો ઓઈલ ઢોળાયું

સમી તાલુકાના બાસ્પા અને ગોચનાદ ગામ વચ્ચે હાઈવે પરથી પસાર થતી એક ટેન્કર રોડ પર વચમાં ગાયો આવી જતાં અચાનક બ્રેક મારતા ટેન્કર પલટી ખાઈ ગયું હતું. રાત્રે બનેલી આ ઘટનામાં ટેન્કરમાંથી ૨૨૦૦૦ કિલો ઓઈલ જમીન પર રેલાઈ જતાં નુકસાન થયું હતું. આ બાબતે ટેન્કર ચાલકે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ધાનેરામાં શ્યામા પ્રસાદ મુર્ખજી શોપીંગ સેન્ટરની હરાજીને હાઈકોર્ટે માન્ય રાખી

એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરપાલિકાના ત્રિકોણીયામાં આવેલ શ્યામા પ્રસાદ મુર્ખરજી પાલિકા બજારને આખરે ડબલબેન્ચ - હાઈકોર્ટે પીટીશનને રદ કરી નગરપાલિકાની કાર્યવાહીને માન્ય રાખી છે.

ગતરોજ થતા.૮ ના રોજ ધાનેરા વિસ્તારનાં ૧૫ લોકોએ હાઈકોર્ટની ડબલબેન્ચની પીટીશન દાખલ કરેલ જેની સુનાવણી થતાં ચીફ જસ્ટીસ સુભાષ રેડ્ડી ડી.એચ.પંચોલીની ખંડપીઠે ડીવીઝન બેન્ચમાં બપોરે ૧-૧૫ મીનીટે કેસની સુનાવણી થતાં લગભગ ૪૫ મીનીટ સુધી દલીલો ચાલી હતી. અને બંને હાઈકોર્ટના વકીલના પીટીશનના ગુણદોષ ચકાસીને હાઈકોર્ટે આખરે પીટીશન દાખલ કરનારાઓને ગેર વ્યાજબી ગણાવ્યા હતા. અને નગરપાલિકાએ પૂરતી કાર્યવાહી કરી નગરના હિતમાં આવેલી આવકો વપરાશે તેવી રજુઆતને ધ્યાનમાં રાખીને નગરપાલિકા ધાનેરા દ્વારા શ્યામા પ્રસાદ મુર્ખજી શોપીંગ સેન્ટરની હરાજીને વ્યાજબી ગણાવી હતી. આ અંગે પાલિકાના ઉપપ્રમુખ જગદીશ ઠક્કરનો સંપર્ક સાધના જણાવેલ કે હાલ જે લોકો નગરના વિકાસને તેમજ અનેક પ્રકારની હરકતો વર્તમાન બોડીને નુક્શાન થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે, પરંતુ કુદરત તેમજ ન્યાયતંત્રે તેમને રસ્તો બતાવી દીધો છે. જે નગરના લોકો માટે મોટી ખુશીની વાત છે. હજુ પણ ભગવાન તેઓને સદ્બુધ્ધી આપે અને નગરના વિકાસ માટે સહયોગ આપી લોકોની સાચી સેવા કરવી જોઈએ.

કાંકરેજ તાલુકાના ખારીયા ગામ પાસે શોર્ટ સરકીટથી અલ્ટોકાર સળગી : જાનહાનિ ટળી

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરા, ટોટાણા રોડ પર ગઈકાલે અલ્ટોકાર સળગી હોવાની ઘટના ઘટી હતી. બિન સત્તાવાર રીતે જાણવા મળતી માહિતીનુંસાર આગાડીમાં ત્રણ ઈસમો હતાં તેઓ ગાડીના બોનેટ ભાગે ધુમાડો નીકળતાં ગાડી એકબાજુ કરીને શોર્ટ સરકીટ ક્યાંથી થઈ તેની તપાસ કરતા હતા ત્યાં ગાડીમાં ઓચીંતી આગ લાગી હોવાનું જાણવા મળે છે. ત્રણેય લોકોનો આબાદ બચાવ થયો હતોને ગાડી ભસ્મી ભૂત થઈ ગઈ હતી.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તરીકે દિલીપ રાણાની ત્રીજીવાર નિમણુંક

ડીસા

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તરીકે અગાઉ બે વખત જવાબદારી સંભાળી ચુકેલા દિલીપ રાણાને ગઈકાલે ફરીથી ત્રીજી વખત બનાસકાંઠાના કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. તેઓ અગાઉ ગાંધીનગર ખાતે આદીજાતિ વિકાસ નિગમના કમિશ્નર તરીકે જવાબદારી સંભાળતા હતા. જ્યારે બનાસકાંઠાના કલેક્ટર આર.જે. માંકડીયાને ગાંધીનગર ખાતે આદિજાતિ કમિશ્નર તરીકે નિમણુંક અપાઈ છે.

થરાદ ચાર રસ્તાથી દૂધ ડેરી સુધીનો હાઇવે ફોરલેન બનાવવા માંગણી

વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના નાગરીક જયપ્રકાશ જોષીએ આર એન્ડ બીના નાયબ કાર્યપાલક ઇજનેરને લેખિત રજુઆત કરતાં જણાવ્યું હતુંકે થરાદ તાલુકાને ઘણા બધા ગામડા લાગતા હોવાથી થરાદ એ મુખ્ય મથક છે. અને વિકાસ પણ કુદકે અને ભુસકે વધી રહ્યો છે.આથી થરાદ તાલુકો જીલ્લો બનવાની રેસમાં પણ પ્રથમ છે. થરાદ ચાર રસ્તાથી દુધડેરી સુધીના હાઈવે ની બંને બાજુ અનેક શોપિંગ સેન્ટર, હોસ્પિટલ, બેંક, સોસાયટી અને સંસ્થાઓ આવેલી છે. વળી સોમવાર થી શનીવાર સુધીના વર્કિંગ દિવસોમાં સ્કૂલબસોની હેરાફેરી પણ વધુ હોય છે. જેથી ટ્રાફિક સમસ્યા વધી રહી છે.

આથી તાલુકાનું નાક ગણાતા આ હાઈવેને પહોળો કરી બંને બાજુ સર્વિસ રોડ બનાવી વચ્ચેના ડિવાઈડરમાં સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવે તેવી આમ પ્રજાની માગણી છે. વળી રાજસ્થાન, પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હરીયાણા, દિલ્હી જેવા રાજ્યોમાંથી કંડલા અને મુંદ્રાપોર્ટ જવા માટે આ હાઈવે પ્રવેશદ્વાર છે. જેથી ટ્રકો ની અવર જવર વધુ રહે છે. જેને કારણે ટ્રાફિક સમસ્યાએ કાયમી નો પ્રશ્ન છે.આથી આવાં ભારે વાહનોને થરાદ સાંચોર હાઈવે પર પાણીની મોટી ટાંકી પાસેથી સીધા વાવ રોડનું બાયપાસ આપવામાં

અનુસંધાન પાના નં.૬

ડીસામાંથી વિદેશી દારૂ ભરેલી બે લક્ઝુરિયસ કાર ઝડપાઇ

ભરત સુંદેશા

સ્કોડા તેમજ શેવરોલેટ ક્રૂઝ કાર સહિત રૂા.૨૩ લાખ ઉપરાંતનો મુદામાલ જપ્ત

ડીસા

ડીસા શહેરમાંથી પોલીસે વિદેશી દારૂ ભરેલી બે લક્ઝુરિયસ કાર ઝડપી લીધી હતી. પોલીસે સ્કોડા તેમજ શેવરોલેટ ક્રુઝ કાર પકડી તેમાંથી ૧.૫૫ લાખનો દારૂ તેમજ બન્ને કાર મળી કુલ ૨૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બનાસકાઠા જીલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજર દ્વારા જીલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા ડીસાના નાયબ પોલીસ અધિક્ષક એચ.કે. વાઘેલાના

અનુસંધાન પાના નં.૬

પીલુડા ગામે જમાઈનો સાસરીયાઓ ઉપર હુમલો

પ્રતિ. થરાદ

થરાદ તાલુકાના પીલુડા ગામના અશોકભાઈ રામાજી ઠાકોરે તેમના સાળા સવરખા ગામના કિર્તીભાઈ મફાભાઈ ઠાકોરને ફોન કરી જણાવેલ કે તમારા બહેન તમારા ભાણેજને મારે છે તમે પીલુડા આવો. જેથી કિર્તીભાઈ તથા તેમના પિતા મફાજી ભેમાજી ઠાકોર અને માતા જબીબેન મફાજી ઠાકોર સાથે પીલુડા ગામે ગયા હતા જ્યાં કિર્તીભાઈ તેમની બહેનના ઠપકો આપતા અશોકભાઈ રામાજી ઠાકોર, રામાજી પુરાજી ઠાકોર તથા વિક્રમજી જયંતિજી ઠાકોર

અનુસંધાન પાના નં.૬

જેન્ટસ સ્ટાફ જોઈએ છે
પ્લાસ્ટીક થેલીના શો-રૂમમાં પરચુરણ કામ તથા કાઉન્ટર ઉપર કામ કરી શકે તેવો સ્ટાફ જોઈએ છે. (પગાર ૯૦૦૦ - ઉ.વ.30 સુધી) રહેવાની સગવડ આપવામાં આવશે.
જય ચંદન ટ્રેડીંગ કાું.
કાલુપુર ટંકશાળ - અમદાવાદ
મો.૯૪૨૮૦ ૧૮૭૧૨

ડાયમંડ સીટી પાલનપુરમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શાનદાર ઉજવણી કરાઇ

૧૧ દેશોના ૩૭ પતંગબાજોએ બનાસવાસીઓ સાથે આનંદ-ઉલ્લાસથી પતંગ મહોત્સવની યાદગાર ઉજવણી કરી

પાલનપુર

ડાયમંડ સીટી તરીકે પ્રસિધ્ધ પાલનપુર મુકામે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા વિભાગના મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીના અધ્યરક્ષસ્થાપને આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવની હર્ષ અને આનંદ-ઉલ્લાધસભર્યા માહોલમાં શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આકાશમાં છવાયેલ દેશ, વિદેશના આકર્ષક પતંગો અને સંગીતના કર્ણપ્રિય સૂરથી ઉત્સવના ભવ્ય માહોલની સજાવટ થઈ હતી. મહોત્સવમાં ફ્રાન્સે, બેલ્જીરયમ, ડેન્માનર્ક, હંગેરી, ઈન્ડોનેશિયા, ઈટલી, ક્રોએશીયા વગેરે દેશોના ૩૭ તેમજ દિલ્હીર, રાજસ્થીન, બિહાર અને મહારાષ્ટ્રસના ૧૮ ખ્યારતનામ પતંગબાજોએ પતંગો ઉડાવવામાં પોતાની અદભૂત કલા અને કૌશલ્ય રજુ કરીને દર્શકોને આનંદીત કર્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા વિભાગના મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યુંશ હતું કે આપણા દેશમાં તહેવારો, ઉત્સ વો અને ભવ્યી પરંપરાથી લોકોને મોજ-મઝા સાથે નિખાલસતા, સરળતા, એકતા અને બંધુત્વ ભાવનાના ગુણો સારી રીતે કેળવાય છે. તેમણે કહ્યું કે હજારો વર્ષ જુની આપણી સંસ્કૃ તિ અને પરંપરાથી માણસને જીવનની સાચી દિશા અને સુખ-શાંતિ મળે છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીની દિર્ઘદ્રષ્ટી અને પ્રયાસોને લીધે ભારતનું વૈશ્વિક કક્ષાએ માન-સન્માપન અને મહત્વક વધ્યું છે. તેમણે કહ્યું કે તેઓ જયારે મુખ્યંમંત્રી હતા ત્યા-રથી શરૂ કરેલ વાઈબ્રન્ટવ મહોત્સછવની હવે ઘણાં રાજયો ઉજવણી કરી વિકાસકૂચ વેગવંતી બનાવી રહ્યાં છે.

કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રીભાઈ મોદીના સમર્થ નેતૃત્વરને લીધે દેશભરમાં છેવાડાના વિસ્તાએરો અને વ્યિકતઓ સુધી વિકાસ અને સુશાસનનાં ફળ સરળતાથી અને પુરતા પ્રમાણમાં પહોંચી રહ્યાં છે. તેમણે કહ્યું કે વિશ્વના પાંચ શકિતશાળી અને મહાન નેતાઓમાં આપણા વડાપ્રધાન નરેન્દ્રહભાઈ મોદીની ગણના થાય છે તે આપણા સૌ માટે

અનુસંધાન પાના નં.૬

પાલનપુરમાં બે રિક્ષા વચ્ચે અકસ્માત : જાનહાની ટળી

(સંજય જોષી)

પાલનપુર

પાલનપુરમાં ટ્રાફિક પોલીસની નિષ્ક્રિયતાને પગલે રિક્ષા ચાલકો બેફામ બન્યા છે. ત્યારે આજે એસ.ટી.કોલોની પાસે બે રિક્ષાઓ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મુસાફર ઉતારવા ઉભી રહેલી રીક્ષાને પાછળથી બીજા રિક્ષા ચાલકે ટક્કર મારી હતી. જેમાં બંને રિક્ષાને નુકસાન થયું હતું. સદનસીબે જાનહાની ટળી હતી. જોકે, ટક્કર મારનાર રીક્ષા ચાલક દારૂ પીધેલો હોવાનો પેસેન્જરોએ આક્ષેપ કર્યો હતો. ત્યારે રિક્ષા ચાલકને પોલીસ સ્ટેશનને હવાલે કરાયો હતો. અકસ્માતને પગલે લોકો ટોળે વળતા ટ્રાફિક જામ થઈ ગયો હતો.

મરણના ખોટા પ્રમાણપત્રના આધારે વિમા કંપની સાથે રૂા.૯.૭૫ લાખની છેતરપીંડી

પાલનપુરના વિમા એજન્ટ સાથે મળી ષડયંત્ર ઘડ્યુ

પાલનપુર

પાલનપુરમાં વિમા એજન્ટની મદદથી એક ઈસમે પોતાનો પુત્ર મૃત્યુ પામ્યો હોઈ તેને ખોટી રીતે જીવીત બતાવી તેના નામનો વિમો ઉતરાવી બાદમાં બનાવટી મરણનું પ્રમાણપત્ર દર્શાવી વિમાકંપની સાથે રૂા. ૯,૭૫,૦૦૦ ની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવા પામી છે.

પાલનપુર ખાતે બજાજ લાઈફ ઈન્સ્યોરન્સમાં વિમા એજન્ટ તરીકે કામ કરતા એક ઈસમે કચ્છ જિલ્લાના મડાણા ગામના ભારૂભાઈ હાજાભાઈ સોલંકી સાથે મળી વિમા કંપની સાથે છેતરપીંડી આચરી હતી. જેમાં ભુરાભાઈના પુત્ર પ્રેમજીભાઈ તા. ૨૪/૧૦/૧૪ ના રોજ મરણ થયેલ હોવા છતાં તેને જીવીત બતાવી તા. ૧૬/૬/૨૦૧૫ ના રોજ તેના નામનો વિમો ઉતરાવ્યો હતો. બાદમાં તેને મરણનું તા. ૨૪/૧૦/૨૦૧૫ નું બનાવટી સર્ટીનો ખરા તરીકે ઉપયોગ કરી વિમા કંપની સાથે રૂા. ૯,૭૫,૦૦૦ ની છેતરપીંડી આચરી હતી. જે અંગે ભરતભાઈ મગનભાઈ પટેલે પાલનપુર શહેરના પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પુર સહાય નહી મળતાં થરાદ તાલુકા પંચાયતમાં ખેડૂતોનો હોબાળો

(વિષ્ણું દવે)

તાલુકાના અનેક ગામોના ખેડુતોને સહાય હજી સુધી પણ મળી નથી

(પ્રતિ.) થરાદ

થરાદ પંથકમાં ગત જુલાઈમાં આવેલ પુરની સહાય થરાદ તાલુકાના અનેક ગામોના ખેડૂતોને હજુ સુધી મળી નથી.આથી તાલુકા પંચાયતમાં સોમવારે ખેડુતોએ આવીને તેમને ક્યારે સહાય મળશેની લાગણીઓ વ્યક્ત કરી રોષે ભરાયેલા ખેડૂતો હોબાળો કર્યો હતો. થરાદ તાલુકામાં ગત જુલાઈમાં આવેલ વિનાશક પુરમાં મોટાભાગના ગામોના ખેડૂતોને પાક ધોવાણ, જમીન

અનુસંધાન પાના નં.૬

થરાદની ખોડા ચેક પોસ્ટ પાસેથી વિદેશી દારૂ ભરેલો ટર્બો ટ્રક ઝડપાયો

વિષ્ણુ દવે

રૂા.૧૪.૮૩ લાખનો વિદેશી દારૂ સાથે બેની અટકાયત

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાની ખોડા ચેક પોસ્ટ નજીક પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી એક ટર્બો ટ્રકમાંથી રૂા.૧૪,૮૩,૨૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે બે ઈસમોની અટકાયત કરી રૂા.૨૪,૨૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની બનાસકાંઠા જિલ્લામાંથી દારૂની બદી નેસ્તનાબુદ કરવાની સુચના અન્વયે તા.૮/૧/૨૦૧૮ ના રોજ ના.પો.અધિ. એ.એચ.ચૌધરી થરાદ વિભાગ સાથે કે.એસ.ચૌધરી પો.ઈન્સ થરાદ પો.સ્ટેશન તથા ખોડા ચેક પોસ્ટ ફરજ ઉપરના અ.પો.કો. અશોકભાઈ દાંનાભાઈ તથા અ.પો.કો. અશોકભાઈ ભીખાભાઈ તથા રમેશભાઈ તથા ઓખાભાઈ સાથે ખોડા ચેકપોસ્સ્ટ ઉપર બાતમી આધારે વોચ ગોઠવી હતી

જે સમયે ટ્રક નં.પી.બી. ૦૫.એફ. ૭૧૩૫ માંથી ઈંગ્લીસ દારૂની પેટી નં.૩૪૭ બોટલ કુલ નંગ.૧૧૧૮૪ કુલ

અનુસંધાન પાના નં.૬

મામલતદારની મુલાકાત વેળાએ

ધાનેરા તાલુકાના બે શાળાના ચાર શિક્ષકો ગુલ્લી મારતા ઝડપાયા

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા મામલતદારે તાલુકા વિકાસ અધિકારીને સાથે રાખી ધાનેરા તાલુકાની ત્રણ પ્રાથમીક શાળાઓની ઓચિંતી મુલાકાત લેતાં જે પૈકી બે શાળાઓના ચાર શિક્ષકો ગુલ્લી મારતા ઝડપાયા હતા.

ધાનેરા મામલતદાર ભગવાનદાસ એસ.ખરાડીએ ધાનેરા તાલુકા વિકાસ અધિકારીને સાથે રાખી ધાનેરાની ભીલવાસ, થાવર

અનુસંધાન પાના નં.૬

ડીસામાં મહિલા ATM માંથી ૫૦ હજાર ઉપડી ગયા

ડીસા

ડીસામાં રહેતી નૂરજહાં બેન નૂર મહંમદ મુસલાના ATM માંથી તા.૯/૮/૧૮ થી તા.૯/૧૨/૨૦૧૭ દરમ્યાન અલગ અલગ સમયે અને હજાર, બે હજાર મળી કુલ રૂા. ૫૦,૫૦૦ ઉપડી ગયેલ

જે બાબતે ડીસાની ગાયત્રી મંદિર પાસે આવેલ HDFC બેંકમાં તપાસ કરતા આ નાણાં

અનુસંધાન પાના નં.૬

જાહેર ચેતવણી

આથી અમો અગ્રવાલ રામરતન પુખરાજના વારસો કમળાબેન રામરતન અગ્રવાલ, મીનાબેન રામરતન અગ્રવાલ, ગૌરવ રામરતન અગ્રવાલ, રૂપકિશોર બદ્રીપ્રસાદ અગ્રવાલ, ઓમપ્રકાશ માંગીલાલ અગ્રવાલ, તમામ રહે. ડીસા મોજે ગામ રાજપુર, તા.ડીસાના રે.સ.નં. ૨૩ પૈકી - ૨ ની હે. આરે. ૧-૩૭-૬૦ ચો.મી ખેતીની પિયત જમીનનું બીનખેતી કરાવી આપવાની શરતે તેના માલીક પ્રવિણકુમાર ચુનીલાલ જોષી, રહે રાણપુર ઉ.વાસ વાળા પાસેથી રજી. બાનાખત અ.નં. ૩૨ તા. ૬/૧/૧૯૯૪ ના રોજ નોંધાવેલ છે તે બાનાખતનો અમલ કરવા સારૂ અમોએ ડીસાના મે. પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૮૯/૨૦૧૭ દાખલ કરેલ છે. સદરહું દાવાનું નિરાકરણ ન આવે ત્યાં સુધીના સદરહું જમીન અન્ય કોઈ ઈસમોએ વેચાણ, બક્ષીસ, ગીરો, ભાડાપટે કે અડાણવટે કે રજીસ્ટર બાનાખત કરવુ - કરાવા નહીં. જો આ પ્રકારનું કોઈપણ કૃત્ય કરશે તો તેની સંપુર્ણ જવાબદારી લેનારની રહેશે.

મુકામ : ડીસા
તા. ૦૪/૦૧/૨૦૧૮

રમેશ કે. અગ્રવાલ
રૂપકિશોર બી. અગ્રવાલ
ઓમપ્રકાશ માંગીલાલ અગ્રવાલ

Event Organized by:
Event Marketed by:
Industrial EXPO
Ankleshwar 2018
7th Mega Industrial Exhibition
AIA INDUSTRIAL EXPO 2018
Date: 09th to 11th, January
Venue: D. A. Anandpura Sports & Cultural Centre, GIDC., Ankleshwar - 393 002
Time: 10:00 am to 6:00 pm
Supported By :